بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-નવેમ્બર-૨૦૧૫**

મુહર્રમુલ હરામ-સફરુલ્ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૨, અંક : ૧૧, સળંગ અંક : ૧૪૩

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | નિરાશાઓનો ઈલાજ અલ્લાહ પર ભરોસો | 02 |
| 02 | મક્કા તથા મિનામાં બનેલ દુઃખદ ઘટનાઓ અને સઊદી યહૂદી મિત્રતાની દાસ્તાન ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 08 |
| 05 | હદાઈકે બખ્શિશ | 10 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 13 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 08 | કાનૂને શરીઅત | 18 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 20 |
| 11 | સુખ શાંતિમય સમાજ રચનામાં ચિશ્તી બુઝુર્ગોનો.. | 22 |
| 10 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 27 |
| 12 | જુમ્આના ખુત્બા સંબંધી જરૂરી મસાઈલ | 31 |
| 13 | ચહેરાની વિવિધ હાલતો કુર્આનની રોશનીમાં | 32 |
| 14 | દાઈશ (ISIS) અમેરિકાની નાજાઈઝ ઔલાદ ! | 36 |
| 15 | ઈમામ અહમદ રઝા અને સમકાલિન..... | 39 |
| 16 | મૌલાના મન્સૂરઅલીખાં ચલ બસે ! | 36 |
| 17 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## ઉન્કે નઝરોં કે કરમ મેં ખો ગએ

ઉમ્મતી પ્યારે નબી કે હો ગએ
ઉન્કે નઝરોં કે કરમ મેં ખો ગએ
મુસ્તફા કા યે સુહાના હૈ સફર
દેખકર જિબ્રીલ ભી દંગ હો ગએ *ઉન્કે નઝરોં કે...*
પળ્હકે કુરઆં સાહિબે ઈમાન સબ
આપકે ઔર સબકે પ્યારે હો ગએ *ઉન્કે નઝરોં કે...*
ઈસ જહાંમેં થા અંધેરા હી મગર
આપ આએ તો ઉજાલે હો ગએ *ઉન્કે નઝરોં કે...*
ખુદ ખુદાને કહ દિયા ખત્મે રુસુલ
આપ તો મહબૂબ પ્યારે હો ગએ *ઉન્કે નઝરોં કે...*
ક્યા નઝારા હૈ જો ચર્ખે ચાંદ કા
ઈક ઈશારે સે દો ટુકળે હો ગએ *ઉન્કે નઝરોં કે...*
આરઝૂ હૈ બસ મદીને કી મગર
**'નૂર'** યાદે મુસ્તફા મેં ખો ગએ *ઉન્કે નઝરોં કે...*

❑ **અઝ : "નૂર" જેતપૂરી**

# નિરાશાઓનો ઈલાજ

## અલ્લાહ પર ભરોસો

રજૂકર્તા.......
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

દુનિયાભરના મુસલમાન વર્તમાન સંજોગોમાં સખત પ્રમાણમાં અજંપો તથા બેચેનીનો શિકાર છે. દેશના તથા વિશ્વના સંજોગોના નિરીક્ષણમાં જણાય રહ્યું છે કે દરેક મુસલમાન લાચારી તથા નિઃસહાયતા પ્રદર્શિત કરતો જોવા મળે છે. વિવિધ પ્રકારના પ્રતિબંધો, આપસમાં જ લડાઈમાં પડી ચૂકેલા મુસલમાન સત્તાધારીઓ, યૂરોપની ભૂમી પર શરણાર્થી મુસલમાનોની કફોડી હાલત અને પશ્ચિમી કૌમના વૈચારિક આક્રમણો....... આ સૌ એવા બનાવો છે જે દર્દમંદોને પલ પલ બેચેન કરી રહેલ છે. એવું લાગે છે કે વર્તમાનકાળના મુસલમાનોએ આનાથી પહેલાં કદી આવા સંજોગો નહીં જોયા હોય. અલ્લાહનો શુક્ર છે કે હજી પણ મુસલમાનનો સંબંધ અક઼ીદાની રૂએ જ ભલે તૌહીદ તથા રિસાલત અને મૃત્યુ પછીના જીવન વગેરે સાથે ક઼ાયમ છે. કુર્આન તથા હદીષથી અજ્ઞાનતાના લીધે આજનો મુસલમાન પોતાને સખત ઈમ્તેહાન તથા નિઃસહાયતામાં સપડાયેલો મહેસૂસ કરી રહ્યો છે. ક્યારેક એવું વિચારે છે કે અમારી પાસે ઈલ્મ નથી, સરમાયો (સંપત્તિ) નથી, સત્તા નથી, શક્તિ નથી. તો હું સરસામાન વિનાની સ્થિતિમાં જિંદગી ગુજારનારા સર્વ મુસલમાનોનું ધ્યાન ઉમ્મીદથી ભરપુર કુર્આની આયતની તરફ કેન્દ્રિત કરવા ચાહુ છું.

હઝરત હૂદ عليه السلامની દા'વત ઠુકરાવનારા જ્યારે એમની વિરુદ્ધ સાઝિશો રચી રહ્યા હતા અને તેમની જાનના દુશ્મન બનેલા હતા તો તેમણે એઓની સાઝિશોની પરવા કર્યા વિના જે કાંઈ કહ્યું તે સૂરએ હૂદ આયત નં. ૫૬માં મૌજૂદ છે :–

**اِنِّی تَوَکَّلۡتُ عَلَی اللّٰہِ رَبِّیۡ وَرَبِّکُمۡ مَامِنۡ دَآبَّۃٍ اِلَّا**
**ھُوَاٰخِذٌۢ بِنَاصِیَتِھَا۔ اِنَّ رَبِّیۡ عَلٰی صِرَاطٍ مُّسۡتَقِیۡمٍ**

"મેં અલ્લાહ પર ભરોસો કર્યો જે મારો રબ છે અને તમારો રબ છે. કોઈ ચાલવાવાળો નથી જેની ચોટલી તેની કુદરતના કબજા હેઠળ ન હોય, બેશક ! મારો રબ સીધા રસ્તા પર મળે છે."

આક઼ાએ કરીમ ﷺ પર જ્યારે દા'વતો તબ્લીગના બદલામાં કાંઈક વાક્યો (અવનવા શબ્દો) બોલાવા લાગ્યાં અને આપની મજાક ઉડાડવામાં આવી, તે સમયે પણ અમુક પવિત્ર હસ્તીઓ સિવાય હુઝૂર ﷺની સાથે કોઈ ન હતું. તો રબ્બે ક઼દીર عزوجلએ ઈર્શાદ ફર્માવ્યો :–

**قُلۡ حَسۡبِیَ اللّٰہُ عَلَیۡہِ یَتَوَکَّلُ الۡمُتَوَکِّلُوۡنَ** "તમો ફર્માવો ! અલ્લાહ મને બસ (પૂરતો) છે, ભરોસાવાળા એના પર ભરોસો કરે." *(સૂરએ ઝુમર, આ. ૩૮)*

એ જ પ્રમાણે મો'મિનની શાન આ રીતે વર્ણન કરવામાં આવી છે :–

"જેમણે સબ્રનું પ્રદર્શન કર્યું અને પોતાના રબ પર ભરોસો રાખે છે." *(નહ્લ–૪૨)* તવક્કુલ શબ્દ અસલ વક઼ાલતથી નીકળેલ છે, એટલે કોઈ એવા વકીલની પસંદગી કરવામાં આવે જેના પર ભરોસો કરવામાં આવી શકે. ઈસ્લામની ઈસ્તેલાહ (બોલી)માં તવક્કુલનો ભાવાર્થ એ જ છે કે અલ્લાહ તઆલાને પોતાનો વકીલ અથવા પોતાનો કારસાઝ (કામો બનાવનાર) બનાવવામાં આવે, એના પર સંપૂર્ણપણે ભરોસો કરવામાં આવે અને દરેક મામલામાં પરિણામની ઉમ્મીદ એનાથી રાખવામાં આવે.

હઝરત ઉમર બિન ખત્તાબ رضي الله عنهથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું, આપ ઈર્શાદ ફર્માવતા હતા કે, "જો તમે લોકો અલ્લાહ પર એવો તવક્કુલ અને ભરોસો કરો જેવો કે એના પર તવક્કુલ કરવાનો હક્ક઼ છે, તો તમને તે એ રીતે રોજી આપશે જેવી રીતે કે પક્ષીઓને આપે છે. તેઓ સવારમાં ભૂખ્યાં પોતાના માળાએથી નીકળે છે અને સાંજે પેટ ભરીને પરત આવે છે. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

વધુ પેજ નં. ૧૯....પર

# મક્કા તથા મિનામાં બનેલ દુઃખદ ઘટનાઓ

# અને સઊદી યહૂદી મિત્રતાની દાસ્તાન !

તંત્રી લેખ

હિજાઝ મુકદ્દસ (મક્કા–મદીના)માં આજ સુધી જેટલી ઘટનાઓ બની તેને આકસ્મિક અને અલ્લાહની મરજી કહીને ભૂલાવી દેવામાં આવી. પણ હવે મિડિયા ઘરના અંદરની વાતો બહાર કાઢી લાવે છે જેથી સઊદી ગવર્નમેન્ટ હવે કોઈ રીતે છટકી શકે તેમ નથી. હજ્જ–૨૦૧૫ દરમ્યાન ત્રણ અફસોસનાક ઘટનાઓ ઘટી. **પ્રથમ** : ૧૧ સપ્ટેમ્બર–૨૦૧૫એ બિન લાદેનનો ક્રેઈન ગબડી પડયો અને હરમ શરીફમાં સેંકડો જીવો શહીદ થયા અને કેટલાયે લોકો ઘાયલ થયા, અપંગ થયા !



**બીજો** : મક્કા શરીફની હોટલમાં આગ લાગવાનો બનાવ બન્યો, અને **ત્રીજો** બનાવ એવો દર્દનાક પેશ આવ્યો કે જેને જોઈને દરેક આંખ તર થઈ ગઈ. મિનામાં શૈતાનને કાંકરી મારતી વખતે ૧૦ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૬ના રોજ ભાગદોડ મચી ગઈ અને સેંકડો નહીં બલ્કે સાતથી આઠ હજાર લોકો ચગદાઈ મર્યા તથા એટલા કે એથી વધુ ઘાયલ થયા, અપંગ બન્યા. સઊદી મિડિયાના લાખ છુપાવવા છતાં સત્ય બહાર આવીને જ રહ્યું. વિશ્વ મીડિયાએ વિગતો ખોળી કાઢીને જગત સમક્ષ રાખી દીધી છે. સ્થળ પરના વીડીઓ તથા તસ્વીરોએ સઊદી સત્તાના આયોજનની કચાશ તથા મિસ મેનેજમેન્ટને ઉઘાડુ પાડી દીધું છે. સોશિયલ મીડિયા મિનાની કરૂણ ઘટનાની પર્દા પાછળની તથા બનાવ પછીની તસ્વીરોથી ભરેલો પડેલ છે. સઊદી ગવર્નમેન્ટ ખસીયાણી પડી ગયેલ છે અને પોતાના કર્મચારીઓને હુકમ આપી દીધો છે કે મિનામાં શૈતાનને કાંકરી મારવા દરમ્યાન સી.સી.ટી.વી. કેમેરા વડે બનાવવામાં આવેલ બધા જ ફૂટેજને ગુપ્ત સ્થળે આવેલ ટોપ સિક્રેટ ડેટા સેન્ટરમાં છુપાવી દેવામાં આવે ! મિનાની દુઃખદ ઘટનાનાં અસલી કારણોને છુપાવવાની કોશિશ કરવામાં આવી રહી છે અને તમામ જિમ્મેદારી શહીદ





થનારાઓ પર નાખવામાં આવી રહી છે કે આ બનાવ હાજીઓની અધિરાઈ અને ભાગદોડ કરવાને લીધે બન્યો.



હજ્જ દરમ્યાન વરસોથી આવા દુ:ખદ બનાવો બનતા રહે છે અને સૌની જિમ્મેદારી હાજીઓ પર નાખવામાં આવે છે. હજ્જ ઉમરાની મોંઘી ફી વસૂલવામાં આવે છે પણ ગૈરવ્યવસ્થાનું પ્રદર્શન જિદ્દા એરપોર્ટથી લઈને મિના સુધી જોવામાં આવે છે. શહીદો તથા ઘાયલોની સાચી સંખ્યા પણ છુપાવવામાં આવી રહી છે. ઈન્તેકાલ કરનારાઓમાં ઈરાનીઓની પણ ઘણી સંખ્યા મૌજૂદ છે તો ઈરાનના ડરથી સઊદી ગવર્નમેન્ટે તેમની લાશો ઠેઠ ઈરાન સુધી પહોંચાડી આપી ! બીજા કોઈ દેશના મૃતકોને પહોંચાડવાની વાત પણ નથી કરવામાં આવી.

### ★ શૈતાનને કાંકરી મારવા રાજાપુત્રને VIP સગવડો ?! ★

સઊદી રાજાઓની ઐયાશી તથા બદ્તમીઝીના લીધે મિનાનો આ કરૂણ બનાવ અસ્તિત્વ પામ્યો ને હજારો જાનો ગઈ. વિવિધ અરબ અખ્બારોમાં આવી ચૂક્યું છે કે સઊદી અરબનો નાયબ રાષ્ટ્ર પ્રમુખ તથા સંરક્ષણ પ્રધાન, સઊદી રાજાના પુત્ર મુહમ્મદ બિન સલ્માન આલે સઊદના કાફલાના કારણે લાખો હાજીઓમાં ભય વ્યાપી ગયો અને ભાગદોડ મચી ગઈ. રાજા પુત્ર ગાડીમાં બેસી કાંકરીઓ મારતો જોવા મળે છે અને સાથે સિક્યૂરીટી સ્ટાફની સંખ્યા ૩૫૦ જેટલી દર્શાવવામાં આવે છે ! હજ્જ જેવી પવિત્ર ઈબાદતમાં વી.આઈ.પી. સર્વિસ (શું આ બિદઅત નથી ?!) અને તેણે ભોગ લીધો હજારો હાજીઓનો ! છે કોઈ આ જાલિમ સત્તાધારીઓને પૂછનાર ! જ્યારે આ જાલિમોનો કાફલો મિનામાં કાંકરીઓ મારવા માટે તે સ્થળ તરફ આગળ વધ્યો તો સામેની બાજુથી એ જ રુકનની અદાયગી માટે આવી રહેલા લાખો હાજીઓમાં ગભરાટ ફેલાઈ ગયો અને આમ તેમ નીકળવાની કોશિશમાં ભાગદોડ મચી ગઈ. સખ્ત ગરમી અને આ ગભરાહટમાં જ્યારે અમુક હાજીઓ આપસમાં ટકરાયા તો પછી ઉપરા છાપરી પડવા લાગ્યા, કચડાવા લાગ્યા. ઈરાને માગણી કરી છે કે જમરાઓ તરફ જવા માટેના બે રસ્તાઓને બંધ કરવાનું અસલ કારણ જાહેર કરવામાં આવે અને આ વ્યવસ્થાની જિમ્મેદારી સઊદી વ્યવસ્થા તંત્ર કબૂલ કરે. તેમજ સઊદી અધિકારીઓ સામે ગુનાહિત કાર્યવાહી બદલ આંતરરાષ્ટ્રીય કોર્ટમાં ખટલો ચલાવવામાં આવે.

આપણે આ ઘટનામાં મુત્યુ પામનાર સર્વ ઈમાનવાળાઓની મગફિરતની તથા દરજાતની બુલંદીની દુઆ કરીએ છીએ તેમજ તેમનાં કુટુંબીજનોને રબ તઆલા સબ્રે જમીલ તથા નેક અજ્ર આપે એવી દુઆ ગુજારીએ છીએ. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

### ★ સઊદી યહૂદી મિત્રતા જ ઈસ્લામી જગતની તબાહીનો સબબ ! ★

હરમના લૂટારા સઊદી નજદી પોતાને ''ખાદિમુલ હરમૈન'' તરીકે દર્શાવી જગતભરના મુસલમાનોને ધોકો આપી રહ્યા છે. એમનો દામન ઈસ્લામ દુશ્મનીમાં તથા મુસલમાનોની તબાહી રૂપે થતી ધૃણાસ્પદ

હરકતોથી ખરડાયેલો છે. તેમણે હાજીઓની સંખ્યામાં એકદમ વધારો કર્યો અને હવે જગ્યાની કમીના નામ પર પૂરાણી ઈસ્લામી નિશાનીઓ તથા પવિત્ર યાદગાર તા'ઝીમને પાત્ર જગાઓને તોડી પાડવાની ગલતી કરી છે. ઐતિહાસિક ઈસ્લામી ઈમારતોને જમીનદોસ્ત કરવાનો જે ઐતિહાસિક જુર્મ કર્યો છે અને ઈઝરાઈલી અમેરિકી ઈસાઈ તથા યહૂદી કંપનીઓને જગાઓ એલોટ કરી છે, તેમને મોટા મોટા મોલ, દુકાનો તથા ઈમારતો ભાડે આપી છે અને હદ તો એ છે કે હરમ શરીફની હદની અંદર તે ઈસ્લામી દુશ્મન તત્વોને વ્યાપારિક રીતે પનાહ આપી છે કે જેમના બારામાં હદીષ મશ્હૂર છે કે, "યહૂદ તથા નસારાને અરબ દ્વિપથી કાઢી નાખો." હરમની હદની બહાર બોર્ડ લાગેલું છે કે, "કેવળ મુસલમાનો માટે", તો શું યહૂદી ઈસાઈ મુસલમાન છે ? અને શું મુસ્લિમ દેશોમાં કન્સ્ટ્રકશન કંપનીઓ અને બાંધકામના કારીગર નથી કે બિન લાદેન સહીત સર્વ કન્સ્ટ્રકશન યોજનાઓના કોન્ટ્રાકટ યહૂદી તથા ઈસાઈને સઊદી ગવર્નમેન્ટે આપી રાખ્યા છે ? અમેરિકા તથા ઈઝરાઈલની યહૂદી તથા ઈસાઈ કંપનીઓથી અરબ કંપની બિન લાદેન ગૃપની મક્બૂલિયત ન જોઈ શકાઈ તો તેમણે હરમ શરીફમાં હાલમાં ક્રેઈન પડવાની ઘટનાને તેની લાપરવાહીનું પરિણામ ઠરાવીને સખ્ત તપાસની કાર્યવાહી કરવા સૂચવ્યું. એ સહીહ કે આવા બનાવની જાંચ તપાસ થવી જ જોઈએ, પણ એના પાછળ જે ખતરનાક બુરી વિચારધારા કાર્યરત છે તે એ છે કે અરબ ગવર્નમેન્ટ અરબ કંપનીઓ પર પાબંદી લગાડી દે અને સર્વ ટેન્ડરો યૂરોપી કંપનીઓને મળી જાય.

વળી યહૂદીઓના જુલ્મથી પરેશાન પેલેસ્ટાઈની મુસલમાનો જેઓને રોટી, કપડાં તથા મકાનની જરૂર છે તેવા નાગા ભૂખ્યા પેલેસ્ટાઈનીઓને મફત હજ્જ કરાવી પોતાની સહાનુભૂતિનો પોતે સઊદી ડંકો વગાડવા ચાહે છે પણ તેમની જે પાયાની જરૂરત છે કે સલામતી તથા સુકૂનવાળુ જીવન મળે જેથી તેમના માટે રહેઠાણ તથા તા'લીમી તથા આર્થિક ભલાઈનું કામ કરવામાં આવે જે સઊદી કરી શકે છે. જેવી રીતે અમેરિકા તથા બ્રિટન વગેરેના ઈસાઈ તથા યહૂદીઓ પેલેસ્ટાઈનની ભૂમી પર જ યહૂદીઓ માટે ઈમારતો બનાવીને તેમને વસાવી રહ્યા છે તેવું જ કામ પેલેસ્ટાઈનીઓ માટે પણ સઊદી કરી શકે છે, અને એવું કરે તો જ સાચી હમદર્દી ગણાય. પણ **સઊદી** એવું નહીં જ કરે ! કેમ કે એ **પોતે જ યહૂદી મિશનનો હિસ્સો બનેલું છે.** એ પણ જાણી લો કે જે કામ તેમણે હરમ શરીફના વિસ્તરણના નામે અત્યારે તથા હરમૈન શરીફૈન પર સઊદી નજદીએ ઉષ્માની તુર્કી હુકૂમત પાસેથી અંગ્રેજોના સહારે કબજો લઈને કર્યું હતું કે જન્નતુલ માલા તથા જન્નતુલ બક્રીઅની ક્બ્રો મઝારોને શિર્ક ! શિર્ક ! કહીને તોડી પાડેલાં તથા યાદગાર પવિત્ર મસ્જિદોને તોડી પાડેલી, અને હાલમાં પણ તા'ઝીમને પાત્ર પવિત્ર ઐતિહાસિક યાદગારો તોડી પાડી છે, એને જોતાં એનામાં અને દાઈશ (ISIS) બંનેમાં કોઈ ખાસ ફરક જોવા મળતો નથી.

એ સારી વાત છે કે સઊદી અરબના હરમના વ્યવસ્થા તંત્રએ હાજીઓની સહૂલત માટે સારા એવાં કામો કર્યાં છે પણ સાથોસાથ એમની નિય્યત પણ જાહેર થવી જોઈએ કે અત્યાર સુધીની સર્વ બાંધકામની કાર્યવાહીઓ તથા આયોજનોને જોતાં એ જ પરિણામ સામે આવે છે કે સઊદી વહાબીનો ખયાલ એ છે કે સુન્ની ઉષ્માની તુર્કી હુકૂમત અગાઉ ૬૦૦ વરસથી જે હતી તે તુર્કી મુસલમાનો તથા ઉષ્માની સુન્ની સુલ્તાનોની તે સર્વ નિશાનીઓ તથા પવિત્ર તા'ઝીમ પાત્ર યાદગારોને નષ્ટ કરી દેવામાં આવે જેને જોઈને મુસલમાનોમાં ઈમાની ઉષ્મા તથા જોશ પેદા થાય છે અને ઈસ્લામી ઈતિહાસની તે બરકતવંતી યાદગારોને મિટાવી દેવામાં આવે જેની નિસ્બતમાં સુન્ની મુસલમાન જાનો નિછાવર કરવાની ક્સમો ખાય છે, અને કોઈ પૂરાણી નિશાની બાકી ન રહે ચાહે તે નબી પાક ﷺની વિલાદતની જગા હોય કે અન્ય, જેથી સંપૂર્ણ હરમૈન શરીફૈનનો નઝારો કેવળ અને કેવળ સઊદી વહાબી હુકૂમતના ઈતિહાસનો હિસ્સો બનીને રહી જાય. (અલ્લાહની પનાહ !)

કાર્યાલય

કુર્આને પાકની તફ્સીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફ્સીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

یَسْــٴَـلُوْنَكَ عَنِ الْاَهِلَّةِؕ قُلْ هِیَ
مَوَاقِیْتُ لِلنَّاسِ وَ الْحَجِّؕ وَ لَیْسَ الْبِرُّ بِاَنْ تَاْتُوا
الْبُیُوْتَ مِنْ ظُهُوْرِهَا وَ لٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقٰیۚ وَ اْتُوا
الْبُیُوْتَ مِنْ اَبْوَابِهَا۪ وَ اتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۱۸۹﴾
وَ قَاتِلُوْا فِیْ سَبِیْلِ اللّٰهِ الَّذِیْنَ یُقَاتِلُوْنَكُمْ وَ لَا
تَعْتَدُوْاؕ اِنَّ اللّٰهَ لَا یُحِبُّ الْمُعْتَدِیْنَ ﴿۱۹۰﴾ وَ اقْتُلُوْهُمْ
حَیْثُ ثَقِفْتُمُوْهُمْ وَ اَخْرِجُوْهُمْ مِّنْ حَیْثُ اَخْرَجُوْكُمْ
وَ الْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِۚ وَ لَا تُقٰتِلُوْهُمْ عِنْدَ
الْمَسْجِدِ الْحَرَامِ حَتّٰی یُقٰتِلُوْكُمْ فِیْهِۚ فَاِنْ قٰتَلُوْكُمْ
فَاقْتُلُوْهُمْؕ كَذٰلِكَ جَزَآءُ الْكٰفِرِیْنَ ﴿۱۹۱﴾ فَاِنِ انْتَهَوْا
فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِیْمٌ ﴿۱۹۲﴾ وَ قٰتِلُوْهُمْ حَتّٰی لَا تَكُوْنَ
فِتْنَةٌ وَّ یَكُوْنَ الدِّیْنُ لِلّٰهِؕ فَاِنِ انْتَهَوْا فَلَا
عُدْوَانَ اِلَّا عَلَی الظّٰلِمِیْنَ ﴿۱۹۳﴾

તમને નવા ચાંદ વિશે પૂછે છે[૯૦] તમે ફર્માવી દો તે સમયની નિશાનીઓ છે લોકો અને હજ માટે[૯૧] અને એ કંઈ ભલાઈ નથી[૯૨] કે ઘરોમાં પછવાડેથી પ્રવેશો. હા, ભલાઈ તો પરહેઝગારીમાં છે અને ઘરોમાં દરવાજાઓમાંથી આવો[૯૩] અને અલ્લાહથી બીતા રહો એ આશાએ કે સફળતા મેળવો (૧૮૯) અને અલ્લાહના માર્ગમાં લડો,[૯૪] તેમનાથી જે તમારાથી લડે છે[૯૫] અને હદથી ન વધો[૯૬] અલ્લાહ પસંદ નથી રાખતો હદથી વધનારાઓને (૧૯૦) અને કાફિરોને જ્યાં દેખો ત્યાં મારો[૯૭] અને તેમને કાઢી મૂકો[૯૮] જ્યાંથી તેઓએ તમને કાઢી મૂક્યા હતા[૯૯] અને એમનો ફસાદ (હુલ્લડ) તે કતલથી પણ સખ્ત છે[૧૦૦] અને મસ્જિદે હરામ પાસે એમનાથી ન લડો જ્યાં સુધી તેઓ તમારાથી ત્યાં ન લડે[૧૦૧] અને જો તમારામાંથી લડે તો એમને કત્લ કરો[૧૦૨] કાફિરોની આ જ સજા છે. (૧૯૧) પછી જો તેઓ રોકાઈ જાય[૧૦૩] તો બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે. (૧૯૨) અને એમનાથી લડો એટલે સુધી કે કોઈ ફિત્નો ન રહે અને એક અલ્લાહની પૂજા થાય, પછી જો તેઓ રોકાઈ જાય[૧૦૪] તો વધારાનાં પગલાં નથી પણ જાલિમો પર. (૧૯૩)

## :: સમજૂતી ::

**૯૦. શાને નુઝૂલ** : આ આયત હઝરત મુઆઝ બિન જબલ અને ષઅલબા બિન ગ઼નમ અન્સારીના જવાબમાં ઉતરી, એ બન્નેએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ ચાંદની શું હાલત છે ? શરૂઆતમાં નીકળે છે ત્યારે ઘણો બારિક હોય છે, પછી રોજ રોજ વધતો ચાલે છે, એટલે સુધી કે પૂરેપૂરો પ્રકાશિત થઈ જાય છે. પછી ઘટવા માંડે છે અને એટલે સુધી ઘટે છે કે પહેલાંની જેમ બારિક થઈ જાય છે. તે એક સ્થિતિ પર નથી રહેતો. આ પ્રશ્નનો હેતુ ચંદ્રના વધવા ઘટવાનાં રહસ્યો જાણવાનો હતો, અમુક તફસીરકારોનું કહેવું છે કે પ્રશ્નનો હેતુ ચંદ્રની જુદી જુદી હાલતોનું કારણ જાણવાનો હતો.

**૯૧.** ચંદ્રના વધવા ઘટવાના ફાયદાઓ વર્ણવ્યા, કે તે સમયની નિશાનીઓ છે, અને મનુષ્યનાં હજારો દીની અને દુનિયવી કાર્યો એની સાથે સંબંધિત છે. ખેતી, વેપાર, લેણદેણની બાબતો, રોઝા અને ઈદના સમયો, સ્ત્રીઓની ઈદ્દતો, હયઝના દિવસોની ગણત્રી. હમલ અને દૂધ પીવડાવવાના દિવસોની મુદ્દતો, દૂધ છોડાવવાના સમયો, અને હજ્જના સમયો એનાથી માલૂમ પડે છે, કારણ કે પ્રથમ જ્યારે ચંદ્ર બારિક હોય છે ત્યારે લોકો સમજી લે છે કે શરૂઆતના દિવસો છે, પછી જ્યારે ચંદ્ર પૂરો પ્રકાશિત હોય છે, ત્યારે સમજી જાય છે કે આ મહિનાના વચલા દિવસો છે. અને જ્યારે ચંદ્ર અસ્ત થઈ જાય છે ત્યારે ખબર પડે છે કે મહિનો પૂરો થવામાં છે, એવી જ રીતે એના વચલા ગાળાઓ માટે પણ ચંદ્રની હાલત જણાવતી રહે છે, પછી મહીનાઓથી વર્ષનો હિસાબ થાય છે, આ તે કુદરતી પંચાંગ છે જે આકાશના પેજ પર હમેશાં ખુલ્લુ રહે છે. અને દરેક દેશ તેમજ ભાષાના લોકો ભણેલા અને અભણ બધા જ એનાથી પોતાનો હિસાબ બેસાડી લે છે.

**૯૨. શાને નૂઝુલ** : જહાલતના સમયમાં લોકોની આદત એવી હતી કે જ્યારે તેઓ હજ માટે એહરામ બાંધતા ત્યારે તેઓ કોઈ પણ મકાનમાં તેના દરવાજામાંથી પ્રવેશતા નહીં, જો ઘરમાં જવાની જરૂર ઉભી થતી તો પછવાડો તોડીને દાખલ થતા, અને એને નેકી જાણતા હતા, તેના વિષે આ આયત ઉતરી.

**૯૩.** એહરામની સ્થિતિમાં હોય કે એહરામની હાલતમાં ન હોય.

**૯૪.** હિ.સ. ૬ જેમાં હુદૈબિયહનો બનાવ બન્યો. તે વર્ષે હુઝૂર ﷺ મદીના મુનવ્વરાથી મક્કા શરીફ ઉમરો કરવાના ઈરાદે રવાના થયા, મુશ્રિકોએ હુઝૂરને મક્કામાં પ્રવેશ કરવાથી રોકયા, ત્યારે સુલેહ થઈ કે આપ આગામી વર્ષે આવો, ત્યારે ત્રણ દિવસ સુધી મક્કા શરીફ તમારા માટે ખાલી કરી દેવામાં આવશે, પછી હુઝૂર ﷺ હિ.સ. ૭માં ઉમરો કઝા કરવા માટે પધાર્યા, હવે હુઝૂર ﷺ સાથે ૧૪૦૦ માણસો હતા, મુસલમાનોને એવો વહેમ હતો કે, કાફિરો વાયદા મુજબ વર્તન નહીં કરે અને હરમ શરીફમાં હરામ મહિના (ઝીલ્કઅદ)માં લડાઈ કરશે અને મુસલમાનો એહરામની હાલતમાં છે જે હાલતમાં લડાઈ કરવી અયોગ્ય છે. કારણ કે જહાલતના સમયથી ઈસ્લામના ઉદય સુધી ન તો હરમ શરીફમાં લડાઈ કરવી જાઈઝ હતી ન હરામ મહિનાઓમાં અને ન એહરામની હાલતમાં.

**૯૫.** આનો અર્થ ક્યાં તો એ છે કે જે કાફિરો તમારાથી લડે અથવા લડાઈની શરૂઆત કરે તમે તેમની સાથે ધર્મની લાગણી અને ઈજ્જત ખાતર લડો. આ હુકમ ઈસ્લામની શરૂઆતમાં હતો, પછી મન્સૂખ થઈ ગયો અને કાફિરો સાથે જંગ કરવું વાજિબ થઈ ગયું, તે શરૂઆત કરે કે ન કરે.

અથવા એ અર્થ છે કે જે તમારી સાથે લડવાનો ઈરાદો કરે છે, આ વાત બધા જ કાફિરોમાં છે, કારણ કે તે બધા જ દીનના વિરોધી અને મુસલમાનોના શત્રુ છે, ભલે પછી તેઓએ કોઈ કારણસર યુદ્ધ ન કર્યું હોય, પણ જો ફાવટ આવે તો ચૂકે નહીં.

અથવા આ અર્થ પણ થઈ શકે છે કે જે કાફિર તમારી સામે યુદ્ધના મેદાનમાં આવે અને તમારી સાથે લડનાર હોય તેની સાથે લડો. આ રીતે અશક્ત, વૃધ્ધ, બાળકો, પાગલો, લંગડાઓ, અંધ, બીમાર, સ્ત્રીઓ વિગેરે જે યુદ્ધ કરવાની શક્તિ વધુ પેજ નં. ૧૪ પર

**હદીષ** : *(ત્રીજો વિભાગ) હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જુનુબી થતા, પછી સૂઈ જતા પછી જાગતા[૧]. પછી સૂઈ જતા. (અહમદ)*

*શુઅબા رضی اللہ عنہ થી[૨] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما જ્યારે નાપાકીથી ગુસ્લ કરી લેતા તો જમણા હાથ વડે ડાબા હાથ પર સાત વાર પાણી નાખતા[૩]. પછી ઈસ્તિન્જા કરતા. એકવાર ભૂલી ગયા કે કેટલી વાર પાણી નાખ્યું છે. મને પૂછયું તો મેં કહ્યું કે મને ખબર નથી. ફર્માવ્યું, તમારી મા ન રહે ! તમને કઈ ચીજે જાણવાથી રોક્યા ?![૪] પછી નમાઝ જેવું વુઝૂ કરતા પછી પોતાના શરીર પર પાણી વહાવતા. પછી ફર્માવતા કે રસૂલુલ્લાહ ﷺ આ જ પ્રમાણે તહારત કરતા હતા[૫]. (અબૂ દાઊદ)*

*હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ થી[૬] રિવાયત છે, ફર્માવે છે કે એક દિવસ રસૂલુલ્લાહ ﷺએ પોતાની બીવીઓ પર દૌરો ફર્માવ્યો. આની પાસે પણ ગુસ્લ કર્યું અને તેની પાસે પણ ગુસ્લ કરે છે. જેથી મેં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપ છેવટમાં એક જ ગુસ્લ કેમ નથી કરી લેતા. ફર્માવ્યું કે આ ખૂબ જ પસંદીદા અને ખૂબ જ સાફ (સ્વચ્છ) છે[૭]. (અહમદ, અબૂ દાઊદ)*

*હઝરત હકમ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી[૮] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ મના ફર્માવ્યું એનાથી કે પુરૂષ સ્ત્રીના તહારત (વુઝૂ કે ગુસ્લ)ના વધેલા પાણી વડે વુઝૂ કરે[૯]. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ એ બંનેવથી વધારો કર્યો, ફર્માવ્યું કે સ્ત્રીના એઠા વડે. અને ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે.*

*હુમૈદ હુમૈરી رضی اللہ عنہ થી[૧૦] રિવાયત છે. ફર્માવે છે કે હું તે શખ્સને મળ્યો જે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની જેમ નબી ﷺની સોહબતમાં ચાર વરસ રહ્યા[૧૧]. ફર્માવ્યું, મના કર્યું નબી ﷺએ એ વાતથી કે સ્ત્રી પુરૂષના વધેલાથી ગુસ્લ કરે અથવા પુરૂષ સ્ત્રીના વધેલાથી ગુસ્લ કરે[૧૨]. મસ્દૂદે એ પઢયું[૧૩] કે બંનેવ એક સાથે ખોબો લે[૧૪]. એને અબૂ દાઊદ તથા નિસાઈએ રિવાયત કર્યું અને અહમદે એના શરૂમાં એ પણ વધારો કર્યો કે હુઝૂરે મના ફર્માવ્યું એનાથી કે આપણામાંથી કોઈ દરરોજ કાંસકી કરે અથવા ગુસ્લખાનામાં પેશાબ કરે[૧૫]. અને ઈબ્ને માજહએ અબ્દુલ્લાહ ઈબ્ને સરજસથી રિવાયત કરી.*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** જનાબતની (ગુસ્લ વાજિબ હોવાની) હાલતમાં પ્રથમ વુઝૂ કરીને સૂઈ જતા, પછી જાગતા પછી બીજીવાર સૂવા માટે વુઝૂ ન કરતા. પ્રથમ વુઝૂ પૂરતુ રહેતુ. કેમ કે હુઝૂર ﷺની ઊંઘ વુઝૂ ન તોડતી. ફકીહો ફર્માવે છે કે આપણા માટે પણ એ દુરુસ્ત છે કે પ્રથમ વુઝૂ કરીને સૂઈ જઈએ, તો સૂવા માટે ફરીવાર વુઝૂ કરવાની જરૂરત નથી, પ્રથમ વુઝૂ જ પૂરતુ છે. *(અશિઅતુલ લમ્આત)*

**૨.** આપ શુઅબા ઈબ્ને દીનાર છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ છે. ઈમામ નિસાઈ ફર્માવે છે કે શુઅબા ઝઈફ છે તથા અન્ય મુહદ્દિષો એનું સમર્થન કરે છે.

**૩.** કેમ કે હાથમાં નાપાકી લાગેલી હતી અને

ઈસ્લામના પ્રારંભમાં નજાસત સાત વાર ધોવામાં આવતી હતી, પછી સાતનો હુકમ મન્સૂખ થઈ ગયો, મુસ્તહબ હોવું હજી બાકી છે. *(અઝઃ મિર્કાત)* જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમાં ત્રણવાર હાથ ધોવાનું વર્ણન છે. શક્ય છે કે આપ આ અમલ કદી કદી કરતા હોય, હમેશાં નહીં.

**૪.** "તારી મા ન રહે !" આવું પ્યારમાં પણ બોલાય છે અને ગુસ્સામાં પણ. અહીં બંનેવ સંભાવનાઓ છે. ઉસ્તાદ તથા માલિકને હક્ક઼ છે કે વિના કારણે પણ ધમકાવી દે. આ હદીષથી જાણવા મળ્યું કે શાગિર્દે પોતાના ઉસ્તાદની દરેક હાલતનો ખયાલ રાખવો જોઈએ જેથી જરૂરતના સમયે ઉસ્તાદને પણ બતાવી શકે અને લોકો સુધી પણ પહોંચાડી શકે. અહીં હાથ ધોવાની ગણત્રી મુરાદ છે.

**૫.** કદી કદી, અથવા સાતનો હુકમ મન્સૂખ થતા પહેલાં અથવા એ વખતે જ્યારે નાપાક સખત થઈને સાત વાર ધોયા વિના ન છૂટે.

**૬.** આપનું નામ અસ્લમ છે, કુન્નિયત અબૂ રાફેઅ ક઼િબ્તી છે. હુઝૂર ﷺના આઝાદ કરેલા ગુલામ છે. બદરના સિવાય તમામ ગઝવાતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. હઝરત અબ્બાસ رضی اللہ عنہના ઈસ્લામ લાવવાની ખબર હુઝૂર ﷺને તેમણે જ પહોંચાડી, અને હુઝૂર ﷺએ એ જ ખુશીમાં એમને આ'ઝાદ કર્યા. એમના વધુ હાલાત અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

**૭.** દરેક વખતે ગુસ્લના માટે અબૂ રાફેઅ જ પાણી લાવતા હશે એટલા માટે એમને અંદાઝાથી ખબર થઈ હશે કે આપ દરેક વખતે જનાબતનું ગુસ્લ કરી રહ્યા છે જેથી આવા સવાલ કર્યો. બૌદ્ધિક દષ્ટિએ આ પ્રકારની રજૂઆત અને મસ્અલો પૂછવામાં કોઈ વાંધો નથી, ન શરીઅતની રૂએ કોઈ વાંધો છે. હુઝૂર ﷺના દરેક કાર્ય થકી મસાઈલ માલૂમ પડે છે. એનાથી જાણ થઈ કે જો કેટલીક વાર સોહબત કરવામાં આવે તો દરેક વખતે નહાય લેવું સુન્નત છે. વધુ ચર્ચા આ જ પ્રકરણમાં અગાઉ વર્ણન થઈ ચૂકી છે.

**૮.** આપ સહાબી છે. ગિફારી છે. બસરામાં રહેઠાણ કર્યું. ઝિયાદે આપને પહેલાં બસરાના પછી ખુરાસાનના ગવર્નર બનાવ્યા. હિ.સ. ૫૧માં મરૂમાં આપનો ઈન્તેકાલ થયો.

**૯.** આ મનાઈ તન્ઝીહી છે. એટલા કે સ્ત્રીના ગુસ્લ કે વુઝૂથી બચેલા પાણી વડે પુરૂષનું ગુસ્લ કે વુઝૂ કરવું બેહતર નથી. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી કે હુઝૂર ﷺએ એકવાર પોતાની પત્નીઓના વધેલા પાણી વડે વુઝૂ કર્યું અને ફર્માવ્યું કે પાણી જુનુબ (નાપાક) નથી થતું, કેમ કે એ હદીષ જાઈઝ હોવાના વર્ણન માટે છે, અને આ વર્ણન મુસ્તહબ હોવા વિશે છે.

**૧૦.** આપ હુમૈદ ઈબ્ને અબ્દુર્રહમાન છે. હુમૈર ક઼બીલાના રહેવાસી છે. મહાન કક્ષાના સહાબી છે. પોતાના સમયના મહાન આલિમ હતા.

**૧૧.** એ સહાબી ક્યાં તો હકમ ઈબ્ને અમ્ર છે અથવા અબ્દુલ્લાહ ઈબ્ને સરજસ અથવા અબ્દુલ્લાહ ઈબ્ને મુગફલ છે. કેમ કે સર્વ સહાબીઓ આદિલ છે જેથી સહાબીનું નામ માલૂમ ન હોવું કાંઈ નુકસાનકર્તા નથી.

**૧૨.** આ મનાઈ પણ તન્ઝીહી છે. જો કરે તો વાંધો પણ નથી.

**૧૩.** આપનું નામ મસ્દદ (દાલના ઝબરથી) ઈબ્ને મસરહદ છે. તબેઅ તાબઈનમાંથી છે. બસરાના રહેવાસી છે. હિ.સ. ૧૨૮માં વફાત થઈ.

**૧૪.** એટલે કે જો સ્ત્રી તથા પુરૂષ એક વાણસ વડે વુઝૂ કે ગુસ્લ કરે તો આગળ પાછળ ખોબો ન લે બલ્કે એક સાથે લે જેથી એમનામાંથી કોઈ બીજાના વધેલાથી તહારત ન કરે, ભલે પછીના ખોબામાં વધેલાથી જ તહરાત થશે, પણ એ માફ છે.

**૧૫.** ગુસ્લખાનામાં પેશાબ કરવો વસવસાની બીમારી પેદા કરે છે, ખાસ કરીને જ્યારે કે પાણી નીકળવાની કોઈ નાલી વગેરે ન હોય, અને દરરોજ વાળ ઓઢવા અને માંગ કાઢવા (સેંથો પાડવા)માં ગફલત પેદા થાય છે. આ કામ કદી કદી કરવું સુન્નત છે. વાળને વિખેરાયેલા રાખવા પણ ઠીક નથી.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**પુલસે ઉતારો રાહ ગુઝરકો ખબર ન હો**
**જિબ્રીલ પર બિછાએં તો પર કો ખબર ન હો**

*(ઉતારો = પાર કરો, રાહ ગુઝર કો = રસ્તાને, પર = પાંખ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ જેવી રીતે આપના અમારા પર અગણિત એહસાનો છે તેવી રીતે એ પણ એહસાન આપની ઉમ્મત પર ફર્માવી દો કે જ્યારે ક઼યામતના વિસે આપની ઉમ્મત પુલસિરાતથી પસાર થવા લાગે તો આપની મદદ કામ આવી જાય અને ઉમ્મત એટલી સરળતાપૂર્વક એ બાલથી અધિક બારીક અને તલ્વારથી અધિક તેજ પુલ પરથી પસાર થઈ જાય કે ખુદ પુલને પણ ખબર ન પડે કે કોઈ મારા પર છે કે નહીં ! અને જ્યારે જિબ્રઈલે અમીન علیہ السلام પોતાની તમન્ના પૂરી કરવાના માટે આપની ઉમ્મતના ક઼દમોની નીચે પુલસિરાત પર પાંખો બિછાવે તો એમની પાંખોને પણ ખબર ન પડે. જેથી ન પુલનું કોઈ એહસાન અમારા પર થાય અને ન તો જિબ્રઈલ علیہ السلامના એહસાનમંદ રહીએ, અમો આપના ચાહવાવાળાઓ કેવળ આપના જ એહસાનોથી ઝુકેલા રહીએ. કેમ કે અમારા માટે તો સર્વ કાંઈ આપ જ છો. અમે જિબ્રઈલ علیہ السلامને પણ આપના થકી ઓળખ્યા છે, બલ્કે આપ ન બતાવત તો અમને ખુદાનો પણ પતો કઈ રીતે મળતો !

**કાંટા મેરે જિગરસે ગમે રોઝગાર કા**
**યૂં ખીંચ લીજિએ કે જિગર કો ખબર ન હો**

*(રોઝગાર = રોજી રોટી)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ દુનિયાનાં દુ:ખ દર્દ તથા રોજી રોટીની ચિંતાનો કાંટો મારા દિલેથી એ રીતે કાઢી હટાવી દો કે મારા દિલ તથા જિગરને એ કાંટાના નીકળવાનો એહસાસ તથા ખબર પણ ન પડે, જેથી હું એકાગ્રતા તથા સંપૂર્ણ ધ્યાનપૂર્વક આખી જિંદગી નચિંત થઈને આપના દીનના કામમાં ખોવાયેલો રહું અને એના સિવાય મારે બીજું અન્ય કોઈ કામ ન હોય.

**ફર્યાદ ઉમ્મતી જો કરે હાલે ઝારમેં**
**મુમ્કિન નહીં કે ખયરે બશર કો ખબર ન હો**

*(હાલે ઝાર = કફોડી હાલત)*

**અર્થાત :** વળી એવું કેવી રીતે થઈ શકે છે કે કોઈ આપનો મુસીબતમાં ફસાયેલ ઉમ્મતી ખુલૂસ નિય્યતની સાથે આપને પોકારે તો આપ તમામ ક઼ાઈનાત (સૃષ્ટિ)ના સરદાર થઈને પણ તેની ફરિયાદ ન સાંભળો ! જ્યારે કે આપના ગુલામોની એ શાન છે કે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ મસ્જિદે નબવીના મિમ્બર પર ઉભા રહીને સેંકડો માઈલ દૂર નહાવન્દમાં ઈસ્લામી લશ્કરની કેવળ એક શબ્દ "યા સારિયતલ્ જબલ" (હે સારિયા ! પહાડ !) બોલીને એવી મદદ ફર્માવી કે હાર, જીતમાં ફેરવાઈ ગઈ. *(મિશ્કાત, તારીખુલ ખુલફા)*

કહતી થી યહ બુરાક઼સે ઉસ્કી સુબુક રવી
યૂં જાઈએ કે ગર્દે સફર કો ખબર ન હો

(સુબુક રવી = તેજ ગતિ, ગર્દ = ધૂળ)

**અર્થાત** : મેઅરાજની રાત્રે જ્યારે આપણા આક઼ા વ મૌલા ﷺ પોતાની સવારી (બુરાક઼) પર સવાર થયા તો બુરાક઼ની ઝડપી ગતિ બુરાક઼ને કહી રહી હતી કે એવી સહૂલત તથા આરામથી ચાલજે કે રસ્તાને પણ ખબર ન પડે કે મારી ઉપર કોઈ જઈ રહ્યું છે.

ફર્માતે હૈં યહ દોનોં હૈં સરદારે દો જહાં
અય મુર્તઝા અતીક઼ો ઉમર કો ખબર ન હો

**અર્થાત** : સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ તથા સૈયદના ઉમર ફારૂક઼ رضی اللہ عنہما ની ફઝીલતમાં એક હદીષના ભાવાર્થને આ શેઅરમાં વર્ણન કરવામાં આવી રહ્યો છે કે હુઝૂર ﷺએ સૈયદના હઝરત અલી رضی اللہ عنہ ને ઈર્શાદ ફર્માવ્યો, હે અલી ! આ બંનેવ (અબૂબક્ર, ઉમર) સરદાર છે. *(સિહાહ સિત્તહ)*

ઈબ્ને માજહ શરીફની એક હદીષ કે આપ ﷺએ ફર્માવ્યું, અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما આગલા પાછલા આધેડ એટલે બુઝુર્ગ ઉમ્મતીઓના (અંબિયા સિવાય) સરદાર છે. કદાચ એટલા માટે જ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળમાં કૂફાની જામા મસ્જિદના મિમ્બર પર એલાન ફર્માવ્યું કે જે શખ્સ મને અબૂબક્ર તથા ઉમર (رضی اللہ عنہما) પર ફઝીલત આપશે તેને હું કોરડાઓની સજા આપીશ.

*બુગ્ઝ જિસ સીનેમેં હૈ સિદ્દીક઼ કા ફારૂક઼ કા–હૈ મુનાસિબ પીટને કે, હશ્ર તક પીટતા રહે !*

ઐસા ગુમા દે ઉન્કી વિલામેં ખુદા હમેં
ઢૂંઢા કરે પર અપની ખબર કો ખબર ન હો

(ગુમા દે = ગુમ કરી આપે, વિલા = મહોબ્બત, દોસ્તી)

**અર્થાત** : અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ છે કે આપ ﷺ આપણને તેમની તથા આપના સહાબાએ કિરામ, વિશેષતઃ અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما તેમજ હઝરત અલી رضی اللہ عنہની કે જે શૈખેન (અબૂબક્ર, ઉમર)ની ફઝીલતોને વર્ણન કરનારા છે, તેઓની મહોબ્બતમાં એવા ફના કરી આપે કે ખુદ આપણી ખબરને પણ ખબર ન પડે કે આપણે ક્યાં છીએ !

અવ્વલ હરમ કો રોકનેવાલોં સે છુપકે આજ
યૂં ઉઠ ચલેં કે પહલૂઓ બરકો ખબર ન હો

(બર = છાતી, પહલૂ = પાસુ)

**અર્થાત** : હરમે નબવીથી રોકવાવાળાની સાથે આજે એક ચાલ ચાલીએ છીએ અને તે એ કે આજે એ રીતે હાજર થઈએ છીએ કે રોકવાવાળાઓને તો શું ખબર પડશે, ખુદ આપણા પાસાં તથા અંગોને પણ પતો લાગશે નહીં ! અને તે હાજરી દિલની હાજરી છે કે : *બૈઠે બૈઠે મેરી હાઝરી હો ગઈ !*

તયરે હરમ હૈં યહ કહીં રિશ્તા બપા ન હોં
યૂં દેખિએ કે તારે નઝર કો ખબર ન હો

(તયરે હરમ = હરમનાં પક્ષીઓ, રિશ્તા બપા = સંબંધ જોડાય)

**અર્થાત** : ક્યાંક હરમે નબવીના પક્ષીઓ સાથે આપણી (મહોબ્બતમાં) ભાગીદારી ન પેદા થઈ જાય જેથી સરકાર ﷺના રોઝાને એટલા અદબ સાથે જુઓ કે આંખની કીકી પણ જોતી જ રહી જાય અને એને ખબર જ ન પડે કે અમે કોને જોઈ લીધેલ છે !

મહોબ્બતની નઝાકતને સમજનારાઓ જાણે છે કે આંખો ઉપર પણ ગૈરત આવી જાય છે કે મહબૂબ મારો હોય

અને આંખોને શું લાગે છે કે એનો દીદાર કરે ! અને કાન કોણ લાગે છે કે મારા મહબૂબની રાઝની વાતો સાંભળે !

*મહ઼બ્બત મઅના વ અલ્ફ઼ાઝમેં લાઈ નહીં જાતી–યહ એક ઐસી હ઼કીક઼ત હૈ જો સમજાઈ નહીં જાતી*

**અય ખારે તયબહ દેખ કે દામન ન ભીગ જાએ**
**યૂં દિલમેં આ કે દીદએ તરકો ખબર ન હો**

**અર્થાત** : હે મદીનાના કાંટા ! જો જે ક્યાંક મારી આંખ તને જોઈ ન લે અને તારા દામન પર કાંઈ છાંટો ન પડી જાય. એનો બેહતર ઉકેલ એ છે કે આંખને છોડ ! એ તારી શાનને લાયક જ નથી. (દરેકને જોતી રહે છે) આવ ! પ્યારા ! મારા દિલમાં ઉતરી જા ! જ્યાં મદીના મદીના જ સમાયેલ છે, જેથી મારી ભીની થયેલી આંખને ખબર પણ ન પડે અને મારું કામ પણ થઈ જાય.

*અર્દો સમા કહાં તેરી વુસ્અત કો પા સકે–મેરા હી દિલ હૈ વો કે જહાં તૂ સમા સકે*
*ક઼ાસિદ નહીં યહ કામ તેરા, અપની રાહ લે–ઈસકા પયામ દિલ કે સિવા કૌન પા સકે*

**અય શૌક઼ે દિલ યહ સજદા ગર ઉનકો રવા નહીં**
**અચ્છા વો સજદા કીજિયે કે સરકો ખબર ન હો**

*(રવા = જાઈઝ)*

**અર્થાત** : શરીઅતે મુહમ્મદી (ﷺ)માં અલ્લાહના સિવાય કોઈને પણ કોઈ પ્રકારનો પણ સજદો કરવો જાઈઝ નથી, વળી જો ઈબાદતનો સિજદો છે તો શિર્ક છે અને તા'ઝીમના માટે સજદો કર્યો તો હરામ છે. પરંતુ દિલનું મુશ્તાક઼ હોવું કે હુઝૂર ﷺને સજદો કરવામાં આવે, એ કેવળ ન જાઈઝ બલ્કે સહાબાએ કિરામના જઝબાતની તર્જુમાની છે, કે કેટલાયે મોક઼ાઓ પર તેમણે હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી કે જ્યારે જાનવર આપને સજદા કરે છે તો અમો કેમ ન કરીએ ?! આપ ﷺ ફર્માવે છે કે, "જો મારી શરીઅતમાં અલ્લાહના સિવાય કોઈને સજદો કરવો જાઈઝ હતો તો હું સ્ત્રીઓને હુકમ આપત કે પોતાના પતિઓને સિજદો કરે." *(કુતુબે અહાદીષ)*

પરંતુ તે સહાબીઓનું બતાવવું એ તો દર્શાવી જ રહ્યું છે કે દિલમાં શોખ તો હતો જ ! આ દિલના શોખને આ'લા હઝરત રહ઼મતુલ્લાહિ અલૈહએ આ શેઅરમાં વર્ણન કર્યો છે. હે મારા દિલના ઉમંગની ભાવનાઓ ! ભલે સરકાર ﷺને સિજદો કરવું તો આપ ﷺએ મને ફર્માવી આપ્યું છે કે અલ્લાહના સિવાય કોઈના માટે જાઈઝ નથી, ચાલો ! કાંઈ વાંધો નહીં, ન ઈબાદતનો કરો, ન તા'ઝીમનો, પણ આશિક઼ીનો સજદો કરી લો કે જેની માથાને ખબર પણ નહીં થઈ શકે ! કે જેથી ઈશ્ક઼ો અદબનો તક઼ાઝો પણ પૂરો થઈ જાય અને શરીઅત તથા દીનનો તક઼ાઝો પણ પૂર્ણ થઈ જાય. એટલે કે સાપ પણ મરી જાય અને લાઠી પણ બચી જાય. એક અન્ય જગાએ આ'લા હઝરત રહ઼મતુલ્લાહિ અલૈહએ આ ભાવાર્થ આ શબ્દોમાં રજૂ કરેલ છે :–

*પેશે નઝર વો નવબહાર, સજદે કો દિલ હૈ બેક઼રાર–રોકિયે સરકો રોકિયે ! હાં ! યહી ઈમ્તિહાન હૈ*

**ઉનકે સિવા 'રઝા' કોઈ હામી નહીં જહાં**
**ગુઝરા કરે પિસર પે પિદર કો ખબર ન હો**

*(પિસર = પુત્ર, પિદર = પિતા)*

**અર્થાત** : હે અહમદ રઝા ! તું એ કરીમ આક઼ા (ﷺ)નો ઉમ્મતી છે જે માબાપથી પણ ક્યાંક વધીને ઉમ્મતી પર મહેરબાન છે, અને એની દલીલ એ છે કે ક઼યામતના દિવસે બાપ તથા મા તો ઔલાદથી દૂર ભાગશે, અને આક઼ા ﷺ બાપની પણ શફ઼ાઅત ફર્માવશે અને બેટાની પણ ફર્માવશે. બાપને તો બેટાની પરવા નહીં હોય કે જન્નતમાં જાય કે જહન્નમમાં ! અને મુસ્તફ઼ા કરીમ ﷺને દરેકની ફિકર હશે. આ કરમ નથી તો શું છે ?!

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**


## અલ્ હય્યુ الحَیُّ

**(હકીકી જિંદગીવાળો)**

**સમજૂતી** : તે ઉદ્યમી (ઘણો જ કામ કરવાવાળો) પૂરેપૂરો જ્ઞાન તથા સમજવાવાળો છે. જેનું કોઈ ઈદરાક (પહોંચ) અને કોઈ સમજ ન હોય તે ઝિંદા નથી પરંતુ મુર્દા છે. ઈદરાક તથા સમજનો નાનામાં નાનો દરજો એ છે કે તેને પોતાની સમજ તથા ઈદરાક હોય. જેને પોતાની ઝાતની બુધ્ધિ તથા સમજ ન હોય તે પથ્થરોમાંથી છે. મુકમ્મલ ઝિંદા (હય્ય) તે છે જેના ઈદરાક તથા સમજથી સૃષ્ટિની કોઈ પણ વસ્તુ બહાર ન હોય. આ સિફત અલ્લાહ તઆલાની જ છે જે હમેશાંથી છે અને હમેશાં રહેશે. મૌત અને ફના થવાની અયબથી પાક અને ઘણો જ બુલંદ છે.

**દર્સ તથા સબક** : આ મુબારક હય્ય નામથી બંદાનો હિસ્સો એ હોવો જોઈએ કે તે શહાદતનો દરજો હાંસલ કરવાની કોશિશ કરે. શોહદાએ કિરામ ઝિંદા જાવેદ હોય છે જેમને જન્નતથી રોજી મળે છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : મુબારક નામ الحَیُّ **'અલ્ હય્યુ'**ના ઝિક્રથી દરેક વસ્તુમાં જિંદગીનો સબૂત મજબૂત થાય છે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે નીચે જણાવેલ કલેમાતને જે ત્રણ લાખ વાર પઢશે કદીયે બીમાર નહીં થાય : **يَا حَيُّ حِينَ لَا حَيَّ فِي دَيْمُومِيَّةِ مُلْكِهِ وَ بَقَائِهِ "યા હય્યુ હીન લા હય્ય ફી દૈમૂ મિય્યતિ મુલ્કિહિ વબકાઈહિ."** જે શખ્સ આ કલેમાતને ચીનીના પ્લેટમાં મુશ્ક અને ગુલાબના પાણીથી લખે અને ખાંડ તથા પાણીથી ગોળીને ત્રણ દિવસ તેને પીશે તો શિફાયાબ થશે.

## અલ્ કૈયૂમ القَیُّومُ

**(પોતે કાઈમ તથા બીજાઓને કાઈમ રાખનાર)**

**સમજૂતી** : હઝરત કતાદહ આ નામનો ભાવાર્થ આ પ્રમાણે વર્ણન કરે છે કે તે હસ્તી જે કાએનાતની દરેક ચીજને પૈદા કરવાની, તેમની વૃધ્ધિ તથા વિકાસની તદબીર (હિકમત) ફર્માવે છે. તે કાઈમ બઝાતેહી (આપમેળે કાઈમ) છે. દરેક ચીજનું વજૂદ અને દરેક વજૂદની હમેશગી તથા બકા તેનાથી જ છે. તેની કાયમી તથા હમેશગીનો કોન્ટેક્ટ દરેક ચીજથી સર્વ ટાઈમ બરાબર અને એક જેવો જ છે. તેને ઊંઘ નથી આવતી કે તે સમયે તેની કૈયૂમિયતનો તઅલ્લુક કમજોર થઈ જાય કે તૂટી જાય.

**દર્સ તથા સબક** : બંદાના માટે મુબારક નામ القَیُّومُ **'અલ્ કૈયૂમ'**માં સબક એ છે કે જ્યાં સુધી શક્ય હોય તે અલ્લાહ સિવાયથી બેનિયાઝ રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **يَا قَيُّومُ فَلَا يَفُوتُهُ شَيْءٌ مِنْ عِلْمِهِ "યા કૈયૂમુ ફલા**

**યફૂતુહુ શયઊન મિન્ ઈલ્મિહિ."** પઢી જે શખ્સ પોતાના ઘરમાં દાખલ થશે તે દરેક પ્રકારની પરેશાની તથા તકલીફથી મેહફૂઝ રહેશે. કમજોર દિમાગ તથા કમજોર યાદશક્તિવાળો દરરોજ એકાંતમાં ૧૬ વાર એને પઢશે તો અલ્લાહ તેને ભૂલવાની બીમારીથી સલામત રાખશે, યાદ શક્તિને મજબૂત કરશે અને તેના દિલને રોશન ફર્માવશે. જો કોઈ શખ્સ સુબ્હ સાદિક્થી સૂર્યાદય સુધી يَا حَيُّ يَا قَيُّومُ **"યા હ્ય્યુ યા કૈયૂમુ"**નું ઝિક્ર કરશે તે બેહિસાબ ભલાઈ તથા તૌફીક્ હાંસલ કરશે. રિસાલાએ કુશૈરિયામાં હઝરત અબૂ અલી કતામીથી નકલ છે, તેમણે ફર્માવ્યું કે હું સપનામાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારતથી મુશર્રફ થયો. મેં વિનંતિ કરી, હુઝૂર ! ﷺ દુઆ ફર્માવો કે અલ્લાહ મારા દિલને મુર્દા ન કરે. હુઝૂરે ફર્માવ્યું, **જો તું ચાહે છે કે તારુ દિલ હમેશાં ઝિંદા રહે, કદાપિ મુર્દા ન થાય** તો દરરોજ ચાલીસ ૪૦ વખત يَا حَيُّ يَا قَيُّومُ لَا إِلٰهَ إِلَّا أَنْتَ **"યા હૈયુ યા કૈયૂમુ લાઈલાહ ઈલ્લા અન્ત"** પઢયા કર. સુબ્હાનલ્લાહ ! રસૂલુલ્લાહ ﷺએ કેટલો મુબારક અમલ આપણને આપ્યો.

## અલ્ વાજિદુ اَلْوَاجِدُ

**(દરેક વસ્તુને પામનાર)**

**સમજૂતી** : કોઈ પણ વસ્તુ તેની કુદરતથી બહાર નથી. દરેક વસ્તુ પર તેના કરમનો હાથ છે. તે એવા કંટ્રોલ તથા તસર્રુફ (કબ્ઝા)વાળો છે કે તેના કબ્જામાં કોઈ પણ વસ્તુ અડચણ તથા આડ નથી થઈ શક્તી.

કમાલની તમામ સિફતો તેનામાં મૌજૂદ છે. આ એતબારથી તે વાહિદ મુત્લક્ છે. બંદાઓ જે કાંઈ થોડી ઘણી નેઅમતો ફઝાઈલ તથા કમાલાત હાંસલ કરેલ છે તે બધા તેના જ અર્પણ કરેલ છે.

**દર્સ તથા સબક્** : અલ્લાહ તઆલાની તૌફીક્ તથા અતાથી બંદાઓને જે પણ નેઅમતો મળી તેના પર તેઓ શુક્રગુઝાર રહે અને કદી તેને મહત્વ વિનાની ન સમજે અને કદી તેને ભૂલે નહીં અને તેનાથી ગાફેલ ન રહે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામ اَلْوَاجِدُ **"અલ્ વાજિદુ"**ની ખાસિયત એ છે કે જે ખાવાના દરેક કોળિયા પર يَا وَاجِدُ **"યા વાજિદુ"**નું ઝિક્ર કરશે **તેનું દિલ મજબૂત થશે.** અલ્લાહ બેહતર જાણકાર છે.

પેજ નં. **૦૭** નું ચાલુ...

ન ધરાવતા હોય તે લોકો આ હુકમમાં દાખલ થશે નહીં, તેમને ક્ત્લ કરવા જાઈઝ નથી.

**૯૬.** જેઓ યુદ્ધ કરવા શક્તિમાન નથી તેઓ સાથે ન લડો અથવા જેમની સાથે તમે ક્રોલ ક્રાર કર્યા હોય તેમની સાથે અથવા ઈસ્લામની દઅવત ન આપી હોય તેવાઓ સાથે લડો નહીં. કારણ કે શરીઅતનો તરીકો એ મુજબ છે કે પ્રથમ કાફિરોને ઈસ્લામનું આમંત્રણ આપવામાં આવશે. જો ન માને તો જિઝયો માંગવામાં આવે, આનો પણ ઈન્કાર કરે તો યુદ્ધ કરવામાં આવે. આ અર્થમાં આયતનો હુકમ બાકી છે, મન્સૂખ નથી. *(તફસીરે અહમદી)*

**૯૭.** હરમ શરીફની અંદર હોય કે બહાર

**૯૮.** મક્કા મુકર્રમહમાંથી

**૯૯.** ગયા વરસે, જેમ કે મક્કા જીતાયું તે દિવસે જે લોકોએ ઈસ્લામનો સ્વીકાર ન કર્યો તેમની સાથે એમ જ કરવામાં આવ્યું.

**૧૦૦.** ફસાદનો અર્થ શિર્ક છે અથવા મુસલમાનોને મક્કા શરીફમાં પ્રવેશવા ન દીધા તે કાર્ય.

**૧૦૧.** કારણ કે એ હરમ શરીફની ઈજ્જત વિરૂદ્ધ છે.

**૧૦૨.** કે તેઓ એ હરમ શરીફની બેઈજ્જતી કરે.

**૧૦૩.** ક્ત્લ અને શિર્ક કરવાથી.

**૧૦૪.** કુફ્ર અને જૂઠને પકડી રાખવાથી.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન


અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### દુરવેશનો મક઼ામ

પછી એ મોક઼ા પર ફર્માવ્યું કે શયખ શહાબુદ્દીન સુહરવર્દી قدس سرہ એ ચાલીસ વરસ સુધી આંખો બંધ રાખી. સબબ પૂછવામાં આવ્યો તો ફર્માવ્યું, લોકોના અયબ ન જોવું. જો આકસ્મિક રીતે જોઈ લઉં તો છુપાવી દઉં, અને કોઈને ન કહું. ત્યાર બાદ શૈખુલ ઈસ્લામે મોડે સુધી મુરાકેબો કર્યો. મુરાકબાથી માથુ ઉઠાવીને મને ફર્માવ્યું, બાબા નિઝામુદ્દીન ! જ્યારે દુરવેશની આ હાલત થાય છે તો દુરવેશ કહેવડાવવાને લાયક થાય છે ! એ વખતે જે કાંઈ કહે છે અથવા ચાહે છે તે જ થાય છે. એ મોક઼ા પર શૈખુલ ઈસ્લામ પર રિક્ક઼ત છવાઈ ગઈ. એટલામાં મુહમ્મદ શાહ નામના એક દોસ્તે આવીને સલામ કરી. ફર્માવ્યું, બેસી જા ! તે બેઠો પણ તેની હાલત પરેશાનીવાળી હતી, કેમ કે તેનો ભાઈ નઝઅ (સકરાંત)ના આલમમાં હતો. આપે પૂછયું, કેમ ભાઈ ! શા માટે આવા પરેશાન છો ?! અર્ઝ કરી, મારા ભાઈની બીમાર અવસ્થાના કારણે. ફર્માવ્યું, જાવ ! તમારો ભાઈ તંદુરસ્ત થઈ ગયો છે. ઘરે જઈને જોયું તો સાચે જ સાજો થઈ ગયો હતો અને ખાવા ખાય રહ્યો હતો, જાણે કદી બીમાર હતો જ નહીં.

### દુરવેશની સખાવત

પછી ફર્માવ્યું, દુરવેશી તે જ હતી જે રસૂલુલ્લાહ ﷺ ને હાંસલ હતી કે સવારથી બપોર સુધી અને બપોરથી સાંજ સુધી જે કાંઈ આવતું તે ખુદાની રાહમાં ખર્ચી નાખતા. અને અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ વારંવાર ખુત્બામાં ફર્માવ્યા કરતા કે મેં કદી નથી જોયું કે રસૂલે ખુદા ﷺ એ સાંજે કોઈ ચીજ બચાવી રાખી હોય.

એ અરસામાં મૌલાના બદરુદ્દીન ઈસ્હાક઼ે પૂછયું કે ઈસ્રાફ (ફુઝૂલખર્ચી) કોને કહે છે ? અને એની મર્યાદા ક્યાં સુધી છે ? જે કાંઈ નિય્યત વિના આપે અને અલ્લાહના નામ પર ન આપે તે ફુઝૂલખર્ચી છે. જો અલ્લાહ તઆલાની રઝામંદીના માટે આપે તો ફુઝૂલખર્ચી નથી. એવામાં જ ઝહોરની નમાઝની અઝાન સાંભળી. નમાઝ અદા કરીને મુરાક઼બામાં મશગૂલ થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

૧૬ શાબાન હિ.સ. ૬૫૫ જુમેરાતે ક઼દમબોસીની દૌલત નસીબ થઈ. શયખ બદરુદ્દીન ઈસ્હાક઼ ગઝનવી, શયખ જમાલુદ્દીન હાંસવી, મૌલાના શરફુદ્દીન, ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી વગેરે બુઝુર્ગો હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું, જે શખ્સ મારી પાસે આવે ચાહે માલદાર હોય, ચાહે ગરીબ

તેને મહેરૂમ ન રાખશો. જે કાંઈ હાજર હોય તેને આપો.

ત્યારબાદ ફર્માવ્યું કે જે શખ્સ મારી પાસે આવી જાય અને કાંઈ ન લાવે, તો મારા પર વાજિબ છે કે એને કાંઈક આપુ. પછી અશ્રુમય આંખોએ એ હિકાયત વર્ણન કરી કે સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم أجمعين રસૂલે ખુદા ﷺની ખિદમતમાં ઈલ્મ તથા શરઈ અહકામની તલબના માટે હાજર થતા. જ્યારે ત્યાંથી પરત આવતા તો એકબીજાની રહનુમાઈ કરતા અને ફાયદા હાંસલ કરતા.

ત્યારબાદ ફર્માવ્યું કે ઉમ્દતુલ અબરાર, તાજુલ અત્કિયા, ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمة الله عليهની એ રસમ હતી કે જો ખાનકાહમાં કોઈ ચીજ મૌજૂદ ન હોતી તો પોતાના ખાદિમ શયખ બદરુદ્દીન ગઝનવીને ફર્માવતા, જે શખ્સ આવે તેને પાણી આપો જેથી બખ્શિશ તથા અતાથી ખાલી ન જાય.

પછી એ જ મોકા પર ફર્માવ્યું કે એકવાર હું બગદાદ તરફ સફર કરી રહ્યો હતો. શયખે અજલ સંજરી رحمة الله عليهને જોયા કે જે પ્રભાવશાળી મર્દ બુઝુર્ગ હતા. જ્યારે આપની ખાનકાહમાં દાખલ થયો અને સલામ કહી, તો મુસાફો કરીને મારી તરફ જોઈને ફર્માવ્યું, આશકર આલમ બેસી જાવ ! મારા પર ખૂબ જ લુત્ફો કરમ (મહેરબાની) ફર્માવ્યો. કેટલાક દિવસ ખિદમતમાં રહ્યો પણ કદી ન જોયું કે કોઈ શખ્સ ખાનકાહથી મહેરૂમ રહી ગયો હોય. જો કાંઈ ન હોતું તો મામૂલી કક્ષાનું સૂકુ ખજૂર તેના હાથમાં આપીને દુઆ આપતા કે અલ્લાહ તઆલા તારી રોજીમાં બરકત આપે. ત્યાંના લોકોથી મેં સાંભળ્યું કે જેને આપ આ દુઆ આપતા તે જીવનભર મોહતાજ ન થતો.

## સાચા દુરવેશ આવા હોય છે !

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે પછી જ્યારે ત્યાંથી વિદાય થયો તો બગદાદની બહાર ગુફામાં એક અન્ય દુરવેશ જોયા. મેં સલામ કરી. સલામનો જવાબ આપીને ફર્માવ્યું, બેસી જા ! હું બેસી ગયો. જોયું કે શરીરમાં હાડકાં અને ચામડી છે, ગોશતનું નામ નથી. મારા દિલમાં ખયાલ આવ્યો કે આ બુઝુર્ગ જંગલમાં રહે છે અને એમની કેવી હાલત થઈ ગઈ છે ! મને સંબોધીને ફર્માવ્યું, હે ફરીદ ! ચાલીસ વરસથી આ ગુફામાં રહું છું. ઘાસ તણખલાં પર મારો ગુજારો છે. જ્યારે ભેદ ખોલ્યો તો હું આદાબ બજાવી લાવ્યો અને કહ્યું કે ખરેખર એવું જ છે. થોડાક દિવસો રહીને ત્યાંથી વિદાય થયો.

પછી બુખારામાં શયખ સૈફુદીન બાખઝરી رحمة الله عليهની ખિદમતમાં હાજર થયો જે અઝમત તથા હયબતવાળા બુઝુર્ગ હતા. જ્યારે આપના જમાઅતખાનામાં દાખલ થયો તો આદાબ બજાવી લાવ્યો. ફર્માવ્યું, બેસી જા ! હું બેસી ગયો. મારી તરફ જોઈને ફર્માવ્યું કે, આ શયખ પણ મશાઈખે રોઝગાર થશે અને સર્વ જગતમાં તેના મુરીદ તથા ફરઝંદ થશે. પછી કાળી ગોદડી જે ખભા પર હતી તે મારી તરફ ફેંકી અને ફર્માવ્યું કે પહેરી લે ! હું થોડાક દિવસ ખિદમતમાં હાજર રહ્યો. લગભગ હજાર માણસો દસ્તરખાન પર ખાવા ખાતા. જ્યારે ખાવા ખાય ચૂક્તા, ત્યાર પછી પણ જે શખ્સ આવતો તે મેહરૂમ ન જતો, કાંઈ ન કાંઈ લઈ જતો.

પછી હું ત્યાંથી બહાર નીકળ્યો અને રાત નજીકની એક મસ્જિદમાં પસાર કરી સવારે સાંભળ્યું કે ત્યાં ઝુપડીમાં એક બુઝુર્ગ રહે છે. જ્યારે અંદર નજર કરી તો એક પ્રભાવશાળી વૃદ્ધ મર્દને જોયો જેવો પહેલાં કદી ન જોયો હતો. આલમે તફક્કુરમાં ઉભેલો જોયો. આંખો આસ્માનની તરફ લગાડેલ હતી. ત્રણ દિવસ ત્રણ રાત પછી આલમે સહ્વમાં આવ્યો. મેં સલામ કરી તો સલામનો જવાબ આપીને ફર્માવ્યું કે મારા કારણે તને ઘણી જ તકલીફ થઈ છે, બેસી જા ! હું બેસી ગયો. ફર્માવ્યું, શમ્સુલ આરિફીનના

મુરીદોમાંથી છું અને ત્રીસ વરસથી આ ઝુપડીમાં મોઅ્તફિક છું. પરંતુ આટલી મુદતમાં હૈરત અને મસ્તી (બેહોશીની હાલત) સિવાય મારા નસીબમાં કાંઈ ન થયું. શું તું જાણે છે કે એ કયા સબબથી છે ? મેં અર્ઝ કરી, આપ ફર્માવો. ફર્માવ્યું કે સીધી રાહ આ જ છે, જે શખ્સ આ રાહમાં સીધી રીતે ચાલે છે તે નજાત પામે છે. અને જો દોસ્તની રઝા વિના એક કદમ પણ ઉઠાવે તો સળગી જાય. ત્યારબાદ એ બુઝુર્ગે પોતાનો હાલ આ પ્રમાણે વર્ણવ્યો કે, હે ફરીદ ! જે દિવસથી મને પોતાના દરવાજા પર ઈજાઝત આપી સિત્તેર હિજાબ (પર્દા) દરમ્યાનમાં હતા. હુકમ થયો કે અંદર આવી જા ! જ્યારે પ્રથમ હિજાબમાં ગયો તો મુકર્રબાને બારગાહ (રબના મકબૂલ બંદાઓ)ને જોયા કે બંનેવ આંખો આસ્માનની તરફ કરીને ઉભેલા છે. અલ્લાહનું રાઝ અલ્લાહ સિવાય કોઈને ખબર નથી અને સૌ જાણે (ઝબાને હાલથી) કહી રહ્યા છે કે અમે તારા દીદારના મુશ્તાક છીએ. એ જ પ્રમાણે દરેક હિજાબેથી પસાર થતો ગયો તો દરેક હિજાબમાં અન્ય પણ મુહિબ્બોને અલગ હાલતમાં જોયા જેઓ એકબીજાથી તદ્દન અલગ જ હતા. જ્યારે ખાસ હિજાબમાં પહોંચ્યો તો અવાજ આવ્યો કે હે ફલાણા ! આ હિજાબમાં તે શખ્સ આવે છે જે દુનિયા તથા તેમાં જે કાંઈ છે, બલ્કે પોતાની જાતથી પણ બેગાનો હોય. મેં કહ્યું, હું સૌથી બેગાના છું. અવાજ આવ્યો કે તું સૌથી બેગાનો થઈ ગયો છે એટલા માટે અમારી સાથે યગાના થઈ જા. મેં આંખ આગળ વધારી તો પોતાને એ ઝુપડીમાં જોયો. બસ ! હે ફરઝંદ ! આ રાહમાં સૌથી બેગાના થવું જોઈએ જેથી હક્કથી યગાના થઈ શકે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે જ્યારે રાત પડી તો રાતની નમાઝ અદા કરી. જ્યારે નમાઝથી ફારિગ થયા તો મેં જોયું કે માશ (એક પ્રકારના અનાજ)ના બે પ્યાલા અને ચાર ચાર રોટલીઓ આલમે ગયબથી એ બુઝુર્ગની સામે હાજર થઈ ગઈ. મને અંદર આવવાનો ઈશારો કર્યો. હું અંદર ગયો, ખાવા ખાધું. જે લિજ્જત મને એ ખાવાથી હાંસલ થઈ તે કદી કાંઈ અન્ય ખાવાથી ન થઈ. રાત ત્યાં જ પસાર કરી. સવારે ઉઠીને જોયું કે તે બુઝુર્ગ ગાયબ છે. પછી હું પાછો વળીને મુલ્તાનની તરફ ચાલ્યો આવ્યો. ત્યાં મારા ભાઈ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہની ઝિયારત કરી. મુસાફા પછી મનેં પૂછયું કે કામમાં ક્યાં સુધી તરક્કી કરી છે ? મેં કહ્યું કે જો આ ખુરશીને જેના પર આપ બેઠા છો, કહું કે હવામાં અદ્ધર થઈ જા ! તો થઈ જાય. હજી આ વાત સારી રીતે કહેવા પણ ન પામ્યો હતો **એવામાં ખુરશી હવામાં અદ્ધર થઈ ગઈ** ! ત્યાંથી દિલ્હી પહોંચ્યો અને શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો. આપના અંદર વર્ણનથી બહારના વસ્ફ (ખૂબીઓ) જોયા અને મુરીદ બની ગયો. ત્રણ દિવસમાં મારા પીરે સર્વ નેઅમતો અતા ફર્માવી અને એવું પણ ફર્માવ્યું કે મૌલાના ફરીદનું કામ ખત્મ કરીને મારી પાસે આવ્યો છે. જ્યારે શૈખુલ ઈસ્લામે વાત ખત્મ કરી તો ના'રો મારીને બેહોશ થઈ ગયા. એક દિવસ રાત બેહોશીની હાલતમાં પડેલા રહ્યા. જ્યારે હોશમાં આવ્યા તો મને સંબોધીને ફર્માવ્યું કે મર્દાને ખુદા આવું જ કરે છે પછી કોઈ મર્તબા પર પહોંચે છે. પરંતુ આ મા'લૂમાત તમામ શખ્સોમાં હોય છે અને ફય્ઝ નાઝિલ થાય છે. પણ મુરીદે કોઈ મકામ પર પહોંચવાની કોશિશ કરવી જોઈએ. ત્યારબાદ ફર્માવ્યું, હે ભાઈ ! આ રાહમાં જ્યાં સુધી સફર કરીશ નહીં અને દિલથી નિશ્ચિત નહીં કરે અને સાચો કદમ નહીં રાખે ત્યાં સુધી કદાપિ કદાપિ કુર્બના મકામે પહોંચી શકશે નહીં.

જ્યારે શૈખુલ ઈસ્લામે ઝુબાન મુબારકથી આ ફર્માવ્યું તો માથુ સજદામાં રાખી દીધું અને પછી ઉભા થઈ ગયા ત્યાં સુધી કે નમાઝનો સમય થઈ ગયો પછી આલમે તહૈયૂરમાં મશગૂલ થઈ ગયા. પછી અન્ય લોકો તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવાળી

### હજ્જમાં આ વાતો ફર્ઝ છે

**(૧)** એહરામ, **(૨)** વુકૂફે અરફાત (એટલે કે નવમી ઝિલ્હજના બપોરે સૂરજ ઢળવાથી લઈને દસમી ઝિલ્હજની સુબ્હ સાદિક થતા પહેલાં સુધીના સમયમાં અરફાતમાં રોકાવું **(૩)** તવાફે ઝિયારતનો મોટો ભાગ (એટલે કે ચાર ફેરા) **(૪)** નિય્યત **(૫)** તરતીબ એટલે પ્રથમ એહરામ બાંધવું, પછી વુકૂફે અરફા ત્યાર બાદ તવાફે ઝિયારત **(૬)** દરેક ફર્ઝને નિયત સમયમાં જ અદા કરવા એટલે વુકૂફ એ વખતે કરવું કે જે માટે એનો સમય નિશ્ચિત કરેલ છે. (એટલે કે નવમી ઝિલ્હજના બપોરે પછીથી લઈને ૧૦ મી જિલ્હજની સુબ્હ સાદિક થતાં પહેલાં સુધી) વુકૂફે અરફા પછી તવાફે ઝિયારત કરવી **(૭)** જગ્યા અર્થાત બતને અરફાત (અરફાતના મેદાનમાં હરામના નાળાઓ પૈકી એક નાળું છે. મસ્જિદે નમરહની પશ્ચિમે એટલે કે કા'બા શરીફ તરફ. એ જગા પર વુકૂફ કરવો (રોકાવું) નાજાઈઝ છે.) અરફાત સિવાયની જમીનમાં વુકૂફ કરવો અને તવાફની જગા મસ્જિદે હરામમાં હોવી (એટલે કે મસ્જિદે હરામમાં તવાફ કરવો.)

### હજ્જમાં આ ચીજો વાજિબ છે

**(૧)** મિકાતથી એહરામ બાંધવું અર્થાત એહરામ બાંધ્યા વગર મિકાતથી આગળ વધવું નહીં. જો મિકાતની હદ આવતા પહેલાંથી એહરામ બાંધી લીધું તો જાઈઝ છે. **(૨)** સફા અને મરવાની દરમિયાન દોડવું એને સઈ કહેવામાં આવે છે. **(૩)** સઈને સફાથી શરૂ કરવી **(૪)** પગપાળા ચાલીને સઈ કરવી **(૫)** તવાફ કર્યા પછી સઈ કરવી. દિવસ દરમિયાન વુકૂફે અરફા કરવામાં આવે તો એટલા સમય સુધી રોકાણ કરવું કે સૂર્યાસ્ત થઈ જાય અને રાત પડી જાય. ઝવાલ પછીથી દિવસના કોઈ પણ ભાગમાં વુકૂફ (રોકાણ) કરવું વાજિબ છે. અરફાતથી પાછા ફરવામાં ઈમામનું અનુસરણ કરવું અર્થાત જ્યાં સુધી ઈમામ ત્યાંથી ન નીકળે. હા ! જો ઈમામ મોડુ કરે તો ઈમામથી પહેલાં જઈ શકે છે અને ભીડને કારણે ઈમામના ચાલ્યા જવા પછીથી પણ રોકાય ગયા, સાથે ન ગયા તો પણ જાઈઝ છે. મુઝદલફામાં રોકાવું : મગરિબ અને ઈશાની નમાઝને મુઝદલફામાં આવીને ઈશાના સમયે પઢવી. દસમી, અગિયારમી તથા બારમી, ત્રણે દિવસોમાં કાંકરીઓ મારવી એટલે કે દસમી તારીખે ફકત જમરતુલ ઉકબા પર અને અગિયારમી તથા બારમી તારીખે ત્રણે જગ્યા પર રમી કરવી (કાંકરીઓ મારવી). જમરતુલ ઉકબાની રમી પહેલા દિવસે બાલ મૂંડાવતા પહેલાં કરવી. રોજની રમી રોજ કરવી (એટલે કે દસમીની રમી દસમીએ, અગિયારમીની રમી અગિયારમીએ તથા બારમીની રમી બારમીએ જ કરવી). માથુ મૂંડાવવું અથવા બાલ કતરાવવા, કુર્બાનીના દિવસોમાં તથા હરમ શરીફમાં બાલ બનાવડાવવા (જો મિનામાં ન હોય તો) કિરાન અને તમત્તુઅ પ્રકારની હજ કરવાવાળાઓએ કુર્બાનીના દિવસોમાં તેમજ હરમમાં કુર્બાની કરવી. તવાફે ઈફાઝાનો મોટો ભાગ કુર્બાનીના દિવસો દરમિયાન કરવો. હતીમના પાછળથી તવાફ હોવો, જમણી બાજુ પરથી તવાફ કરવો.

એટલે કે કા'બા શરીફ તવાફ કરવાવાળાની ડાબી બાજુ પર હોવો, પગે ચાલીને તવાફ કરવો, ગુસ્લ અને વુઝૂ સાથે તવાફ કરવો, જો ગુસ્લ તેમજ વુઝૂ વગર તવાફ કરવામાં આવ્યો તો એને દોહરાવવો (ફરીથી કરવો) પડશે. તવાફ કરતી વેળા સતર ઢાંકવું. તવાફ કર્યા પછી બે રકાત નમાઝ પઢવી (આ નમાઝ વાજિબ તો છે પણ એ રીતની વાજિબ છે કે એના છોડવાથી દમ આપવો વાજિબ નહીં થાય). કાંકરીઓ ફેંકવી (મારવી), ઝબહ કરવામાં, માથુ મૂંડાવવામાં અને તવાફ કરવામાં તરતીબ જાળવવી. (ક્રમ જાળવવો) એટલે કે પ્રથમ કાંકરીઓ મારવી પછી કુર્બાની કરવી પછી માથુ મૂંડાવવું અને પછી તવાફ કરે. તવાફે સદર એટલે કે મીકાતની બહાર રહેવાવાળાઓ માટેનો વિદાયનો તવાફ (જો હજ કરનાર ઔરત હૈઝ અથવા નિફાસની હાલતમાં છે અને પાક થતાં પહેલાં જ કાફલો રવાના થઈ જાય તો એના પર વિદાયનો તવાફ જરૂરી નથી). વુકૂફે અરફા પછીથી બાલ મૂંડાવવાના સમયગાળામાં ઔરતથી સોહબત ન કરવી. એહરામની હાલતમાં જે ચીજોની મનાઈ છે (જેમ કે સીવેલું કપડું પહેરવું અથવા માથુ ઢાંકવું) એનાથી બચવું, આ બધી ચીજો હજમાં વાજિબ છે.

## હજની સુન્નતો

**(૧)** તવાફે કુદૂમ એટલે કે મીકાતની બહારથી આવવાવાળો શખ્સ મક્કા મોઅઝ્ઝમામાં હાજર થતાં સૌથી પહેલો જે તવાફ કરે છે તેને તવાફે કુદૂમ કહે છે. તવાફે કુદૂમ મુફરિદ તેમજ કારિન માટે સુન્નત છે. મુતમત્તેઅ માટે નહીં. **(૨)** હજરે અસ્વદથી તવાફ શરૂ કરવો. **(૩)** તવાફે કુદૂમ અથવા ફર્ઝ તવાફમાં રમલ કરવું **(૪)** સફા અને મરવાની દરમિયાન જે બે લીલા કલરના પથ્થરો છે તેની બંનેની વચમાં દોડવું **(૫)** ઈમામે સાતમીએ મક્કામાં **(૬)** અરફાતમાં નવમીએ **(૭)** મિનામાં અગિયારમીએ ખુત્બો પઢવો **(૮)** આઠમી તારીખની ફજર પછી મક્કા શરીફથી રવાના થવું જેથી મિનામાં પાંચ નમાઝો પઢી લેવાય **(૯)** નવમી રાત મીનામાં પસાર કરવી **(૧૦)** સૂરજ ઊગ્યા પછી મિનાથી અરફાતમાં જવા નીકળવું **(૧૧)** વુકૂફે અરફા માટે ગુસ્લ કરવું **(૧૨)** અરફાતથી પાછા ફરતાં મુઝદલફામાં રાત રોકાવું **(૧૩)** સૂરજ નીકળતા પહેલાં અહીંથી (મુઝદલ્ફા) મિના જવા નીકળવું **(૧૪)** દસમી અને અગિયારમી પછીની બન્ને રાતો મિનામાં પસાર કરવી **(૧૫)** જો તેરમી તારીખે પણ મિનામાં રોકાયા તો બારમી પછીની રાત પણ મિનામાં ગુજારવી **(૧૬)** વાદીએ મોહસ્સબમાં ઊતરવું (રોકાવું). જો થોડીવાર માટે હોય તો પણ, આ સિવાય બીજી પણ સુન્નતો છે જેમાંની ઘણી સુન્નતોનું વર્ણન હજની રીતમાં આવી ચૂક્યું છે. વઅલા હાઝલ મુસ્તહબ્બાત.

પેજ નં. ૦૨નું ચાલુ...

ઉપરોક્ત આયતો તથા મુબારક હદીષ એ કાદિરે મુત્લક પર તવક્કુલના બારામાં માર્ગદર્શન કરે છે જેની કુદરતના તાબા હેઠળ સર્વ મખ્લૂક છે. અલ્હમ્દુલિલ્લાહ! આપણે એના માનવાવાળા છીએ, આપણે એના પર તવક્કુલ કરીને લાચારપણાને દૂર કરીએ અને શક્ય ત્યાં સુધી કામયાબીના માટે જદો જેહદ (મહેનત તથા કોશિશ) પર ભરોસો કરવાને બદલે અલ્લાહની મદદ પર ભરોસો કરીએ. તેનું ફર્માન હક્ક છે : وَمَنۡ يَّتَوَكَّلۡ عَلَى اللّٰهِ فَهُوَ حَسۡبُهٗ "અને જે અલ્લાહ પર ભરોસો કરે તેને તે પૂરતો છે." *(સૂરએ તલાક, આ. ૩)* આપણો તવક્કુલ જેટલા પ્રમાણમાં મજબૂત હશે એટલા જ આપણે કામયાબ રહીશું. રબ તઆલા આપણને ગૈરોને બદલે તેની કરીમ ઝાત પર તવક્કુલની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(હવાલો : "સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી" મુંબઈ, નવેમ્બર–૨૦૧૫)*

## ગલતફહમીઓ
## તથા તેની સુધારણા

### ★ કુર્આને કરીમ હિફ્ઝ કરવા બાબત કેટલીક જરૂરી વાતો ★

અર્થ તથા અને મતલબ સમજ્યા વગર ફક્ત કુર્આને કરીમને હિફ્ઝ (યાદ) કરવું એ ઘણી જ ફઝીલત અને ઉમદા વાત છે પરંતુ માત્ર આને જ ઈલ્મ કહી શકાતું નથી.

તેથી બાળકો માત્ર સંપૂર્ણ કુર્આને કરીમ હિફ્ઝ (મોઢે યાદ) કરાવવાને બદલે તેમને (સાથે સાથે) દીની ઉલૂમ (ઈસ્લામી જાણકારી), ઈસ્લામના સહી અકીદાઓ અને ફિક્હના મસાઈલ પણ શીખવાડવામાં આવે તો એ વધુ બેહતર છે.

હઝરત સદરુશ્શરીઅહ મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "થોડુ ઘણુ કુર્આને મજીદ યાદ કરી લીધું છે અને તેને ફરસદ છે તો અફઝલ એ છે કે ફિક્હનું ઈલ્મ શીખે કારણ કે કુર્આને મજીદને હિફ્ઝ કરવું એ ફર્ઝે કિફાયા છે. અને ફિક્હની જરૂરી વાતોને જાણવું એ ફર્ઝે ઐન છે." *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૩૩)*

ખુલાસો એ જ કે દરેક શહેર અને વિસ્તારમાં થોડા ઘણા હાફિઝોનું હોવું પણ જરૂરી છે કારણ કે તેમની મારફત કુર્આની નઝ્મ (ગોઠવણ)ની સલામતી છે.

પરંતુ તેની સાથે સાથે અમારો અભિપ્રાય એ પણ છે કે જે બાળકો હોશિયાર અને સારી યાદ શક્તિ ધરાવતા હોય તેમને જો નાની ઉંમરમાં હિફ્ઝ કરાવી શકાતું હોય તો કરાવી દેવામાં આવે નહીંતર ૧૫–૧૫ અને ૨૦–૨૦ વરસની ઉંમર સુધીનો સઘળો સમય હિફ્ઝ કરાવવા પાછળ ખર્ચી નાખવામાં આવે એ વધારે સારું નથી.

કેમ કે આજકાલ ખાસ કરીને ગરીબો અને મુફલિસોનાં બાળકો દીની મદ્રસાઓમાં આવે છે તેમને એ લાયક બનાવી દેવા જરૂરી છે કે તેઓ પૈસા કમાવવાનું હુન્નર શીખીને રોજી રોટી કમાઈ લેવાની હૈસિયત ધરાવે અને દીની ઈલ્મ તેમજ જરૂરત મુજબનું દુન્યવી ઈલ્મ (શિક્ષણ) મેળવ્યું હોય જેને (સામાન્ય રીતે) ભણેલો ગણેલો કહી શકાય.

### ★ શું માછલી અને તૂવેરની દાળ પર ફાતેહા નથી થતો ? ★

કેટલાક આપણામાંના ભાઈઓ તેમની અજ્ઞાનતાને કારણે એવું માને છે કે માછલી અને તુવેર દાળ પર ફાતેહા પઢવું ન જાઈએ, જો કે આ તેમની ગલતફહમી (ગેર સમજ) છે. ઈસ્લામમાં જે વસ્તુને ખાવુ હલાલ જાઈઝ છે તો તેની ઉપર ફાતેહા પઢાવવામાં હરગિઝ કોઈ ખરાબી નથી બલ્કે માછલી તો ઘણી જ ઉમદા અને પસંદ કરવા લાયક ખોરાક છે.

જેવું કે હદીષ શરીફમાં આવ્યું છે કે જન્નતીઓને જન્નતમાં પહેલું ખાવામાં માછલી જ મળશે અને જે ખાવાનું જેટલુ ઉમદા અને લિજ્જતદાર હશે, ફાતેહામાં પણ તેની ફઝીલત વધુ હશે.

### ★ સુવ્વર (ભૂંડ)નું નામ લેવાને ખરાબ જાણવું ★

મઝહબે ઈસ્લામમાં સુવ્વર ખાવુ હરામ છે અને તેનું ગોશ્ત, ચામડુ, હાડકું, વાળ, પસીનો (પરસેવો), થૂંક વગેરે આખુ શરીર અને તેમાંથી નીકળવાવાળી દરેક વસ્તુ નાપાક છે અને આ અર્થમાં તેનાથી નફરત કરવું એ ઈમાનની પેહચાન (ઓળખ) અને મો'મિનની શાન છે. પરંતુ કેટલાક લોકો અજ્ઞાનતાને કારણે તેનું નામ પણ ખરાબ સમજે છે, ત્યાં સુધી કે કેટલાક તદ્દન અભણ ગામડીયા ત્યાં સુધી કે કહી આપે છે કે જેણે તેના મોઢાથી સુવ્વર (ભૂંડ)નું નામ લીધું, તેની જીભ ૪૦ દિવસ સુધી નાપાક રહે છે ! અજ્ઞાનતા એ હદે વધી ચૂકી છે કે એક વખત એક

મસ્જિદમાં ઈમામ સાહેબે મસ્જિદમાં તક્રીર કરતી વખતે એટલું કહી દીધું કે શરાબ પીવું એવું જ છે જેવું કે સુવ્વરનું ગોશ્ત ખાવું. તો લોકો તેમના ઉપર ખૂબ જ હોબાળો મચાવ્યો કે તેઓએ મસ્જિદમાં સુવ્વરનું નામ કેમ લીધું ? ત્યાં સુધી કે આ ગુનાહમાં બિચારા ઈમામ સાહેબને હિસાબ આપી દેવામાં આવ્યો. (ઈમામતમાંથી છૂટા કરી દેવામાં આવ્યા)

ભાઈઓ ! કોઈ ખરાબમાં ખરાબ વસ્તુનું પણ ખરાબી સાથે નામ લેવું ખરાબ નથી. હા ! જો કોઈ ખરાબ વસ્તુને સારી કહે, હરામને હલાલ કહે તો આ ચોક્કસપણે ખોટુ છે, બલ્કે ખરાબ વસ્તુની બુરાઈ પણ નામ લીધા વગર થઈ શકતી નથી. શૈતાન, ઈબ્લીસ, ફિરઔન, હામાન, અબૂ લહબ, અબૂ જહલનાં નામો પણ લેવામાં આવે છે. આ લોકો હોય કે અન્ય કોઈ ખુદા અને રસૂલના દુશ્મન હોય એ બધા જ સુવ્વરથી વધારે બદતર છે. બલ્કે ઈબ્લીસ, ફિરઔન, હામાન અને અબૂ લહબનું નામ તો કુર્આન શરીફમાં પણ છે અને દરેક કુર્આન પઢનાર તેનું નામ લે છે. ખુદાએ તઆલા અને તેના મહબૂબ ﷺના જેટલા પણ દુશ્મનો છે અને તેમની બારગાહમાં ગુસ્તાખી અને બેઅદબી કરવાવાળાઓ છે એ બધા જ સુવ્વરથી અનેકગણા ખરાબ છે. એ બધા જ જહન્નમમાં જશે, અને જાનવર કોઈ પણ હોય હલાલ કે હરામ, તેઓ હરગિઝ જહન્નમમાં જશે નહીં પરંતુ હિસાબો કિતાબ પછી તેઓને નષ્ટ કરી દેવામાં આવશે.

ખુલાસો એ જ કે સુવ્વરનું નામ લઈને તેના વિશે શરીઅતના હુકમની જાણકારી આપવી એ બિલ્કુલ ખોટુ અને ખરાબ કામ નથી, પછી તે મસ્જિદમાં હોય કે મસ્જિદની બહાર હોય, વઅઝ અને તક્રીરમાં હોય કે સામાન્ય વાતચીતમાં હોય. છેવટે કુર્આનમાં પણ તેનું નામ ઘણી જ જગ્યાએ આવેલ છે. કેમ કે અરબીમાં જેને "ખિન્ઝીર" કહે છે તેને જ ભારતીયો "સુવ્વર" કહે છે. તો જો નમાઝમાં તે જ આયતોને પઢવામાં આવે જેમાં સુવ્વરના હરામ હોવાનો ઝિક્ર છે તો તેનું નામ નમાઝમાં પણ આવશે અને મસ્જિદમાં પણ.

**શું આપ જાણો છો ?**

**(ક્રમશઃ)**

## કોઈ તારીખ કે દિવસ મનહૂસ નથી જ !

**મસ્અલા** : સફર મહિનાને લોકો મનહૂસ સમજે છે. એમાં શાદી, વિવાહ નથી કરતા. છોકરીઓને વળાવતા નથી અને આવા ઘણા પ્રકારનાં કામોથી પરહેઝ કરે છે અને મુસાફરી કરવાથી પાછા પડે છે. ખાસ કરીને સફર મહિનાની શરૂઆતની ૧૩ તારીખોને વધારે પડતી નહૂસત માનવામાં આવે છે અને એને ૧૩મી તેજી કહે છે. આ બધી જહાલતની વાતો છે. હદીષમાં ફર્માવ્યું છે કે સફર કોઈ ચીજ નથી અર્થાત લોકોએ એને (સફર માસને) મનહૂસ સમજવો ગલત છે. એ રીતે ઝી કઅ્દાના મહિનાને પણ લોકો ખરાબ સમજે છે અને એને ખાલી મહિનો કહે છે. એ પણ ખોટું છે અને દર મહીનાની ૩, ૧૩, ૨૩, ૮, ૧૮, ૨૮ને મનહૂસ સમજે છે એ પણ (ખોટી વાતો) જૂઠ્ઠુ છે. *(બહારે શરીઅત)*

## કમર દર અકરબવાળી માન્યતા ગલત છે

**મસ્અલા** : કમર દર અકરબ એટલે કે ચંદ્ર જ્યારે બુરજે અકરબ (વિછુડો રાશી)માં હોય છે ત્યારે સફર કરવાને બુરુ સમજે છે અને જ્યોતિષીઓ એને મનહૂસ કહે છે અને જ્યારે બુરજ અસદ (સિંહ રાશી)માં હોય છે ત્યારે કપડુ વેતરાવવા અને સીવડાવવાનું બુરુ સમજે છે. આવી વાતોને કદી પણ માનવી ન જોઈએ. આવી વાતો શરીઅતની ખિલાફ અને જ્યોતિષોના ધોકાઓ છે. **મસ્અલા** : નજુમીઓની એવી વાતો જેમાં સિતારાઓની તાસીર બતાવવામાં આવે છે કે ફલાણો સિતારો ઉગશે તો ફલાણુ બનશે, એ પણ શરીઅતની ખિલાફ છે. એ રીતે નક્ષત્રોનો હિસાબ જેમ કે ફલાણા નક્ષત્રથી વરસાદ થશે એ પણ ખોટું છે. હદીષમાં આ બાબત પર સખ્તીથી ઈન્કાર ફર્માવ્યો છે. **મસ્અલા** : સફર મહિનાના છેલ્લા બુધવારને હિન્દુસ્તાનમાં ખૂબ માનવામાં આવે છે. લોકો પોતાનો ધંધો, રોજગાર બંધ કરી દે છે. હરવા ફરવા અને શિકાર માટે જાય છે. પુરીઓ પકાવે છે. નહાય ધૂએ ખુશીઓ મનાવે છે અને એવું કહે છે કે આ દિવસે હુઝૂર ﷺએ તંદુરસ્તીનું ગુસ્લ કર્યું હતું અને મદીના શરીફની બહાર ફરવા નીકળ્યા હતા. આ બધી વાતો પાયા વિનાની છે. બલ્કે આ દિવસોમાં હુઝૂરે અકરમ ﷺની બીમારી ખૂબ જોરથી હતી જેથી એ વાતો પ્રસંગની વિરૂધ્ધ છે. અને કેટલાક લોકો એવું કહે છે કે એ દિવસે બલાઓ આવે છે અને જાત જાતની વાતો બયાન કરવામાં આવે છે. એ બધી વાતો સાબિતી વિનાની છે (એની કોઈ સાબિતી નથી) બલ્કે હદીષનો એ ઈર્શાદ લા સફર એટલે કે સફર કોઈ ચીજ નથી, આવા સઘળા ખુરાફાતને રદ કરે છે.

# સુખ શાંતિમય સમાજ રચનામાં
# ચિશ્તી બુઝુર્ગોનો ફાળો

રજૂકર્તા : **હાફેઝ ઉષ્માન સાહબ કોલવનવી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

### ★ સારી સોહબત અપનાવો તો સારા બનશો ★

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :

''હદીષમાં છે الصحبة تؤثر એટલે કે સોહબતનો અસર જરૂર થાય છે. જો કોઈ બુરો માણસ નેકોની સોહબતમાં બેસે તો ઉમ્મીદ છે કે તે નેક બની જશે અને જો કોઈ નેક માણસ બુરાઓની સોહબતમાં બેસે તો બુરો બની જશે. કેમ કે જે કોઈએ પણ કાંઈક પ્રાપ્ત કર્યું છે સોહબતથી પ્રાપ્ત કર્યું છે અને જે નેઅમત પ્રાપ્ત થઈ છે તે નેકોથી પ્રાપ્ત થઈ છે.'' *(દલીલુલ આરિફીન, મલ્ફૂઝાતે ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ, પેજ : ૪૬)* એના સમર્થનમાં હઝરત મહબૂબે ઈલાહી ફર્માવે છે :

નેક લોકોની સોહબત નેક કામ કરવા કરતાં સારી છે અને બુરાઓની સોહબત બુરુ કામ કરવા કરતાં બદતર છે. *(અફઝલુલ ફવાઈદ, ભાગ–૧, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી)*

નેક લોકોની સોહબતનો અસર સંયુક્તપણે માણસની જિંદગી પર થાય છે. એનાથી વાણી તથા વર્તન રીતભાત દરેકમાં નોધપાત્ર ફર્ક આવી જાય છે. જેથી આપોઆપ એના અંદરથી ઘણી બધી બુરાઈઓ ખત્મ થઈ જાય છે અને અચ્છાઈઓને અપનાવવાનો જઝબો પેદા થાય છે જેનાથી નેકોની સોહબત ઈખ્તિયાર કરવાવાળાઓની જિંદગીમાં એક ઈન્કેલાબ આવી જાય છે. પછી એવા લોકો બીજાઓના ઐબ ઢુંઢવાના બદલે એમના ઐબ છુપાવવા લાગે છે.

ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''હું કેટલાક વર્ષો સુધી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર રહ્યો પણ એ મુદતમાં મેં ક્યારેય પણ એવું નથી જોયું કે આપે કોઈ દોસ્તનુ રાઝ જાહેર કર્યું હોય. આપ કોઈના ભેદનો કદી ઉલ્લેખ પણ ન કરતા અને અન્વારો તજલ્લિયાતને પણ કદી જાહેર થવા દેતા ન હતા જે આપ પર નાઝિલ થતાં હતાં.'' *(ફવાઈદુસ્સાલિકીન, ખ્વાજા ગરીબ નવાઝ, લેખક: અબ્દુર્રહીમ કાદરી, પેજ–૨૭૯)*

આપણા સમાજમાં એ સમયે અમ્નો શાંતિ થઈ શકે છે જ્યારે આપણે કોઈનું દિલ ન દુઃખાવીએ બુઝુર્ગાને દીનની હમેશાં એ કોશિશ રહી છે કે કોઈ કોઈને ન સતાવે, કોઈ કોઈને પરેશાન ન કરે. ચિશ્તી બુઝુર્ગોની તા'લીમાતથી પણ એ જ ખબર પડે છે કે એમણે એવો માહોલ સ્થાપિત કરવાની કોશિશ કરી જ્યાં કોઈ કોઈને ન સતાવે.

### ★ કોઈનું દિલ ન દુઃખાવો ★

જેમ કે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે:

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી રિવાયત કરી કે જે માણસે મો'મિનને સતાવ્યો સમજી લો કે એણે મને નારાજ કર્યો અને જેણે મને નારાજ કર્યો એણે અલ્લાહ તઆલાને નારાજ કર્યો. દરેક મો'મિનના સીનામાં ૮૦ પર્દા હોય છે અને દરેક પર્દા પર એક ફરિશ્તો હોય છે. **જે માણસ કોઈ મો'મિનને સતાવે છે તે એવો છે કે એણે ૮૦ ફરિશ્તાઓને નારાજ કર્યા.''** *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મોઈનુદ્દીન, મજલિસ–૭, પેજ–૧૮)*

આ સિલસિલામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મો'મિનના દિલને સતાવવું અલ્લાહને સતાવવું છે. હે દુર્વેશ ! મો'મિન એ માણસ છે કે જો એ પૂર્વમાં હોય અને મો'મિનના પગમાં પશ્ચિમમાં કાંટો ઘૂસી જાય તો એના દર્દને અનુભવે. *(રાહતુલ મુહિબ્બીન, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન, પેજ-૧૪)*

### ★ પશુ પક્ષીને પણ ન સતાવો ★

મો'મિન તો મો'મિન છે, ચિશ્તી બુઝુર્ગોએ કોઈ પણ પશુ પક્ષીને પણ ન સતાવવાની તા'લીમ આપી છે. જાનવરોને મારી નાખવાના બારામાં ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે માણસ કોઈ જાનવરને આગમાં ફેંકે છે અથવા બેરહમીથી મારી નાખે એનો કફ્ફારો એ છે કે ગુલામ આઝાદ કરે અથવા ૬૦ (સાઈઠ) ગરીબોને ખાવા ખવડાવે અથવા બે મહિનાના સતત રોઝા રાખે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા કે કોઈ જાનવરને આગમાં નહીં નાખવામાં આવે પણ દુનિયા અને આખેરતમાં અઝાબ થશે અને જે માણસ જાનવરને આગમાં ફેંકે છે તે જાણે કે એ પોતાની મા સાથે ઝિના કરે છે. نعوذ باللہ منھا *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : ખ્વાજા મોઈનુદ્દીન, મજલિસ ૧૧, પેજ-૨૬)*

### ★ ચુગલખોરી, હસદ, ઘમંડથી બચો ★

ચુગલખોરી, હસદ, મેલ અને કીનો, અને ઘમંડ તથા તકબ્બુરથી બચવાની તા'લીમનો મક્સદ એ જ છે કે માણસોની અંદર નફરત પેદા ન થાય. આ દિલની એ બીમારીઓ છે જે માણસોને અંદરથી ખરો કરી નાખે છે અને નફરત તથા અદાવતનું બીજ વાવે છે. ઈસ્લામે પણ એ વાતોથી બચવાનો હુકમ આપ્યો છે અને ચિશ્તી બુઝુર્ગોએ પણ એનાથી પરહેઝ કરવાનો દર્સ આપ્યો છે હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :-

"આલિમોનો હસદ સારો નથી ખાસ કરીને મુસલમાનો માટે. અમુક આલિમોનું કહેવુ છે હસદ દિલથી કાઢી નાખવું જોઈએ, જ્યારે હસદને દિલથી કાઢીશું તો જન્નતમાં જાશું." *(અનીસુલ અરવાહ, મજલિસ, ૧૭, પેજ-૩૩)*

હઝરત મહબૂબે ઈલાહી ફર્માવે છે :-

"પૈયગમ્બરે ખુદા ﷺએ એ દુઆ કરી છે : હે અલ્લાહ ! મને મહસૂદ બનાવજે હાસિદ (હસદ કરવાવાળો) ન બનાવતો. પછી ફર્માવ્યું કે એક હસદ હોય છે, એક રશ્ક હોય છે. હસદ તો એ છે કે કોઈ માણસ બીજાની નેઅમત જોઈને એનું પતન ચાહે અને રશ્ક એ છે કે પોતે પણ બીજાની જેવા બનવાની તમન્ના કરે, અને રશ્ક જાઈઝ છે." *(ફવાઈદુલ ફવાદ, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા, પેજ-૨૭૨, ૨૭૩)*

ચુગલખોરીના બારામાં હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે :-

"સૌથી બુરુ કામ ચુગલી કરવાનું છે. પછી ફર્માવ્યું કે જે દિવસે હઝરત યુસૂફ علیہ السلامને એમના ભાઈઓએ કૂવામાં નાખ્યા અને વરૂને પકડીને હઝરત યાકૂબ علیہ السلام પાસે લાવ્યા કે આ વરૂએ હઝરત યૂસુફ علیہ السلامને હલાક કરી દીધા છે. તો એ વરૂએ કહ્યું, ના ! આપે ફર્માવ્યું કે શું તને ખબર છે કે એ અત્યારે ક્યાં છે ? વરૂએ કહ્યું, હે યાકૂબ ! علیہ السلام ભલે ને અમે જાનવરો છીએ અને ફાડી ખાવાનું અમારુ કામ છે, પણ અમે કોઈની ચુગલી નથી કરતા !" *(રાહતુલ મુહિબ્બીન, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ-૧૪૭)*

આનાથી બોધ પાઠ મળે છે કે જ્યારે એક ખૂંખાર જાનવર ચુગલખોરી પસંદ નથી કરતું તો પછી માણસ માટે એ કેવી રીતે જાઈઝ થશે કે એ એકબીજાની ચુગલી કરે !

### ★ ગાળ તથા જૂઠુ બોલવાથી બચો ! ★

કોઈને ગાળો આપવી, જૂઠી ક્સમો ખાવી પણ આ જ પ્રકારમાંનાં નાજાઈઝ કામો છે જેનાથી બચવું

દરેક માટે જરૂરી છે. ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જે માણસ કોઈ મો'મિનને ગાળો આપે છે તે પોતાની મા અને પુત્રી સાથે ઝિના કરે છે, અને આ એવું છે જેમ કે મૂસા علیہ السلامની લડાઈમાં ફિરઔનની મદદ કરવી. જે મો'મિનને ગાળો આપે છે એની દુઆ અમુક દિવસો સુધી કુબૂલ નથી થતી અને જો તૌબા કર્યા વગર મરી જાય તો ગુનેહગાર ઠરશે." *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, મજલિસ–૮, પેજ–૨૦)*

જૂઠી કસમના બારામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જેણે જૂઠી કસમ ખાધી જાણે એણે પોતાના ખાનદાનને વિરાન કર્યું, એના ઘરમાંથી બરકત ઉઠાવી લેવામાં આવે છે." *(દલીલુલ આરિફીન, ખ્વાજા મોઈનુદ્દીન હસન ચિશ્તી, મજલિસ–૩, પેજ–૧૨)*

### ★ હરામ રોજી તથા લોભ લાલચથી બચો ! ★

વર્ણન કરેલી બધી નસીહતોનો મકસદ સારા સમાજની રચના કરવાનો છે. ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ એવી તા'લીમ આમ કરવાની પૂરી કોશિશ કરી જેનાથી લોકોમાં એવી તબદીલી આવે જે સારો માહોલ સ્થાપિત કરવામાં મદદરૂપ સાબિત થાય. આ સિલસિલાનું એક અતિ મહત્વનું પાસુ પણ છે જેનુ અહિંયા વર્ણન કરવું ઘણુ જ જરૂરી છે અને તે છે ચિશ્તી બુઝુર્ગોની તા'લીમાતમાં હલાલ રોજી કમાવા પ્રતિ ઉત્તેજન. એ બુઝુર્ગોની તા'લીમાતમાં રોજી કમાવાનો અને ખુશ હાલ જિંદગી ગુજારવાનો પણ દર્સ મળે છે. સામાન્યતઃ એ ગલતફેહમી જોવા મળે છે કે સૂફિયાએ કિરામ દુનિયા અને એમાં રહીને કિનારાકશ થવા અને લોકોથી સંબંધ કટ કરવા પર યકીન રાખે છે, જ્યારે કે એવું નથી. દુનિયા છોડવાથી મુરાદ એહલે તસવ્વુફને ત્યાં શું હોય છે એને હઝરતે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના આ કૌલથી બખૂબી સમજી શકાય છે. એ ફર્માવે છે :–

"દુનિયા છોડવાથી મુરાદ એ નથી કે માણસ પોતાને નગ્ન કરી નાખે અને લંગોટ બાંધીને બેસી રહે ! પણ દુનિયા છોડવાનું નામ એ છે કે કપડાં પણ પહેરે અને ખાય પણ ખરો, પણ જે કાંઈ એનાથી મળે એના તરફ લલચાય ન જાય અને એનાથી દિલ ન લગાડે." *(ફવાઈદુલ ફવાદ ભાગ–૧, મલ્ફૂઝાતે ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૮)*

વધુમાં સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે ફર્માવે છે :–

### ★ રોજી કમાવું અને તેની ફઝીલત ★

હિંમત બુલંદ રાખવી જોઈએ અને દુનિયાની ગંદકીઓમાં ફસાવુ ન જોઈએ. લાલચ અને વાસના છોડી દેવી જોઈએ. *(ફવાઈદુલ ફવાદ–ભા–૧, ખ્વાજા નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, પેજ–૧૧)*

આ કૌલથી ભાવાર્થ સારી રીતે જાહેર થઈ ગયો કે દુનિયા છોડવાથી મુરાદ નગ્ન રહેવુ અથવા લંગોટ બાંધીને બેસી જવું અથવા જંગલો તરફ મોઢું કરી લેવું નથી, પણ એનાથી મુરાદ દુનિયાની ખરાબીઓમાં ન ફસાવુ, લાલચ અને વાસનાને છોડી દેવુ છે. ખાસ કરીને સમાજમાં બુરાઈઓનું કારણ દુનિયાની ખરાબીમાં ફસાવું અને લાલચ અને હવસ અને વાસના હોય છે. આ એ બુરાઈઓ છે જેનાથી માણસ માનવતાના પોશાકને ત્યજી દેવા મજબૂર થઈ જાય છે. એટલા માટે સૂફિયાએ કિરામે બુરાઈઓથી દૂર રહેવાની તા'લીમ આપી છે અને એ દર્સને તર્કે દુનિયાનું નામ આવ્યું છે. આટલી સ્પષ્ટતા છતાં જો તર્કે દુન્યાનો ભાવાર્થ જો કાંઈક બીજો લેવામાં આવે તો એ ઈન્સાફ પર આધારિત નથી હોય શક્તું. એટલા માટે કે જો તર્કે દુન્યાથી મુરાદ ઘરેલુ જિમ્મેદારીઓથી મોઢું ફેરવી લઈ જંગલ તરફ ચાલ્યા જવું હોત તો કદાપિ ચિશ્તી બુઝુર્ગોની તા'લીમાતમાં હલાલ રોજી કમાવાનું ઝિક્ર ક્યારેક પણ ન મળતુ અને તેઓ સમાજમાં સક્રિય રહીને મખ્લૂકની ખિદમતનો ફરીઝો અંજામ ન આપતા.

ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :

એક વખતે રસૂલે આ'ઝમ ﷺ હાજર હતા ત્યાં એક માણસે ઉભા થઈને પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધાના બારામાં આપનો શું મશ્વરો છે? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તારું કામ શું છે? એણે કહ્યું કે દરજીનું કામ. આપે ફર્માવ્યું, જો તું સીધી રીતે આ કામ કરે તો ઘણુ સારૂં છે. કયામતના દિવસે તું ઈદરીસ علیہ السلامની સાથે જન્નતમાં જઈશ. અને પછી બીજો એક માણસ ઉભો થયો અને કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ મારા કામના બારામાં આપનો શું મશ્વરો છે ? નબી ﷺએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? એણે કહ્યું કે ખેતીવાડી. આપ ﷺએ ફર્માવ્યું, આ ઘણુ સારુ કામ છે, એ કારણે કે આ કામ હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું હતું, આ મુબારક અને ફાયદાવાળુ કામ છે. અલ્લાહ તઆલા ઈબ્રાહીમ علیہ السلامની દુઆથી તને બરકત આપશે અને કયામતના દિવસે જન્નતમાં તું હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પાસે હશે. પછી એક માણસ ઉભો થયો અને કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ મારા કામમાં આપનો શું મશ્વરો છે ? આપ ﷺએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? એણે કહ્યું, મારું કામ તા'લીમનું છે. તો આપે ફર્માવ્યું કે તારા કામને અલ્લાહ તઆલા સારી રીતે જાણે છે, જો તું લોકોને નસીહત કરશે તો કયામતના દિવસે હઝરત ખિઝર علیہ السلام જેટલો ષવાબ મળશે અને જો તું અદલ કરીશ તો આકાશના ફરિશ્તાઓ તારા માટે માફીના તલબગાર હશે. પછી બીજો એક માણસ ઉભો થયો અને કહ્યું ! યા રસૂલલ્લાહ ! ﷺ મારા ધંધા વિશે આપ શું કહો છો ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, તું શું કામ કરે છે ? એણે કહ્યું કે વેપાર. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો તું સીધી રીતે કામ કરીશ તો જન્નતમાં પયગમ્બરોની સાથે હશે. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, મજલિસ–૯, પેજ–૨૩)*

પછી ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

રોજી કમાવાવાળો અલ્લાહનો દોસ્ત હોય છે પણ એણે વિચારવું જોઈએ કે દરેક સમયની નમાઝ અદા કરે અને શરીઅતની હદથી ડગલુ આગળ ન વધારે. કેમ કે હદીષમાં છે કે આવી રોજી કમાવાવાળો અલ્લાહનો પ્યારો અને સિદીક્ હોય છે. *(અનીસુલ અરવાહ, મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની, સંપાદક : હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી, મજલિસ–૯, પેજ–૨૩)*

મતલબ સ્પષ્ટ થયો કે શરીઅતની હદોમાં રહીને હલાલ રોજી કમાવી પણ ઈબાદત છે અને એની જ તા'લીમ પયગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ ﷺએ આપી છે જેને ચિશ્તી બુઝુર્ગોએ આગળ વધારી છે.

આપે વધુમાં ફર્માવ્યું : ખાણુ હલાલ ખાવ, અને હલાલ કમાઈનો પહેરવેશ પહેરો અને તૌબા કરો અને હરામની કમાઈનાં કપડાં ન પહેરો. જ્યારે તમે આવુ કરશો તો **જન્નતના સાત દરવાજામાંથી એક દરવાજો તમારા માટે ખોલી દેવામાં આવશે** અને તમારી નમાઝ કૂબૂલ કરી લેવામાં આવશે. *(અનીસુલ અરવાહ, ખ્વાજા ઉષ્માન હારૂની, મજલિસ–૧૯, પેજ–૩૬)*

આ એ જ સમયે શક્ય છે જ્યારે સમાજમાં રહીને રોજી માટે મહેનત કરવામાં આવે. બાબા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ ફર્માવે છે : રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું, દુનિયા આખેરતની ખેતી છે, તો એનો મતલબ એ છે કે એમાં સદકો આપે, ઝકાત આપે અને સખાવત કરે અને આવનારા સમય (આખેરત) માટે કાંઈક વાવી લે જેથી ફળ પામી શકે, કેમ કે દુનિયામાં સદકો અને સખાવતથી વધીને કોઈ જ કામ નથી, જેણે પોતાનું કામ કાઢયું છે તો સખાવત અને સદકાથી કાઢયું છે. *(અસ્રારુલ અવલિયા, પેજ–૨૩)*

જાહેર છે કે સમાજમાં વસવાટ કરીને હલાલ કમાઈના ઝરીયાથી જ આ કામો કરી શકાય છે, દુનિયા છોડીને જંગલનો રસ્તો અપનાવીને આ નેકીઓ કેવી રીતે હાંસલ થઈ શકે ?! ખ્વાજા

મુઈનુદ્દીન ચિશ્તી હસન સંજરી رحمۃ اللہ علیہના મુમતાઝ ખલીફા શૈખ હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ જાતે જ ખેતીના થકી રોજી કમાતા હતા અને ગુજારો કરતા હતા. એમની પાસે એક વિંઘુ જમીન હતી જે ખાસ આપની માલિકીની હતી. આપ જાતે જ પોતાના હાથો વડે એમાં હળ ચલાવતા, ખેતી કરતા અને જે આવક થતી તે જરૂરી શક્તિ તથા જરૂરી સતરે અવરત (અંગો છુપાવવા)માં ખર્ચ કરતા. એનાથી સ્પષ્ટ પૈગામ એ જ મળે છે કે હલાલ રોજી કમાવા માટે કોશિશ કરવી જોઈએ અને બીજાઓની સામે હાથ ફેલાવવાથી પરહેઝ કરવો જોઈએ. હું સમજુ છું કે એમની તા'લીમાતના આ પાસાને ખૂબ જ પ્રમાણમાં આમ કરવાની જરૂરત છે, જેથી આપણી અંદર જાતે જ કફીલ (સ્વનિર્ભર) થવાનો જઝબો પૈદા થાય. ભૂખ્યાઓને ખાવા ખવડાવવું, ગરીબોની મદદ કરવી, ગરીબ હાલતવાળા લોકોની મદદ કરવી એ પોતાની જગાએ જરૂરથી મહત્વ ધરાવે છે, પણ આ રીતની તાલીમાતને એટલા મોટા પાયા પર આમ કરવામાં આવી કે મુસલમાનનું એક જુથ હાથ પર હાથ મૂકીને બીજાઓની મદદના સહારે જિંદગી ગુઝારવાનો ફૈંસલો કરી બેઠુ ! એનું પરિણામ એ આવ્યું કે દેશની સર્વ મસ્જિદો, દરગાહો, રેલ્વે સ્ટેશન અને ગલીઓમાં માગવાવાળાઓની લાઈનો લાગવા માંડી અને ભીખ માંગવાના નવા નવા તરીકાઓ સ્થાપવામાં આવ્યા. ગૈર મુસ્લિમ ભીખ માગવાવાળાઓએ પણ માથા પર ટોપી લગાડીને માગવાનું ચાલુ કરી દીધું છે, ગૈર મુસ્લિમ સ્ત્રીઓ ભીખ માગવા માટે બુરખા (નકાબ)નો સહારો લેવા માંડી ! કોઈ મઝારની ચાદર હાથમાં લઈ માગવા માટે નીકળી પડયું તો કોઈ મદ્રસાઓની ડુપ્લિકેટ (નકલી) રસીદો છપાવીને માગવા નીકળી પડયું, ત્યાં સુધી કે બુઝુર્ગોના મઝારો પર ભીખ માગવાનો ઠેકો પણ આપવામાં આવવા લાગ્યો ! જેના પરિણામે ઝિયારત કરવાવાળાઓ સાથે બદતમીઝી, અસભ્ય વર્તન, જબરદસ્તી થવા લાગી. હું સમજુ છું કે એવા ધંધાદારીઓને નિરૂત્સાહ કરીને હક્કદાર લોકો તથા ઈદારાઓની જ મદદ કરવી એ સમયનો તકાઝો છે. એવા લોકોની મદદ કરવામાં આવે જેમના બારામાં આપણને ખબર હોય કે ફલાણો માણસ જરૂરતમંદ છે તો શાયદ એનાં સારાં પરિણામો મળી શકે.

સામાન્યત : એવું કહી શકાય કે ચિશ્તી સિલસિલાના બુઝુર્ગોએ એક ઉમદા સમાજની રચના કરવાનો જે તરીકો આપનાવ્યો છે એનું ઉદાહરણ એ જાતે જ છે. એ તરીકો આપણી સંયુક્ત સંસ્કૃતિ મુતાબિક પણ હતો. એમણે પોતાના વર્તુળમાં જે તાલીમાતને આમ કરી એનાથી લોકોમાં એકબીજાથી મહોબ્બત, ઈત્તેહાદ, ભાઈચારાનો માહોલ બન્યો અને એક નેક સમાજની રચના અમલમાં આવી. એમને એ સારી રીતે ખબર હતી કે સમાજના લોકોને એકબીજાથી જોડવાવાળી વસ્તુ શું છે, અને નફરત તથા દુશ્મનીના બદલે હલાવત અને મીઠાશ પૈદા કરવાવાળા તરીકાઓ કયા કયા છે. જે કરવાનો હુકમ (રબ તરફથી થયો) તેના પર અમલ અને જેનાથી રોકવામાં આવ્યા તેનાથી દૂર રાખવા માટે તેઓ વાણી તથા વર્તન બંનેનો સહારો લેતા અને કોશિશ કરતા કે એવા તરીકાઓ ઈખ્તિયાર કરવામાં આવે જે બધા માટે કાબિલે કુબૂલ હોય. એટલા માટે એમના માનવાવાળાઓમાં આજે દરેક મઝહબના લોકો મૌજૂદ છે જે એમને ખિરાજે અકીદત પેશ કરે છે.

*(જામે નૂર, ઓગષ્ટ–૨૦૧૫)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ


**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા **(હપ્તો : ૩)** :: **અનુવાદક** ::

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી** (સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)

**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


## (૮, ૯) હવે સર્ફ તથા નહ્વ (અરબી ગ્રામર)ની તા'લીમ તથા અંગરખાનો સીધો પર્દો વાજિબ છે

સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : વાજિબ તથા હરામ કામો આપણી શરીઅતમાં બે પ્રકારનાં છે :–

**એક** : *'લિઅયનિહી'* એટલે કે (એવું કામ) જેની (મનાઈ) જાતમાં (સ્વંય, વાસ્તવિક્તા) વાજિબ હોવાનો તથા હરામ હોવાનો તકાઝો (આધાર) મૌજૂદ હોય. જેમ કે અલ્લાહની ઈબાદતનું ફર્ઝ હોવું તથા મૂર્તિ પૂજાનું હરામ હોવું. **બીજાં** : *'લિગયરિહી'* એટલે કે એવાં કામો જેમની જાત (સ્વંય)માં તો વાજિબ હોવાનો અથવા હરામ હોવાનો કોઈ આધાર ન હોય પરંતુ કોઈ બાહ્ય આધાર એવો હોય કે જેના કારણે તે કામો વાજિબ અથવા હરામ થઈ જશે. જેમ કે નહ્વ તથા સરફની તા'લીમનું વાજિબ હોવું કે આપણા નબી ﷺનું કલામ (આદેશો) અરબી ભાષામાં છે. અને કુર્આન હદીષને આ ઈલ્મ (સર્ફ તથા નહ્વ, અરબી ગ્રામર સિવાય) સમજવું (અતિ) મુશ્કેલ છે એટલા માટે તેના (સર્ફ તથા નહ્વ અરબી ગ્રામર) શિખવાને વાજિબ ઠરાવવામાં આવ્યું. અને અફીણ તેમજ ભાંગ વગેર જેવી નશાવાળી વસ્તુઓનું હરામ હોવું એટલા માટે છે કે તેના પીવાથી એક અણમોલ નેઅમત બુદ્ધિ નષ્ટ થઈ જાય છે જે તમામ ભલાઈઓ તથા નેકીઓ તરફ માર્ગદર્શક છે, અને દરેક ફિત્ના તથા બુરાઈથી બચાવનાર છે.

તે જ પ્રમાણે "શિઆર" (ખમીસ, પોશાક) છે કે દા.ત. અંગરખાનો સીધો પર્દો આપણી અસલ શરીઅતમાં વાજિબ નથી. બલ્કે આપણા નબી ﷺએ ન ક્યારે અંગરખુ પહેર્યું, અને ન તો હુઝૂર ﷺના મુલ્કમાં તેનો રિવાજ હતો. પરંતુ હવે હિંદુસ્તાનમાં મુસલમાનોની ઓળખ થઈ ગઈ છે. અને અંગરખાનો ઉલ્ટો પર્દો કાફિરોની ઓળખ થઈ ગઈ છે. તો હવે સીધો પર્દો છોડીને ઉલ્ટો પર્દો કરવો યકીનન હરામ થશે. *(ફતાવા રઝવિય્યહ, ૮/૪૪૪, રિસાલા : અન્ફસુલ્ ફિક્ર)*

આ છે અહકામ ઉપર હાલાતે ઝમાના (સમય તથા સંજોગો)ની અસર કે જે વસ્તુ રસૂલુલ્લાહ ﷺના પવિત્ર કાળમાં વાજિબ ન હતી. હાલાત તથા પરિસ્થિતિઓના બદલવાથી વાજિબ થઈ ગઈ અને જે વસ્તુ મુબાહ હતી તે હરામ થઈ ગઈ.

શું આ ખૈરુલ કુરૂન (બેહતરીન યુગ સહાબા, તાબઈનના જમાના)થી તથા ખાસ કરીને નબવી યુગથી ઈખ્તેલાફ તથા તેના વિરુદ્ધ કરવું છે ?! આવું તો કોઈ ઉચ્ચ દષ્ટિ ધરાવનાર આલિમે દીન તથા ફકીહ વિચારી પણ ન શકે ! તો જો આજે કેટલાક મુહક્કિક ફકીહો તેને નમૂનો માનીને તે જ સીધો માર્ગ અપનાવે તો તેમણે તેને પણ સમય તથા

સંજોગની અસર સમજવું જોઈએ અને ઈખ્તેલાફ ઉભો કરવું અથવા ફરી ગયા હોવાનો દિલમાં વસવસો આવે તો તેને ઝબાન તથા કલમ પર લાવવાને ઐબ સમજવું જોઈએ.

## (૧૦) નબવી કાળમાં બૂટ, ચપ્પલ પહેરીને મસ્જિદમાં જવું જાઈઝ હતુ, હવે નાજાઈઝ

રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં જૂતા (બૂટ, ચપ્પલ) પહેરીને નમાઝ પઢવું જાઈઝ તથા અદબના મુજબ હતું. પોતે હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺ પોતાના નાલૈન શરીફ પહેરીને નમાઝ પઢી લેતા હતા. સહાબાએ કિરામથી પણ જૂતા પહેરીને નમાઝ પઢવી સાબિત છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૪૩૯, ૪૪૦, ૪૪૫, ૪૫૦થી સાબિત છે. પરંતુ હવે લોકોનો ઉર્ફ (રિવાજ) તથા પરિસ્થિતિ બદલાય જવાના કારણે મનાઈ તથા અદબના વિરુદ્ધ ગણાશે.

ફતાવા રઝવિય્યહ્માં છે :–

''અને મસ્જિદમાં તો પહરેલા (ઉપયોગમાં આવતા) જૂતા પહેરીને જવું પણ મના તથા નાજાઈઝ છે. અને ન કે મસ્જિદમાં જોડા પહેરીને જમાઅતમાં શરીક થવું. (એટલે એ જાઈઝ નથી). *(ફતાવા રઝવિય્યહ, ૩/૪૪૪, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

ફતાવા રઝવિય્યહ્માં બીજી જગ્યાએ છે :–

''મસ્જિદમાં જૂતા (પગરખાં) પહેરીને જવું અદબના વિરુદ્ધ છે.'' ફતાવા સિરાજિયા તથા ફતાવા આલમગીરીમાં છે :–

دخول المسجد متنعلًا مکروه...اه ''મસ્જિદમાં જૂતા પહેરીને દાખલ થવું મકરૂહ છે.'' રદુલ મુહ્તારમાં ઉમ્દતુલ્ મુફતીના હવાલાથી છે :–

دخولُ المسجد مُتَنَعِّلًا من سوء الأدب۔اه۔ ''મસ્જિદમાં જૂતા (બૂટ, ચપ્પલ) પહેરીને જવું બેઅદબી છે.''

અદબનો આધાર ઉર્ફ તથા રિવાજ પર જ છે, અને તે સમયના બદલાવ તથા દેશ તેમજ કૌમના બદલાવથી બદલાય જાય છે. અરબમાં બાપની સાથે ''અન્ત'' વડે સંબોધીને વાત કરવામાં આવે છે, એટલે કે ''તું''. રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં પણ આ જ પ્રમાણે (બાપને) સંબોધવામાં આવતા હતા. સૈયદુના ઈસ્માઈલ علیہ السلامએ પોતાના વાલિદે માજિદ સૈયદુના ઈબ્રાહીમ શૈખુલ અંબિયા, ખલીલે કિબ્રિયા علیہ السلامથી અર્ઝ કરી, ''હે મારા બાપ! તું કર જે વાતનો તને હુકમ આપવામાં આવ્યો છે.'' હવે જો કોઈ બેદઅબ તેને આધાર બનાવીને પોતાના બાપને તું કહે તો તે જરૂર ગુસ્તાખ અને સજાને પાત્ર ગણાશે. (એ જ રીતે) નમાઝ અલ્લાહ બેનિયાઝની બારગાહમાં હાજર થવું છે. કોઈ નવાબના દરબારમાં જૂતા (બૂટ, ચપ્પલ) પહેરીને જાય તો ખરો? *(ફતાવા રઝવિય્યહ, ૩/૪૫૦, રિસાલા : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

લોકોના ઉર્ફ તથા જમાનાની સ્થિતિઓની શરીઅતના હુકમો ઉપર કેટલી ઊંડી અસર પડે છે તેનો અંદાઝો ઉપરોક્ત ફત્વાથી લગાડી શકાય છે કે જે વાત નબવી કાળમાં તથા સહાબાના કાળમાં અદબના મુજબ ગણવામાં આવતી હતી, તે આજના યુગમાં અદબના વિરુદ્ધ થઈ ગઈ. અને તેના આધારે હવે શરીઅતનો હુકમ પણ ''જાઈઝ હોવાથી'' બદલાયને ''નાજાઈઝ'' થઈ ગયો.

## (૧૧) નબવી કાળમાં કુર્આનની તા'લીમ આપવા પર ઉજરત (મહેનતાણુ) લેવી હરામ, હવે જાઈઝ !

કુર્આને પાકની તા'લીમ પર મહેનતાણુ લેવું રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં હરામ હતું, પરંતુ ત્યાર પછીના યુગોમાં કોઈક સમયે એ જાઈઝ થઈ ગયું.

જેમ કે ફતાવા રઝવિય્યહ્માં છે :–

''કુર્આને કરીમ (ની તા'લીમ અંગે) ઉજરત

(મહેનતાણુ) લેવા (ના વિષય)માં ઘણી જ હદીષો આવી છે. જેમ કે હદીષે અક્દસમાં છે કે કુર્આનની તા'લીમ આપવા પર હઝરતને ઉબાદા બિન સામિત رضی اللہ عنہને એક કમાન મોકલવામાં આવી. તેમણે વિચાર્યું કે આ કોઈ માલ નથી અને જેહાદમાં કામ લાગશે (એમ વિચારીને રાખી લીધું) અને અલ્લાહના રસૂલ ﷺથી અર્ઝ કરી, (પૂછયું) આપ ﷺએ ફર્માવ્યું :–

**من لم يذر المخابرة۔ فليؤذن بحربٍ من الله ورسوله۔**

''જો તું ચાહે કે અલ્લાહ તઆલા તારા ગળામાં આગની બેડી નાખે તો તું તેને (કમાનને) લઈ લે.''

ઉપરોક્ત હદીષના રાવી અબૂ દાઊદ તથા ઈબ્ને માજહ છે. આ જ પ્રકારની હદીષ અબ્દુર્રહમાન બિન શુબુલ, અબૂ હુરૈરહ્, અબ્દુર્રહમાન બિન ઔફ, ઉબય બિન કઅબ, ઈબ્ને બુરૈદા, અબૂ દરદાઅ્ વગેરે رضوان الله تعالىٰ عليهم اجمعينથી પણ રિવાયત થઈ છે.

અને આપણા ઉલમાએ કિરામનો મઝહબ પણ હરામ હોવું જ છે. અને પ્રારંભિક યુગમાં બિલકુલ (તેનો) રિવાજ ન હતો. તેમ છતાં બદલતા ઉર્ફ (રિવાજ) તથા જરૂરતોના કારણે (કુર્આનની તા'લીમ પર મહેનતાણુ લેવાના) જાઈઝ હોવાનો ફત્વો આવ્યો. ઈમામ અબૂલ લૈષની બુસ્તાનુલ્ ફિક્હમાં છે :–

**اما اذا عَلَّمَ بالاجرة فقد اختلف الناس، فقال اصحابنا المتقدمون: لايجوز أخ الأ جرة، وقال جماعة من علماء المتأخرين: يجوز فالا فضلُ ان لا يشترط للفظ بل لتعليم الهجاء والكتابة فلو شرط لتعليم القراٰن ارجوان لا بأس به لاَنَّ النَّاس قد توار ثوا ذلك واحتجوا اليه۔ اه مختصراً**

''મહેનતાણુ લઈને કુર્આને હકીમની તા'લીમ આપવાના વિશે ફુકહાએ કિરામનો ઈખ્તેલાફ છે. આપણા પ્રારંભિક ફુકહાએ કિરામ ફર્માવે છે કે કુર્આનની તા'લીમ પર મહેનતાણુ લેવું નાજાઈઝ છે. અને ત્યારબાદના ઓલમાની એક જમાઅત તેની ઈજાઝત આપે છે. તો અફઝલ એ છે કે હિફ્ઝે કુર્આન માટે મહેનતાણાની શરત ન લગાડવામાં આવે બલ્કે હિજ્જે (કરાવીને પઢાવવું) તથા લખતાં શિખવવા માટે મહેનતાણુ નક્કી કરવામાં આવે. અને જો કુર્આનની તા'લીમ માટે મહેનતાણાની શરત રાખી તો મને આશા છે કે તેમાં કોઈ વાંધો નહીં રહે, એટલા માટે કે કુર્આનની તા'લીમ માટે મહેનતાણુ લેવાના વિષયમાં મુસલમાનોનો અમલ પહેલાંથી ચાલી રહ્યો છે અને તેની જરૂરત પણ છે. **–*નિઝામ*** *(ફતાવા રઝવિય્યહ્, ૮/૨૧૨, રિસાલા : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

જુઓ, જે કામ નબવી કાળમાં હરામ હતું તે સમય તથા સંજોગોના બદલવાથી હલાલ થઈ ગયું. આ રસૂલુલ્લાહ ﷺના ફર્માનથી ઈખ્તેલાફ તથા તેનો વિરોધ નથી. અને કોઈ સુન્ની એ વિચારી પણ નથી શક્તો. કેમ કે આ ''શરીઅતની સાત મસ્લેહતો''માંથી કોઈ એકના મુજબ જ છે.

## (૧૨) નબવી કાળમાં બટાઈ પર (આધે ભાગે ખેડવા માટે) જમીન આપવી હરામ હતી, હવે જાઈઝ !

રસૂલુલ્લાહ ﷺના પવિત્ર યુગમાં બટાઈ (આધ) પર જમીન આપવાની મનાઈ હતી, પણ હવે ઈજાઝત છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્માં છે :

''બટાઈ પર (આધે ભાગે) જમીન ઉઠાવવાથી મોઅતબર હદીષોમાં મનાઈ આવી છે. જેમ કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની હદીષમાં છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા :–

**من لم يذر المخابرة۔ فليؤذن بحربٍ من الله ورسوله۔**

''જે બટાઈ પર જમીન આપવાનું ન છોડે તો

અલ્લાહ તથા રસૂલની સાથે લડાઈનું એલાન કરે.''

**رواہ ابوداؤد و الطحاوی۔ وفی الباب عن رافع بن خدیج وثابت بن الضحاك وزید بن ثابت وانس بن مالك وابی ھریة رضی اللّٰہ تعالٰی عنھم اجمعین۔**

આ હદીષને અબૂ દાઊદ તથા તહાવીએ રિવાયત કરી છે, અને આ વિષયમાં રાફેઅ બિન ખદીજ, ષાબિત બિન ઝહ્હાક, ઝૈદ બિન ષાબિત, અનસ બિન માલિક તથા અબૂ હુરૈરહ્ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની પણ રિવાયતો છે.

અને કયાસ પણ કેટલાક કારણોથી તેની જ અનુમતિ આપે છે. એટલા માટે આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ સહાબાએ કિરામ તથા તાબઈને કિરામની પયરવી કરતાં તેને હરામ તથા ફાસિદ કહ્યું છે. તેમ છતાં સાહિબૈન (ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما)એ લોકોમાં પ્રચલિત અમલના કારણે ઈજાઝત આપી અને તેના ઉપર જ ફત્વો આપવામાં આવે છે.

હિદાયહ્માં છે :–

**قال ابوحنیفة رحمة اللّٰه تعالٰی علیه: المزارعةُ بالثُّلث والرُّبُع باطلة۔ وقالا جائزة۔ له: ماروی أنّه صلّی اللّٰه تعالٰی علیه وسلم نھی عن المخابرة وھی المزارعة۔۔۔۔ إلّا ان الفتوی علی قولھما لحاجة الناس الیھا ولظھور تعامل الاٴمّة بھا والقیاسُ یترك بالتّعامل کا فی الاستصناع۔ اہ مختصرًا**

''ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે ત્રીજા ભાગે તથા ચોથા ભાગે પાકના બદલામાં જમીનને બટાઈ પર આપવું બાતિલ છે. અને સાહિબૈન ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما એ ફર્માવ્યું કે બટાઈ જાઈઝ તથા સહીહ છે.

ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ એ છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ખેતરની બટાઈ પર આપવાની મનાઈ ફર્માવી છે.... પરંતુ ફત્વો તો સાહિબૈન رحمۃ اللہ علیہما ના કૌલ ઉપર આપવામાં આવે છે કેમ કે લોકોને બટાઈની જરૂરત છે. અને તેના પર ઉમ્મતનો તઆમુલ (અમલ) પણ જાહેર તથા સામાન્ય છે. અને કયાસને તઆમુલના કારણે છોડી દેવામાં આવે છે. જેમ કે ફર્માઈશી★ખરીદ વેચાણમાં કયાસને લોકો અધિક અમલના કારણે છોડી દેવામાં આવ્યો. *(ફતાવા રઝવિય્યહ્, ૮/૧૧૨, ૨૧૩, રિસાલા : સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

જ્યારે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ બટાઈ પર જમીન આપવાની મનાઈ ફર્માવી આપી તો સ્પષ્ટ છે કે ખૈરુલ કુરૂન ખાસ કરીને સહાબાના કાળમાં પણ તેના ઉપર અમલ થયો હશે. અને એ જ ઈમામે આ'ઝમનો પણ મઝહબ છે. ત્યાર પછી બાદમાં કોઈ યુગમાં તે હુકમમાં બદલાવ આવ્યો જે નિશ્ચિત રીતે હાલાતે જમાનાના બદલાવનો અસર છે. અને એ જ કારણે અહલે ખૈરના દરમિયાન તેના લીધે ક્યારે પણ કોઈ વિખવાદ તથા લડાઈ ઉદ્ભવી નથી, તો આપણે પણ તેમના નક્શે કદમ પર ચાલવું જોઈએ.

★ *ફર્માઈશી ખરીદ વેચાણ એટલે તે ખરીદ વેચાણ જેમાં ખરીદેલી વસ્તુનું અસ્તિત્વ ખરીદતી વખતે ન હોય તેને પહેલાંથી ઓર્ડર આપીને ખરીદવામાં આવે છે.*

*–મૌલાના ગુલામયાસીન મિસ્બાહી*

**જાલના :** અલ્લાહ પાકના ફઝલો કરમથી તથા રસૂલે પાક صلی اللہ علیہ وسلم ના વસીલાથી ૩–ઝિલ હજ્જ, હિ. સ. ૧૪૩૬, તા. ૧૮–૯–૨૦૧૫, જુમ્આના દિવસે ફઝરની નમાઝ બાદ મુંબઈના એરપોર્ટથી મહંમદઆસિફ અબ્દુલઅઝીઝ મામદાણી રઝવી તથા તેમના પત્ની સાહેબા તેમજ મોહંમદઈલ્હાઝ મહંમદઅનવરભાઈ રઝવી નાગોદરીયા તથા તેમના પત્ની સાહેબા ઝિયારતે હરમૈન શરીફૈનની ઝિયારતે ગયા છે. અલ્લાહ પાક તેમની સફરને આસાન ફર્માવે તથા મકબૂલ ફર્માવે. (આમીન) *– તંત્રી*

# જુમ્આના ખુત્બા સંબંધી જરૂરી મસાઈલ

❑ કાર્યાલય

❑ **સવાલ :** જુમ્આના દિવસે કેટલાક લોકોને જોવામાં આવે છે કે અન્ય અઝાનોની જેમ ખુત્બાની અઝાનનો જવાબ પણ આપે છે. તો શું એ દુરુસ્ત છે ?

❑ **જવાબ :** મુક઼્તદીઓએ ખુત્બાની અઝાનનો જવાબ આપવો જાઈઝ નથી. કારણ એ છે કે **જ્યારે ઈમામ ખુત્બા માટે મિમ્બર પર બેસે એ સમયથી લઈને નમાઝ પૂર્ણ થતા સુધી દરેક પ્રકારની વાતચીત મના છે. દીની હોય કે દુનિયવી.** અને ખુત્બાની અઝાનનો જવાબ આપવો દીની કલામ છે એટલા માટે એ પણ મના છે. *(દુર્રે મુખ્તાર, ભાગ–૩, પેજ–૩૪)*

એ જ પ્રમાણે જુમ્આની જમાઅતની ઈમામત પહેલાંની તક઼બીરનો પણ જવાબ આપવો કે ત્યારે દુરૂદ પઢવું એ પણ દીની કલામ છે જેથી એ પણ મના જ થશે.

❑ **સવાલ :** ખુત્બામાં હુઝૂર ﷺનું નામે પાક આવે તો એ વખતે દુરૂદ શરીફ પઢવું કેવું છે ?

❑ **જવાબ :** ખુત્બામાં હુઝૂર ﷺનું નામે પાક આવે તો એ વખતે જીભ વડે દુરૂદ શરીફ પઢવું મના છે. અલ્બત્ત (જીભ હલાવ્યા વિના) મનમાં જ પઢી શકે છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૭૦૯)*

❑ **સવાલ :** ઘણી જગાએ એવું જોવામાં આવ્યું છે કે ખુત્બાની અઝાન જ્યારે ખત્મ થાય છે તો લોકો હાથ ઉઠાવીને દુઆ માગે છે. (અમુક જણા ખુત્બાની વચ્ચે ઈમામ મિમ્બર પર બેસે ત્યારે પણ દુઆ કરે છે) એ ક્યાં સુધી દુરુસ્ત છે ?

❑ **જવાબ :** ખુત્બાની અઝાન પછી હાથ ઉઠાવીને દુઆ માગવી મના છે, કેમ કે દુઆ એક પ્રકારનો ઝિક્ર છે, અને ખતીબના મિમ્બર પર આવ્યા બાદ દરેક પ્રકારનો ઝિક્ર મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, ભાગ–૩, પેજ–૩૪)*

❑ **સવાલ :** જુમ્આના ખુત્બાની અઝાનમાં નામે પાક સાંભળીને અંગૂઠા ચૂમવા કેવું છે ?

❑ **જવાબ :** જુમ્આના ખુત્બાની અઝાનમાં નામે પાક સાંભળીને અંગૂઠા ચૂમવા ન જોઈએ, કેમ કે એ સમયે ખામોશ રહેવાનો હુકમ છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૭૫૯)*

(એ જ પ્રમાણે ખુત્બા પછી ઈકામતમાં પણ ખામોશ રહે. દુરૂદ પઢવું કે અંગૂઠા ચૂમવા નહીં જુમ્આની ફર્ઝની સલામ ફેરવ્યા પછી જે પઢવું હોય પઢે.)

❑ **સવાલ :** ઈમામ જો જુમ્આનો ખુત્બો ભૂલી જાય તો કોઈ લુક઼્મો આપી શકે છે કે નહીં ?

❑ **જવાબ :** ઈમામ જો જુમ્આનો ખુત્બો ભૂલી જાય તો કોઈ લુક઼્મો આપી શક્તુ નથી, એટલા માટે કે ફર્ઝની માત્રા એકવાર અલ્હમ્દુલિલ્લાહ અથવા સુબ્હાનલ્લાહ અથવા લાઈલાહ ઈલ્લલ્લાહ કહેવું છે. જો આટલુ પઢી ચૂક્યો છે તો શરઅન લુક઼્મો આપવાની જરૂરત નથી.

*–(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી, પેજ–૧૮, સપ્ટે.–૨૦૧૫)*

# ચહેરાની વિવિધ હાલતો
## કુર્આનની રોશનીમાં

કાર્યાલય

*પ્રસ્તૂત લેખમાં કુર્આની આયતો થકી રબનાં ફર્માનોમાં દુનિયા તથા આખેરતમાં આપણા ચહેરાઓની શું હાલત થશે તે ખૂબ જ ઈબ્રતનાક અંદાજમાં દર્શાવવામાં આવેલ છે. ઈમાનવાળા નેક મો'મિનોના ચહેરાઓની હાલત ખુશનુમા હશે જ્યારે કાફિરો તથા નાફર્માનોના ચહેરા ગભરાયેલા તથા આગમાં બળી રહેલા તથા પરેશાન હાલ, ભયભીત હાલતમાં હશે.* ***હે મુસલમાનો ! આ કોઈ ધારણાઓ કે અટકળો કે કિસ્સા કહાની નથી ! આ તમારા ખાલિક઼ માલિક રબનાં ફર્માનો છે કે આખેરતમાં ગુનેહગાર તથા કાફિરોના ચહેરાઓ ભયાનક હાલતમાં બળતા, સળગતા, ભયભીત હશે અને નેક મો'મિનના ચહેરાઓ ખુશનુમા હશે.*** *અલ્લાહે તમને બુધ્ધિ આપી છે તો અત્રે રજૂ કરેલ આયતોનો અભ્યાસ કરો અને આખેરતમાં ખુશ ચહેરે સુકૂન મેળવવું હોય તો દરેક પ્રકારના ગુનાહો જૂઠ, જુલ્મ, ધોકાબાઝી, ઝિના, દારૂ, જૂગાર, હરામ ચીજો જોવાથી, હરામ કમાણીથી... સર્વ ગુનાહોથી આજે જ તૌબા કરી લો એમાં જ સૌની ભલાઈ છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

કહે છે કે ચહેરો દિલનો આઈનો હોય છે. આપણે જોઈએ છીએ કે કોઈનો ચહેરો ઉતરેલો છે તો કોઈના ચહેરા પર હવાઈઓ ઉડી રહી છે, કોઈના ચહેરાનો રંગ લાલ છે તો કોઈનો પીળો... વગેરે. ઈન્સાની ચહેરાઓ કેવળ આ દુનિયામાં જ બદલાતા રંગો અને કૈફિયતોની સાથે હશે નહીં, બલ્કે આખેરતમાં પણ આ પ્રકારનાં દ્રશ્યો જોવામાં આવશે. એનો નક઼્શો ઠેકઠેકાણે કુર્આને પાકમાં દર્શાવવામાં આવેલ છે.

### ★ નેકોકારોના ચહેરા ★

وَاَمَّا الَّذِيۡنَ ابۡيَضَّتۡ وُجُوۡهُهُمۡ فَفِىۡ رَحۡمَةِ اللّٰهِ ؕ هُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ۝

"રહ્યા તે લોકો જેમના ચહેરા રોશન હશે, તો તેમને અલ્લાહની રહમતના દામનમાં જગા મળશે અને હમેશાં એ જ હાલતમાં રહેશે." *(આલે ઈમરાન, ૩/૧૦૭)*

એ પણ ફર્માવવામાં આવ્યું : يَوۡمَ تَبۡيَضُّ وُجُوۡهٌ "કેટલાક લોકો સુર્ખરૂ (ખુશી ચહેરે) હશે." *(આલે ઈમરાન, ૩/૧૦૬)*

ક્યાંક ફર્માવવામાં આવ્યું કે :–

وُجُوۡهٌ يَّوۡمَئِذٍ نَّاعِمَةٌ ۝ لِّسَعۡيِهَا رَاضِيَةٌ ۝ "કેટલાક ચહેરા એ દિવસે રોનકવાળા હશે, પોતાની કારકિર્દી પર ખુશ હશે." *(અલ્ગાશિયહ, ૮૮/૮, ૯)*

એ જ પ્રમાણે ઈમાનવાળાઓના ચહેરાનો હાલ દુનિયામાં પણ વર્ણન કરવામાં આવ્યો છે કે :–

سِيۡمَاهُمۡ فِىۡ وُجُوۡهِهِمۡ مِّنۡ اَثَرِ السُّجُوۡدِ ؕ

"સિજદાઓની અસરો એમના ચહેરાઓ પર મૌજૂદ છે જેનાથી તેઓ અલગ ઓળખાય જાય છે." *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

ઈમાનવાળાઓના ચહેરાઓનો હાલ ક઼યામતના દિવસે કેવો હશે એનો મંઝર પણ જોઈ લો :–

تَعۡرِفُ فِىۡ وُجُوۡهِهِمۡ نَضۡرَةَ النَّعِيۡمِ ۝

"એમના ચહેરાઓ પર તમે ખુશહાલીની રોનક મેહસૂસ કરશો." *(સૂ. મુત્તફ્ફીન, ૨૪/૨૪)*

એટલે ઈમાનવાળાઓના ચહેરા તેમની દિલી કૈફિયતનું પ્રતિબંધ હશે. તેની અસર તેમના રોનકથી

ભરપુર તથા ચમકતા દમકતા ચહેરાઓએથી ખૂબ ખૂબ જાહેર થશે.

### ★ મુજરિમો (ગુનેહગારો)ના ચહેરાઓ ★

فَاَمَّا الَّذِيْنَ اسْوَدَّتْ وُجُوْهُهُمْ۔ اَكَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ۔

"જેમનું મોં કાળુ હશે (તેમને કહેવામાં આવશે કે) નેઅમત પામ્યા પછી તમે કાફિરો જેવું વર્તન અપનાવ્યું, સારું! તો એ નેઅમતની નાશુક્રીના બદલામાં અઝાબની મજા આપો." *(આલે ઈમરાન, ૩/૧૦૬)*

એટલે કે કાફિરો તથા મુજરિમોના ચહેરેથી જહાલત તથા ગુમરાહીની કાળાશ ટપકી રહી હશે, અને ધાક તથા દબદબાના કારણે તેમની રંગત ઉડી રહી હશે. જેમ કે ફર્માવવામાં આવ્યું :–

كَاَنَّمَآ اُغْشِيَتْ وُجُوْهُهُمْ قِطَعًا مِّنَ الَّيْلِ مُظْلِمًا ط

"એમના ચહેરાઓ પર એવો અંધકાર છવાયેલો હશે જેમ કે રાતના કાળા પર્દા એમના પર પડેલા છે." *(સૂ. યૂનુસ, ૧૦/૨૭)*

એ જ પ્રમાણે ફર્માવવામાં આવ્યું કે :–

وَيَوْمَ الْقِيٰمَةِ تَرَى الَّذِيْنَ كَذَبُوْا عَلَى اللّٰهِ وُجُوْهُهُمْ مُّسْوَدَّةٌ ط

"આજે જે લોકોએ ખુદા પર જૂઠ બાંધેલ છે કયામતના દિવસે તમે જોઈ લેશો કે એમનાં મોઢાં કાળાં હશે." *(સૂ. ઝુમર, ૩૯/૬૦)*

### ★ અઝાબને જોઈને ચહેરાના હાવભાવો ★

હક્કના મુન્કિરો (નકારનારાઓ) જયારે કયામતના દિવસે અઝાબને જોઈ લેશે તો તેમને પોતાની કમબખ્તી સાફ જણાય આવશે અને પછી તેમના ચહેરા પણ તેમની દિલી કૈફિયતની ચુગલી ખાય રહ્યા હશે. આ તે લોકો હશે કે દુનિયામાં તેઓ મોટા મોટા હોદ્દાઓ પર બિરાજમાન મોટી મોટી જાગીરોના માલિક સોનાનો ચમચો મોમાં લઈને પેદા થયા, એશ આરામમાં ઉછર્યા. એ જ માલ તથા દૌલત, એશ આરામ એમના હક્ક સ્વીકારવાના માર્ગમાં દીવાલ સાબિત થયો. આખેરતમાં જયારે દૂધનું દૂધ અને પાણીનું પાણી તેમને સાફ દેખાય દેશે તો ચહેરા પણ અજીબ મન્ઝર પેશ કરી રહ્યા હશે !

આવો ! એ ચહેરાઓનો હાલ જાણવા માટે કુર્આને હકીમનાં વરકોને પલટાવો ! ફર્માવવામાં આવ્યું :– وُجُوْهٌ يَّوْمَئِذٍ خَاشِعَةٌ ٥ عَامِلَةٌ نَّاصِبَةٌ "કેટલાક ચહેરા એ દિવસે ભયભીત હશે, ખૂબ જ તકલીફ કરી રહ્યા હશે, થાકી જતા હશે. *(સૂ. ગાશિયહ, પા. ૩૦, ૮૮/૨,૩)*

એ જ પ્રમાણે ફર્માવવામાં આવ્યું :– "وَوُجُوْهٌ يَّوْمَئِذٍۢ بَاسِرَةٌ تَظُنُّ اَنْ يُّفْعَلَ بِهَا فَاقِرَةٌ ٥ અને કેટલાક ચહેરા ઉદાસ હશે, અને સમજી રહ્યા હશે કે તેમની સાથે કમરતોડ વર્તાવ થવાનો છે." *(સૂ. કિ્યામહ, ૭૫/૨૪,૨૫)*

અધિક સ્પષ્ટતા કરતાં બતાવવામાં આવ્યું કે : فَلَمَّا رَاَوْهُ زُلْفَةً سِيْٓئَتْ وُجُوْهُ الَّذِيْنَ كَفَرُوْا "પછી જયારે એઓ એ ચીજને નજીક જોઈ લેશે તો એ સૌ લોકોના ડાચાંઓ બગડી જશે." *(સૂ. મુલ્ક, ૬૭/૨૭)*

આ હાલત એમની દુનિયામાં પણ થતી હતી જયારતેઓ કલામે પાક સાંભળતા હતા, એનાથી નસીહત કુબૂલ કરવાને બદલે ઉલ્ટુ એ એમના માટે અઘરૂ સાબિત થતુ હતું. જેમ કે ફર્માવવામાં આવ્યું :

وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ تَعْرِفُ فِىْ وُجُوْهِ الَّذِيْنَ كَفَرُوا الْمُنْكَرَ ط

"અને જયારે એમને અમારી સાફ સાફ (ચોખ્ખે ચોખ્ખી) આયતો સંભળાવવામાં આવે છે તો તમે જુઓ છો કે હક્કના મુન્કિરોના ચહેરા બગડવા માંડે છે. *(સૂ. હજ્જ, ૨૨/૭૨)*

હવે આખેરતમાં કેવળ તેમના ચહેરા જ ભયભીત નહીં થાય બલ્કે ભય તથા ડર અને ગભરાહટની અજીબ કૈફિયત હશે. જેનો ઈબ્રતનાક મન્ઝર આ આયતે મુબારકામાં જોવા મળે છે કે :–

لِيَوْمٍ تَشْخَصُ فِيْهِ الْاَبْصَارُ ٥ مُهْطِعِيْنَ مُقْنِعِىْ رُءُوْسِهِمْ لَا يَرْتَدُّ اِلَيْهِمْ طَرْفُهُمْ وَاَفْئِدَتُهُمْ هَوَآءٌ ط

" એ દિવસે જ્યારે એ હાલ થશે કે આંખો ફાટેલી ને ફાટેલી જ રહી જશે, માથુ ઉઠાવીને ભાગતા ચાલ્યા જઈ રહ્યા છે, નજરો ઉપર જામેલી છે અને દિલ ઉડતાં જઈ રહ્યાં છે. *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૪૩)*

### ★ દુનિયામાં મુન્કિરો (નકારનારાઓ)ના ચહેરા ★

કુર્આને હકીમ મુન્કિરોના ચહેરાઓનો હાલ પણ વર્ણવી રહેલ છે જેઓ હક્ક્ની સદા તથા નેકીનો પુકાર સાંભળીને બગડવા લાગે છે અને કુર્આનની વાતો તેમની નાઝુક તબીઅત પર ભારે લાગે છે. આ હાલતનો જે નક્શો સૂરએ હજજની આયતમાં ખેંચવામાં આવ્યો છે તે ઉપર ગુજરી ચૂક્યો છે. અન્ય સ્થાનોએ પણ એનું વર્ણન કરવામાં આવેલ છે :

قُلْ هُوَ نَبَؤٌا عَظِيمٌ ٥ اَنْتُمْ عَنْهُ مُعْرِضُوْنَ ٥ "તેમને કહો ! આ એક મહાન ખબર છે જેને સાંભળીને તમે મોઢું ફેરવો છો." *(સૂ. સાદ, ૩૮/૬૭,૬૮)*

બીજે ઠેકાણે છે :–

فَمَا لَهُمْ عَنِ التَّذْكِرَةِ مُعْرِضِيْنَ ٥ "છેવટે એ લોકોને શું થઈ ગયું છે ?! કે તેઓ આ નસીહતથી મોં ફેરવી રહ્યા છે." *(સૂ. મુદ્દષ્ષિર, ૭૪/૪૯)*

આ જ મોં ફેરવવાની અને હક્કના ઈન્કારની સજા તો જહન્નમ છે ! જેનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે :–

لَا يَصْلٰهَآ اِلَّا الْاَشْقَى ٥ الَّذِىْ كَذَّبَ وَتَوَلّٰى "એમાં સળગશે નહીં પણ તે અતિશય બદબખ્ત જેણે જૂઠાડયું અને મોં ફેરવ્યું." *(સૂ. લૈલ, ૯૨/૧૫,૧૬)*

એ પણ ફર્માવવામાં આવ્યું કે :–

فَمَا لَهُمْ عَنِ التَّذْكِرَةِ مُعْرِضِيْنَ ٥ "છેવટે એ લોકોને શું થઈ ગયું છે ?! કે તેઓ આ નસીહતથી મોં ફેરવી રહ્યા છે" *(સૂ. મુદ્દષ્ષિર, ૭૪/૪૯)*

એ ચહેરાઓનો કાંઈ પણ ઈબ્રતનાક અંજામ થઈ શકે છે. જેમ કે ફર્માવવામાં આવ્યું કે :–

وَاِذَا شِئْنَا بَدَّلْنَا اَمْثَالَهُمْ تَبْدِيْلًا ٥ "અને અમે જ્યારે ચાહીએ એમની શકલોનો બદલીને રાખી દઈએ." *(સૂ. દહર, ૭૬/૨૮)*

આખેરતમાં એવા બદબખ્ત ચહેરા જ દર્દનાક અને અપમાનભર્યા અઝાબમાં સપડાશે.

### ★ બદબખ્ત ચહેરાઓનો ઈબ્રતનાક અંજામ ! ★

જહન્નમનો અઝાબ તો છે જ સખ્ત તરીન અને દુઃખદાયક અઝાબ ! કયામતના દિવસે જ્યારે શરીરનાં અન્ય અંગો એ બદતરીન અઝાબમાં સપડાશે તો ચહેરા પણ તેનાથી મેહફૂઝ રહેશે નહીં. જેમ કે ફર્માવવામાં આવ્યું કે :– تَلْفَحُ وُجُوْهَهُمُ النَّارُ وَهُمْ فِيْهَا كٰلِحُوْنَ ٥ "આગ એમના ચહેરાઓની ખાલ ચાટી જશે અને તેમનાં જડબાં બહાર નીકળી આવશે. *(સૂ. મુઅ્મિનૂન, ૨૩/૧૦૪)*

જાણે જેવી રીતે જાનવરનું માથુ આગ પર સળગાવવામાં આવે છે એ જ પ્રમાણે એ લોકોના ચહેરા આગને સુપ્રત કરવામાં આવશે, ત્યાં સુધી કે ગોશ્ત ખરી જઈને જડબાં સામે ઉભરાય આવશે. એ જ પ્રમાણે ફર્માવવામાં આવ્યું :–

يَوْمَ تُقَلَّبُ وُجُوْهُهُمْ فِى النَّارِ يَقُوْلُوْنَ يٰلَيْتَنَآ اَطَعْنَا اللّٰهَ وَاَطَعْنَا الرَّسُوْلَا ٥

"જે દિવસે એમના ચહેરા આગ પર ઉલટ સુલટ કરવામાં આવશે, તે વખતે તેઓ કહેશે કે કાશ! અમે અલ્લાહ અને તેના રસૂલ ﷺની ઈતાઅત (આજ્ઞા પાલન) કરી હોત !" *(સૂ. અહઝાબ, ૩૩/૬૬)*

અને આ હાલ એમનો એટલા માટે થશે કે તેમણે દુનિયામાં નેકીઓને બદલે બુરાઈઓ જ કમાયી હશે. જેમ કે ફર્માવવામાં આવ્યું :–

وَمَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَكُبَّتْ وُجُوْهُهُمْ فِى النَّارِ

"અને જે બુરાઈ લઈને આવશે, એવા સર્વ લોકો ઊંધા મોઢે આગમાં ફેંકવામાં આવશે." *(સૂ. નમ્લ, ૨૭/૯૦)*

અને એ જ નહીં પણ એમની પીઠો પણ અઝાબનો શિકાર થશે.

لَا يَكُفُّوْنَ عَنْ وُّجُوْهِهِمُ النَّارَ وَلَا عَنْ ظُهُوْرِهِمْ "જયારે કે એ ન પોતાના મોઢાં બચાવી શકશે ન પીઠો." *(સૂ. અંબિયા, ૨૧/૩૯)*

ચહેરાઓએ કેવળ આગનો જ સામનો નહીં કરવો પડે બલ્કે અઝાબની અન્ય સ્થિતિઓ પણ હશે. اَفَمَنْ يَّتَّقِىْ بِوَجْهِهٖ سُوْٓءَ الْعَذَابِ يَوْمَ الْقِيٰمَةِ ط "હવે એ શખ્સની બદહાલીનો તમે શું અંદાઝો કરી શકો છો જે કયામતના દિવસે અઝાબની સખત માર પોતાના મોઢા પર લેશે." *(સૂ. ઝુમર, ૩૯/૨૪)*

અને એ અઝાબની સ્થિતિનો નકશો પણ આ પ્રમાણે ખેંચવામાં આવ્યો છે :–

فَكَيْفَ اِذَا تَوَفَّتْهُمُ الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ وَاَدْبَارَهُمْ

"તો એ વખતે શો હાલ થશે જયારે ફરિશ્તાઓ એમની રૂહો કબ્ઝ કરશે અને તેમનાં મોઢાં તથા પીઠો પર મારતા મારતા તેમને લઈ જશે." *(સૂ. મુહમ્મદ, ૪૭/૨૭)*

પછી આગનો અઝાબ એના પર વધારાનો થશે અને અપમાનજનક તરીકાથી એમને આગના હવાલે કરવામાં આવશે. જેમ કે ફર્માવ્યું :–

يَوْمَ يُسْحَبُوْنَ فِى النَّارِ عَلٰى وُجُوْهِهِمْ ط ذُوْقُوْا مَسَّ سَقَرَ ٥

"જે દિવસે એ મોઢાંભેર આગમાં ઘસેડવામાં આવશે તે દિવસે તેમને કહેવામાં આવશે, હવે ચાખો જહન્નમની લપેટની મજા !" *(સૂ. કમર, ૫૪/૪૮)*

## ★ ચહેરો આંત્રિક સ્થિતિનું પ્રતિબિંબ છે ! ★

ઈન્સાની ચહેરો દિલની આંત્રિક કૈફિયતનું સ્પષ્ટ પ્રતિબિંબ પાડે છે અને દિલનો ચોર જાહેર કરી આપે છે ભલે તે પોતાના જઝબાત તથા એહસાસોને કેટલોય દબાવતો ફરે. જેમ કે કહેવામાં આવે છે કે :–

يُعْرَفُ الْمُجْرِمُوْنَ بِسِيْمٰهُمْ فَيُؤْخَذُ بِالنَّوَاصِىْ وَالْاَقْدَامِ ٥

"મુજરિમો ત્યાં પોતાના ચહેરાઓથી ઓળખી લેવામાં આવશે અને તેમને પેશાનીના વાળો તથા પગોએથી પકડી પકડીને ઘસેડવામાં આવશે." *(સૂ. રહમાન, ૫૫/૪૧)*

જાહેર છે કે જયારે કેટલાક ચહેરા ઉદાસ અને કેટલાક કાળા, કોઈના ચહેરા ઉદાસ અને કેટલાક ભયભીત અને કેટલાય બગડી ચૂકેલા હશે, જયારે કે બીજી તરફ કેટલાક ચહેરા રોશન રોનકવાળા ખુશનુમા હશે, તો આપોઆપ સ્પષ્ટ થઈ જશે કે મોમિન કોણ છે અને મુજરિમો કોણ છે ?

## ★ આપણા ચહેરા અને આપણી રવિશ ★

આજે આપણને કોઈ પરવા નથી કે કાલે આપણો અંજામ શું થશે ! બદી સાથે સંબંધ જોડી બેઠેલા છીએ અને હક્કથી મોઢું ફેરવી ચૂકેલા છીએ. આપણી આ રવિશનો નકશો આ આયતે મુબારકામાં ખેંચવામાં આવેલ છે :–

اَفَمَنْ يَّمْشِىْ مُكِبًّا عَلٰى وَجْهِهٖٓ اَهْدٰٓى اَمَّنْ يَّمْشِىْ سَوِيًّا عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ٥

"ભલા વિચારો કે જે શખ્સ ઊંધા મોઢે ચાલી રહ્યો હોય તો તે અધિક સહીહ રાહ પામનારો છે કે તે જે માથુ ઉઠાવીને એક સપાટ સડક પર ચાલી રહ્યો હોય ?!" *(સૂ. મુલ્ક, ૬૭/૨૨)*

એ જ પ્રમાણે જાલિમોની આદતોનું વર્ણન કરવામાં આવ્યું છે કે :–

وَمَنْ اَظْلَمُ مِمَّنْ ذُكِّرَ بِاٰيٰتِ رَبِّهٖ ثُمَّ اَعْرَضَ عَنْهَا ط

"અને એનાથી મોટો જાલિમ કોણ હશે જેને તેના રબની આયતોના થકી નસીહત કરવામાં આવે અને પછી તે એમનાથી મોઢું ફેરવી લે ?!" *(સૂ. સજદા, ૩૨/૨૨)*

આ રવિશનો અંજામ તો પછી જાહેર છે કે જહન્નમ જ હશે. જેમ કે વધુ પેજ નં. ૪૫પર

# દાઈશ I.S.I.S.
## અમેરિકાની નાજાઈઝ ઔલાદ !

દાઈશ અને આલ્કાએદાના આતંકીઓ અમેરિકાના પગારદાર, ભથ્થાખોર અને ખરીદેલ ગુલામ છે. આ કોઈ વ્યક્તિગત મંતવ્ય નથી બલ્કે એક સત્ય હકીકત છે જેનો સ્વીકાર પોતે અમેરિકાએ કર્યો છે.

C.I.A.ની આ એક વિશેષ રોજગાર યોજના છે જેમાં અઢીસોથી ચારસો ડોલર માસિક પગાર તથા ભથ્થાં આપવામાં આવે છે, આ હકીકત જ્યુડિશિયલ વૉચની પહેલ પર સામે આવી છે. અમેરિકી સત્તા વિરૂધ્ધ એક કાનૂની અરજી બાદ અમેરિકી સુરક્ષા અને વિદેશ મંત્રાલયે જે સ્વીકારનામુ રજૂ કર્યું તેના મુજબ અમેરિકા અને નાટોએ દાઈશને સહાય અને પીઠબળ પૂરું પાડયું છે. સીરિયાની અસદ હુકૂમતના વિરોધમાં બળવો કરી લડી રહેલા આંતકીઓને ફંડ તથા હથિયાર આપવા સહિત એ હકીકત પણ સામે આવી છે કે મધ્યપૂર્વનો નકશો બદલવા માટે સીરિયામાં ભયાનક મસ્લકી જંગની તૈયારી ૨૦૦૭થી શરૂ થઈ હતી. મજાની વાત તો એ છે કે કાનૂની અરજી બિન ગાઝી સ્કેન્ડલનું સત્ય જાણવા માટે દાખલ કરવામાં આવી હતી, પરંતુ જે દસ્તાવેજો મળ્યા તેમની બારીકીથી તપાસ કરવામાં આવી તો તેમના તાર ઈરાક઼ અને સીરિયા સુધી પહોંચી ગયા. અમેરિકાની ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીએ ઘણી જ સફાઈ સાથે સ્વીકાર કર્યો છે કે સીરિયામાં થયેલી બગાવત લોકશાહી ઈચ્છનારાઓની ચળવળ નથી બલ્કે અલ્કાએદા અને અન્નુસ્રહની પહેલ હતી, સાથે જ તેની પાછળ પૂર્વ સીરિયા અને ઉત્તર ઈરાક઼માં સલ્ફી (વહાબી ગૈર મુક઼લ્લિદ) હુકૂમત સ્થાપ્વાનો ખેલ હતો. જેમાં સઊદી અરબનું ફંડ પણ વાપરવામાં આવ્યું. અમેરિકાએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે સીરિયામાં લડી રહેલા બળ વાખોરોમાં કોઈ સારો અથવા લોકશાહી પસંદ કરનાર નથી, બલ્કે સર્વ અલ્કાએદા, દાઈશ અને અન્નુસ્રહના આતંકીઓ છે અને હવે એકવાર ફરી અમેરિકાએ સીરિયામાં સ્વયં સેવકોની ફોજ તૈયાર કરવાનો સ્વીકાર કર્યો છે જેમને હથિયારો ચલાવવાની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે, પરંતુ આ સ્વયં સેવકો ટ્રેનિંગ પછી દાઈશનો પરચમ ઉઠાવશે અથવા અલ્કાએદાનો એ ચોક્કસપણે અમેરિકા પણ નથી બતાવી શકતું !

કર્નલ સ્ટિવ વારેનના આ બયાન બાદ વિદેશ મંત્રાલયના સેક્રેટરી એશ કારટરે કહ્યું હતું કે જે બળ વાખોરો અમેરિકાના મિશનમાં સામેલ છે એમને માસિક એલાઉન્સ આપવામાં આવશે. અમેરિકાનો દાવો છે કે છ હજાર સીરિયાના સ્વયં સેવકોને ફોજ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. પરંતુ આ પ્રોગ્રામ ઘણો જ ધીમી ગતિનો છે. કારણ કે સીરિયાના સ્વયં સેવકોને ટ્રેનિંગ માટે દેશથી બહાર લાવવા પડે છે જેમાં સમય લાગે છે. અમેરિકાનું કહેવું છે કે આ સ્વયં સેવકો દાઈશ વિરૂધ્ધ લડશે. સવાલ એ છે કે જ્યારે અમેરિકી સત્તા જ સ્વીકારી રહી છે કે સીરિયાના બળવાખોરોમાં સૌ આતંકવાદી છે તો તે સ્વયં સેવકોનું લશ્કર કોની સાથે લડશે અને તેમના પર કઈ રીતે એ વિશ્વાસ કરી લેવામાં આવ્યો કે તેઓ અમેરિકાના ઈશારા પર જ કામ કરશે. સત્ય તો એ છે કે અમેરિકાએ જે રીતે દાઈશને ટ્રેનિંગ અને ફંડ પૂરાં પાડયાં છે એનું અન્ય કોઈ ઉદાહરણ નથી.

ઉપરોક્ત વર્ણનથી અને બીજા અનેક પુરાવાઓથી એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે બધા પાછળ અમેરિકાનો હાથ છે. ૧૮મીએ જ્યુડિશિયલ વૉચ નામી સંસ્થાએ એક રિપોર્ટ પ્રકાશિત કર્યો જે અમેરિકાના વિદેશ અને સુરક્ષા મંત્રાલયોની પ્રાપ્ત કરેલ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. માહિતી અદાલતમાં અરજી દાખલ કરીને પ્રાપ્ત કરવામાં આવી હતી. અરજીનો હેતુ લિબિયાના બિન ગાઝીમાં

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

અલ્કાએદા દ્વારા અમેરિકી સફીરને કતલ કરી દેવાની ઘટનાની હકીકત જાણવાનો હતો. એ રિપોર્ટથી એ હકીકતો બહાર આવી અને અમેરિકા તથા નાટોએ સ્વીકાર્યું કે સીરિયા અને ઈરાકમાં અલ્કાએદા અને દાઈશને પીઠબળ આપ્યું છે તથા આ બગાવત લોકશાહી અને આઝાદી ઈચ્છનાર સામાન્ય લોકોએ ન કરી હતી બલ્કે અલ્કાએદા, અન્નુસરહ અને દાઈશ જેવા આતંકવાદી સંગઠનોએ યૂરોપ સહિત ખાડી દેશો અને તુર્કીના પીઠબળ હેઠળ કરી હતી.

૧૭ સપ્ટેમ્બર ૨૦૧૪માં યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવે સીરિયામાં બળવાખોરોને ટ્રેનિંગની સાથે હથિયારો આપવાની વાઈટ હાઉસની યોજનાને લીલી ઝંડી દેખાડી હતી જેના સમર્થનમાં ૨૧૩ વોટ મળ્યા હતા અને યોજના હેઠળ ૫૦૮ કરોડ ડોલરની કિંમતનાં હથિયારો સપ્લાય કરવાનાં હતાં. ૧૯ સપ્ટેમ્બરે યુ. એસ. સેનેટે પણ આ યોજનાને મંજૂરી આપી હતી. સૂત્રોનું કહેવું છે કે આ બધું ઔપચારિક્તાપૂર્વક થયું હતું જ્યારે કે ઓબામા સરકાર આ નિર્ણય પહેલાં જ લઈ ચૂકી હતી. તેમનું માનવું એ હતું કે અસદ હુકૂમત વિરૂધ્ધ પ્રગતિશીલ વિચારધારાવાળા બળવાખોરોના હાથ મજબૂત કરી રહ્યા છીએ પરંતુ હકીકત એ છે કે અમેરિકા આ રીતે અલ્કાએદા અને દાઈશ જેવા કટ્ટરપંથીઓને હથિયારો અને આર્થિક સહાય પહોંચાડી રહ્યું છે. અમેરિકી ફોજના કર્મચારીઓએ પણ ઉપરોક્ત હકીકતોની પુષ્ટિ કરી છે કે અસદ હુકૂમત વિરૂધ્ધ બળવો કરનારાઓમાં કોઈ સારા વ્યક્તિત્વવાળા કે રોશન ખયાલ લોકો નથી અને સત્ય એ જ છે કે અમેરિકાએ સીરિયામાં ઈરાદાપૂર્વક અલ્કાએદા તથા અન્ય કટ્ટરવાદી સંગઠનોને આર્થિક સહાય અને ટ્રેનિંગ આપી છે જેનો પ્રારંભ ૨૦૦૭થી જ થઈ ગયો હતો જેથી સઊદી અરબ અને ઈઝરાઈલના લાભાર્થે સીરિયામાં કટ્ટરવાદ ભડાકાવી દેવામાં આવે.

ન્યુયોર્ક ટાઈમ્સે ૨૦૧૩માં એ વાતનો સ્વીકાર કર્યો હતો કે સીરિયાના બળવાખોરોમાં કેવળ આંતકીઓ જ છે. ન્યુયોર્ક ટાઈમ્સની એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે સીરિયાના સૌથી મોટા શહેર હલ્બમાં પાવર પ્લાન્ટ પર અલ્કાએદાનો કંટ્રોલ છે. અદાલતોમાં શરઈ પ્રબંધન લાગુ છે. સરકારી તેલના કૂવા અલ્કાએદાના કબ્જામાં છે.

કટ્ટરપંથીઓ વિરૂધ્ધ સુપ્રિમ મિલિટ્રી કાઉન્સિલ સ્થાપિત કરવામાં આવી હતી જેમાં વિવિધ બાગી સંગઠનોને એકત્ર કરવામાં આવ્યાં હતાં પરંતુ હવે કાઉન્સિલના લીડર અને કમાન્ડર સીરિયાની ભાવિ સત્તામાં ઈસ્લામી કાનૂનનું સમર્થન કરી રહ્યા છે. કાઉન્સિલના એક કમાન્ડરે તો હાલમાં જ કહ્યું હતું કે દાઈશ અને અન્નુસરહ સાથે તેમની મીલીભગત છે જેથી સરકારી ફોજ વિરૂધ્ધ મોટા હુમ્લાઓમાં સફળતા મેળવી શકાય.

આ પરથી સ્પષ્ટ થાય છે કે અલ્કાએદા, દાઈશ, અન્નુસ્રહ, ફ્રી સિરિયન આર્મી, સુપ્રિમ મિલિટ્રી કાઉન્સિલ આ સર્વે જ દાઈશ જેવા ભયાનક આતંકવાદી સંગઠનો વિરુદ્ધ અમેરિકાએ કૂણું વલણ અપનાવી કોઈ પ્રતિક્રિયા વ્યક્ત ન કરવી એ શંકા ઊભી કરે છે કે આખરે આવા ભયાનક ખતરા હોવા છતાં અમેરિકા પીછેહઠ કેમ કરી રહ્યું છે ?! સત્ય એ જ છે કે આ બધા પાછળ અમેરિકાનો જ હાથ છે અને આ ખેલનો મૂળ હેતુ ઈરાનની વધતી તાકતને રોકવી, સીરિયાને વિભાજીત કરવું, જેથી સઊદી અરબ તથા ઈઝરાઈલનો પ્રશ્ન હલ થઈ જાય અને લેબનાનમાં હિઝ્બુલ્લાહનો પણ અંત આવી જાય. આ ષડયંત્ર હેઠળ અમેરિકાએ કરોડોની કિંમતનાં હથિયારો અલ્ કાયદા, અન્નુસ્રહ અને દાઈશને પૂરાં પાડયાં.

ટોની કોરટલ લૂસીએ પોતાના એક લેખમાં લખ્યું છે કે દાઈશ (ISIS) નાટો ફોજના વિસ્તારમાં તૈયાર થયું છે જ્યાં **C.I.A.** ના એજન્ટ રોકડ રકમ અને હથિયારોની સાથે આવતા હતા જે સઊદી અરબ, કતર અને ખુદ નાટોના સભ્યો તરફથી રહેતા. અમેરિકા અને બ્રિટને ફોજી ગાડીઓ સપ્લાય કરી હતી જે હવે દાઈશ (ISIS)ના કાફલામાં જોવા મળી છે.

પત્રકાર સીમોર હેરિશે ૨૦૦૭માં એક રિપોર્ટ આપ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે દાઈશ અને

અલ્ કાયદાએ આ હથિયારો અને બખ્તરબંદ ગાડીઓ સારા બાગી હોવાના કારણે ન મેળવી હતી બલ્કે પેન્ટાગોન જાણતુ હતું કે હથિયાર કોને સપ્લાઈ થઈ રહ્યાં છે, ત્યાં સુધી કે ૨૦૦૭માં પેન્ટાગોનના કર્મચારીઓએ ભયાનક મસ્લકી કટ્ટરવાદની ભવિષ્યવાણી કરી દીધી હતી.

અમેરિકી માની રહ્યા છે કે માજી બુશ ગર્વનમેન્ટે મધ્યપૂર્વ અરબસ્તાનનો નક્શો બદલવાનો નિર્ણય લીધો હતો અને એના હેઠળ શીઆ તાકત ઈરાનને દબાવવા માટે સીરિયાને નિશાન બનાવવાનો ફેંસલો થયો હતો. બુશ ગવર્નમેન્ટને તેમાં સઊદી અરબનું સમર્થન પ્રાપ્ત હતું. સઊદી અને અમેરિકાનું લક્ષ્ય ઈરાનના બે હાથ સીરિયા તથા હિઝબુલ્લાહને તોડવાનું હતું. પત્રકાર હેરિશે હાલમાં જ પાકિસ્તાનના ઓબેટાબાદમાં અલ્ કાયદાના પ્રમુખ ઓસામા બિન લાદેનના ખાત્મા પર એ દાવો કર્યો હતો કે આઈ.એસ.આઈ.ના એક પૂર્વ કર્મચારીએ C.I.A.ની સાથે ઓસામાનો સોદો કર્યો હતો. હેરિશનું કહેવું છે કે ૨૦૦૫માં નિર્ણય લેવામાં આવ્યો હતો કે મધ્યપૂર્વમાં મૌતના લશ્કરો મોકલવામાં આવશે અને ૨૦૦૭થી તેના પર કાર્યવાહી શરૂ થઈ હતી.

ઈરાનની તાકાતને કમજોર કરવા અમેરિકાએ ઈરાકના ટુકડે ટુકડા કરવાનો પ્લાન તૈયાર કર્યો છે. પરંતુ જેમ જેમ એ પ્લાન પર અમલ થયો એ પ્લાન દિવસે દિવસે ઉલઝતો ગયો અને જો આ પ્લાન મુજબ અત્યાર સુધી સીરિયા અને ઈરાક વિખરી ગયાં હોત તો ઈરાનમાં બળવાખોરીનો ખેલ શરૂ થઈ ગયાં હોત. અમેરિકી મિડિયામાં જે રિપોર્ટ આવી છે તેમના અનુસાર આ પ્લાન એટલો સરળ નથી કે એની દરેક વિગત જાણી શકાય. એક અનુમાન એ છે કે અમેરિકાએ મધ્યપૂર્વનો નક્શો બદલાયા પછી મધ્ય એશિયા અને યૂરોપની તૈયારી કરી લીધી હતી. પ્લાન મુજબ ઈરાનને વિભાજિત કર્યા પછી રૂસ અને ચીનને નિશાન બનાવતુ. એક રિપોર્ટમાં એ દાવો કરવામાં આવ્યો છે કે સીરિયાની જંગ કોઈ આંત્રિક મસ્અલો નથી બલ્કે આંતરરાષ્ટ્રીય રાજકરણ છે. તેમાં કોર્પોરેટની દખલ છે, તેલનો ખેલ છે અને હથિયારોનો કારોબાર છે.

આશ્ચર્યની વાત એ છે કે દાઈશ અને અમેરિકા સંબંધે આ સર્વ સનસનીખેઝ રહસ્યો અમેરિકાથી જ પ્રગટ થઈ રહ્યાં છે. અમેરિકી મિડિયા જે કાલ સુધી કેવળ જૂઠનો જ ધંધો કરતુ રહ્યું છે તે હવે એવી ખબરો પ્રકાશિત કરવા મજબૂર છે જે અમેરિકાનું અસલ રૂપ ઉઘાડી રહ્યું છે. બળવાખોરોને પીઠબળ આપીને પણ અમેરિકા એ દુવિધામાં પડી ગયું છે કે બળવાખોરો યોજના મુજબ અસદ હુકૂમતનો તખ્તો ઉલ્ટી નાખે ત્યાર પછીની સ્થિતિ શું હશે ?

બીજી આશ્ચર્યની વાત એ છે કે અમેરિકાએ દાઈશ વિરોધી સંગઠનમાં રૂકાવટ નાખી દાઈશ વિરુદ્ધ લડનાર કુર્દોને હથિયાર સપ્લાય કરવાથી મનાઈ કરી દીધી જેના પછી બ્રિટને દાઈશ વિરુદ્ધ એકલા લડવા પર વિચારણા શરૂ કરી. બ્રિટન પાર્લામેન્ટના મેમ્બરોએ બ્રિટન સરકાર પર રોયલ એર ફોર્સને હવાઈ હુમલાની અનુમતિ આપવા દબાણ બનાવ્યું. કુર્દોનું ગ્રૂપ "વાય.પી.જી." દાઈશ વિરુદ્ધ લડાઈમાં સૌથી સફળ રહ્યું છે.

અમેરિકાના કૂણા વલણથી દાઈશ (ISIS) વિરોધી સંગઠોનેએ ઓબામા અને કેમરૂન સરકારથી નારાજગી વ્યક્ત કરી છે કે અમેરિકા અને બ્રિટન દાઈશ વિરુદ્ધ લડતમાં ગંભીર નથી. એ જ કારણથી કેમરૂને દાઈશ વિરુદ્ધ હવાઈ હુમ્લા અંગે નિર્ણય લેવાની પ્રક્રિયા શરૂ કરી દીધી. બ્રિટનમાં વિશેષજ્ઞોનું માનવું છે કે ઓબામા સરકાર યુક્રેનને આડ બનાવી દાઈશથી ધ્યાન હટાવવાની કોશિશ કરી રહી છે જેનો ખતરો વધતો જઈ રહ્યો છે. કુર્દ લોકો હથિયારોની ઉણપ હોવા છતાં દાઈશનો મુકાબલો કરી રહ્યા છે. અમેરિકા સરકાર તેમની સહાય કરવાને બદલે તેમના માર્ગમાં રૂકાવટો નાખી રહ્યું છે જે એ વાતનો સૌથી મોટો પુરાવો છે કે દાઈશ પર અમેરિકાનો હાથ છે અને એ જ સત્ય છે.

*–(નઈ દુન્યા ઉર્દૂ અઠવાડિક–દિલ્હી, ૨૦ થી ૨૭ જુલાઈ–૨૦૧૫*

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સમકાલિન ઉલમાએ અરબ



કાર્યાલય

વર્તમાન કાળની સઉદી નજદી વહાબીઓની હુકૂમત ઈ.સ. ૧૯૨૪–૨૫ના ગાળામાં અંગ્રેજોના જોરે સુન્ની તુર્કી ''ઉષ્માની હુકૂમત''ની સામે બગાવત કરીને સત્તા પર આવેલી છે જેની નબી પાક ﷺ તથા સહાબાએ કિરામની ગુસ્તાખીઓની દાસ્તાન મશહૂર છે. સહાબાએ કિરામ તથા અવલિયાએ કિરામના અક઼ીદાઓથી તદ્દન વિપરિત તેમના અક઼ીદાઓ છે. એમના અગાઉ હરમૈન શરીફૈન (મક્કા મદીના) તેમજ અરબસ્તાન પર લગભગ ૬૦૦ વરસ સુધી સુન્ની તુર્કી ઉષ્માની હુકૂમતની સત્તા હતી. જેમને જંગના મેદાનમાં હરાવવામાં ઈસાઈ યહૂદી સેંકડો વરસો સુધી લાચાર રહ્યા. જેથી તેમણે પેંતરો બદલીને મુસલમાનોમાં ઈબ્ને સઊદ તથા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી જેવા બાગીઓ પેદા કર્યા જેમને સત્તાની લાલચો આપી અને તેમણે નબી વલીની શાનમાં ગુસ્તાખી કરતા અક઼ીદાઓનો પ્રચાર કરીને મુસલમાનોમાં ફાટફૂટ પડાવી અને અંગ્રેજોના સહારે બગાવત કરીને ઉષ્માની હુકૂમતનો ખાત્મો બોલાવી દીધો અને હરમૈન શરીફૈન પર કબજો જમાવ્યો.

આ નબી વલીની બેઅદબ ગુસ્તાખ સઊદી નજદી હુકૂમત પહેલાં એહલે સુન્નત વ જમાઅતની હરમૈન શરીફૈનમાં બલ્કે પૂરા અરબ દ્વિપમાં બોલબાલા હતી. એ સમયમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ બે વાર હરમૈન શરીફૈનની ઝિયારત કરી. પ્રથમ હજ કરી ત્યારે અરબના ઉલમાએ આપની શું ઈજ્જત કરી તેને ઈમાની નજરે જોઈ લો.

## પ્રથમ હજ વખતે ઉલમાએ અરબે શું ઈજ્જત આપી ?!

ઈમામે એહલે સુન્નત ફાઝિલે બરેલ્વી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ પોતાના વાલિદે માજિદ મૌલાના નક઼ી અલી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُની સાથે ૨૩ સાલની વયે હિ. ૧૨૯૫ ઈ.સ. ૧૮૭૮માં હજ તથા ઝિયારતે હરમૈન શરીફૈનથી મુશર્રફ થયા. પોતાના ખુદાદાદ ઈલ્મો ફઝ્લ, તેજસ્વી બુધ્ધિમતા અને ઈમાની રૂહે હરારતના લીધે ખૂબ જ જલ્દી ઉલમાએ હિજાઝમાં પ્રશંસાને પાત્ર અને મક઼બૂલ તથા મહબૂબ બની ગયા.

## આ'લા હઝરતની પેશાનીમાં ખુદાનું નૂર !

જેની ઉઘાડી સાબિતી તે સમયના મહાન ફાઝિલ, ઈમામે શાફઈય્યહ શયખ હુસૈન ઈબ્ને સ્વાલેહ (હિ. ૧૩૦૨)ની સાથે ઉપસ્થિત થનારા ઈમાન અફરોઝ પ્રસંગથી મળે છે જેમની સાથે તેનાથી અગાઉ કોઈ પ્રકારની ઓળખ કે સંબંધ ન હતો. હરમ શરીફમાં મગરિબની નમાઝથી ફારિગ થયા બાદ એક દિવસે શયખ હુસૈન ઈબ્ને સ્વાલેહે તે આરિફ બિલ્લાહનો (આ'લા હઝરતનો) હાથ પકડયો અને તેમને પોતાની સાથે લઈને પોતાના ઘરે લઈ ગયા. આપની ચમકી રહેલી પેશાની પર નજરો ચોંટાડી દીધી અને મોડે સુધી ઈશ્ક઼ તથા સરમસ્તીના આલમમાં નસીબવંત તથા રૂત્બાવાળી પેશાનીના ચમત્કાર તથા સ્પષ્ટ લકીરોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા રહ્યા. પછી અક઼ીદતના જોશમાં પોકાર્યું, **ઈન્ની લઅજિદુ નૂરલ્લાહિ ફી હાઝલ જબીન !** હું આ પેશાનીમાં ખુદાનું નૂર જોઈ રહ્યો છું. *(તઝકિરએ ઉલમાએ હિંદ, પેજ–૯૯, અઝ–મોલ્વી રહમાનઅલી)*

અને પછી પોતાના ફૈઝાને કરમથી નવાજતાં સિહાહ સિત્તહ (હદીષની કિતાબો)ની સનદ અને પોતાના સિલસિલાની ઈજાઝત અતા ફર્માવી અને શફકત તથા મહબ્બતથી આપનું નામ ઝિયાઉદ્દીન અહમદ રાખ્યું.

## અરબમાં આ'લા હઝરતની ચાહનાની એક ઝલક !

શયખ મૌસૂફના ઉપરાંત મુફતીએ શાફઈય્યહ સૈયદ અહમદ ઝયની દહલાન (વફાત હિ.સ. ૧૨૯૯) તથા મુફતીએ હન્ફિયહ શયખ અબ્દુર્રહમાન સિરાજ (વફાત હિ.સ.૧૩૦૧) તથા ઘણાયે મહાન બુઝુર્ગો તથા ઉલમાએ હદીષ, તફસીર, ફિક્હ, ઉસૂલે ફિક્હ વગેરેની સનદોથી આપને નવાજ્યા.

ફાઝિલે બરેલ્વીએ શયખ જમલુલ લય્લના આગ્રહથી ફિક્હે શાફઈમાં મનાસિકે હજના વિશે શયખ હુસૈન ઈબ્ને સ્વાલેહના એક મજબૂત રિસાલાની અતિ જામેઓ માનેઅ (પરિપૂર્ણ) શરહ કેવળ બે જ દિવસની ટૂંકી મુદતમાં લખી અને તેનું નામ **અન્નય્યરતુલ વજીહ ફી શરહિલ જોહરતિલ મઝીઅહ** (હિ.સ. ૧૨૯૫) રાખ્યું અને તે શરહને હિજાઝના ઉલમાએ ખૂબ જ મક્બૂલિયતની નજરે જોઈ અને આપને દાદ તથા આફરીનથી નવાજ્યા. તે શરહમાં પ્રથમ મતલબ, પછી હન્ફી તથા શાફઈ મઝહબોનો મતભેદ, અને હન્ફી મઝહબમાં રાજેહ (ચઢિયાતા) ક્રૌલને ઈખ્તેયાર કર્યો અને ઉતરતા (મરજૂહ) ક્રૌલને છોડયો અને તેને દલીલોથી સજાવ્યો. પછી બાદમાં તે જ રિસાલામાં મઝેદાર ફાયદાકારક વાતો તથા મસાઈલનો ખુલાસો તથા તખરીજે અહાદીષ (એટલે હદીષો કયાંથી લેવામાં આવી) વગેરેની સાથે ટીપ્પણી (હાશિયો) લખી જે એક મુસ્તકિલ રિસાલો બનીને **અત્તરતુર્રઝીયહ ફી નય્યિરતિલ વઝીહ** નામથી પ્રખ્યાત થયો.

તે જ સફરમાં ઉલમાએ નદવાની વિરૂધ્ધ ઉલમાએ મિલ્લતે ઈસ્લામિયહ હિંદના સુવિખ્યાત ઉલમાથી પ્રાપ્ત થયેલ ફતવાઓનો સમૂહ **અલજામુસ્સિન્નહ લિઅહલિલ ફિત્નહ**ની સાથે ઉપસ્થિત થનારા ૨૮ સવાલો અને તેના પર પોતાની તરફથી દલીલો સભર જવાબો પર અવલંબિત એક ફત્વો જયારે હિજાઝે કિરામના ઝરીયે શયખ ઈસ્માઈલ મક્કી ઈબ્ને શયખ સૈયદ ખલીલ મુહાફિજે કુતુબખાના હરમ શરીફ તથા શાર્ગિદ શયખુદ્દલાઈલ હઝરત શયખ સૈયદ અબ્દુલહક્ મુહાજિરે મક્કી સાહબ અલએ કલીલ અલા મદારિકિત્તન્ઝીલ તથા અન્ય ઉલમાએ મક્કાની ખિદમતમાં રજૂ થયો તો તમામ ઉલમાએ પોતાની તસ્દીક્રાત (સમર્થન) તથા તક્રીઝાત (પ્રશંસા) વડે તે ફત્વાનું સ્વાગત કર્યું અને તે હાંસલ થયેલ સમર્થનોનો સમૂહ **ફતાવલ હરમૈન બિરજફિ નદવતુલમૈન** (હિ.સ. ૧૩૧૭)ના નામથી પ્રકાશિત થયો. (ફતાવાએ હરમૈનને જનાબ હુસૈન હિલ્મી સાહબે મકતબએ ઈશીક ઈસ્તંબુલ તુર્કીથી હમણા હાલમાં જ ખૂબ જ ખૂબસૂરત અંદાઝમાં પ્રકાશિત કર્યો છે. *–અખ્તર*) જેણે એક ખૂબ જ મોટા ફિત્નાની જડ ઉખેડવામાં નોંધપાત્ર અને મહત્વનું પાત્ર ભજવ્યું છે અને ઉભરાતા પ્રવાહની સામે સિકંદરી દીવાલ બનીને અડીખમ બની ગયેલ છે.

## હજની બીજી સફર અને આ'લા હઝરતની અરબમાં બોલબાલાની ઝલક !

આ સફર અચાનક અને અણધારી રીતે થઈ હતી. હિ.સ. ૧૩૨૩માં હજના માટે પોતાના નાનાભાઈ મૌલાના મુહમ્મદ રઝા અને મોટા સાહબઝાદા હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝાને જયારે બરેલીથી લખનૌ સુધી પહોંચાડીને પાછા આવ્યા તો એક અજબની બેકરારી અને બેચૈનીની કૈફિયત પેદા થઈ અને ઝિયારતે હરમૈન તૈયબૈનનો શોખ મચલવા લાગ્યો. કેમ કે આ વખતે ખુદા તઆલા આપનાથી મહત્વની ખિદમતો લેવા ચાહતો હતો એટલા માટે તેણે આપના દિલને દરેક બાજુએ વાળીને તે જ વર્ષે હજની સફર કરવા માટે મજબૂર કરી દીધા, આપે સફરની તૈયારી કરી અને તરત જ રવાના થયા. સંજોગોવસાત મુંબઈમાં જ મૌલાના મુહમ્મદ રઝા અને હઝરત હુજ્જતુલ ઈસ્લામથી મુલાક્રાત થઈ ગઈ. ત્યાંથી હિજાઝે મુક્દસ પહોંચ્યા અને હજનો ફરીઝો અદા કર્યો.

હુસ્સામુલ હરમૈન (ઈ.સ. ૧૯૦૬ હિ. સ. ૧૩૨૪), અદવલતુલ મક્કિયહ (હિ.સ. ૧૩૨૩ ઈ.સ. ૧૯૦૬), કિફ્લુલ ફકીહ... (હિ. ૧૩૨૩) વગેરે કિતાબો તે જ સફરનું સૌથી મોટું કારનામુ છે. તે સફરમાં આપની જે કૂબૂલિયત થઈ તે ખુદાનું એક ખાસ ઈનામ હતું. સુવિખ્યાત ઉલમાએ ઈસ્લામ આપની ઈજાઝત તલબ કરવા માટે આતુર જણાતા હતા. શયખ અબ્દુલ હય મક્કી (વ.હિ. ૧૩૨૩) અને શયખ હુસૈન જમીલ ઈબ્ને અબ્દુર્રહીમને સૌ પ્રથમ ઈજાઝત આપવામાં આવી. તે બંનેવ હઝરાતના પછી શેખ સ્વાલેહ કમાલ (વ.હિ. ૧૩૨૫), સૈયદ ઈસ્માઈલ ખલીલ (વ.હિ. ૧૩૩૦) સૈયદ મુસ્તફા ખલીલ (વ.હિ. ૧૩૩૯), શયખ અહમદ હઝારવી, શયખ અબ્દુલકાદિર કુર્દી (વ.હિ. ૧૩૨૪), શયખ ફરીદ (વ. ૧૩૩૫), સૈયદ મુહમ્મદ ઉમર વગેરેને ઈજાઝતથી મુશર્રફ ફર્માવ્યા અને જે લોકો હરમૈન તૈયબેનના રોકાણ દરમ્યાન ઈજાઝત હાંસલ ન કરી શક્યા તેઓને ઘરે આવ્યા બાદ ઈજાઝત રવાના કરવામાં આવી. પછી મદીના તૈયબહ જ્યારે તશરીફ લઈ ગયા તો ત્યાં પણ ઉલમાની એક વિપુલ સંખ્યાએ ઈજાઝત હાંસલ કરી. કેટલાક લોકોને ઝબાની ઈજાઝત અને કેટલાકને વતન પાછા ગયા બાદ મોકલવાનો વાયદો કર્યો. દા.ત. શયખ ઉમર ઈબ્ને હમદાનુલ મુહર્રસી, સૈયદ મામુનુલ્બર્રી, શયખુદ્દલાઈલ મુહમ્મદ સઈદ વગેરે.

**આ ખુદાનો ફઝ્લ છે તે જેને ચાહે અતા કરે !**

મદીના તૈયબહમાં આપની જે તા'ઝીમ તથા તકરીમ થઈ અને દયારે હબીબમાં જે ઈનામ તથા ઈકરામથી આપને નવાજવામાં આવ્યા તેનો આંખે દેખ્યો અહેવાલ આ પત્રમાં વાંચો. શયખ અબ્દુલકરીમ મુહાજિરે મદની શાર્ગિદે શયખુદ્દલાઈલ શયખ મુહમ્મદ અબ્દુલહક મુહાજિરે મક્કી (વ.હિ. ૧૩૨૩) પોતાના પ્રત્યાઘાત વર્ણવતાં લખે છે, (અરબીનો અનુવાદ) :–

મદીના તૈયબહમાં કેટલાક વરસોથી મારો કયામ છે. હિંદુસ્તાનમાંથી હજારો ઈલ્મવાળા સાહેબો આવે છે તેમાં ઉલમા, સુલહા, અતકિય્યા સૌ હોય છે. તેઓ શહેરની ગલીકુચીઓમાં આવતા જતા રહે છે પણ કોઈની તરફ ધ્યાન નથી દેતો. પરંતુ મોટા મોટા ઉલમા આપની (ફાઝિલે બરેલ્વીની) પાસે ટોળે ટોળે આવતા અને આપની તાઝીમ તથા તકરીમમાં લાગેલા રહેતા. આ ખુદાનો ખાસ ફઝલ છે, તે જેને ચાહે ફર્માવે છે. *(અલઈજાઝતુલ મતીનહ, પેજ–૧૭, અઝ મૌલાના હામિદ રઝાખાં)*

વતને અઝીઝ પાછા ફર્યા બાદ ઈજાઝત મોકલવામાં થોડીવાર લાગી તો યાદ દેવડાવવા માટે પત્રો આવવા લાગ્યા. જેમાં તેમની તીવ્ર આરઝૂની ઝલક જોવા મળે છે. સૈયદ ઈસ્માઈલ ખલીલ (વ. ૧૩૩૮ હિ.) યાદ અપાવતાં લખે છે, (અર્થ) : આપે હકીર અને તેના ભાઈને પોતાની રિવાયતોની સાથે ઈજાઝત મોકલવાનો વાયદો કર્યો હતો પરંતુ હજી સુધી ઈજાઝત ન મળી શકી. જે આપની ખૂબ જ કરીબ હતો સૌથી દૂર થઈ ગયો કે અમને ભૂલાવી જ દેવામાં આવ્યા ?!

હરમૈન શરીફૈનમાં ફાઝિલે બરેલ્વીની આ મકબૂલિયત કેવળ ઈસ્લામ તથા ઈમાન પર કામિલ યકીન અને ઈશ્કે રિસાલતનો કરિશ્મો છે, નહીં તો તે પાક સરઝમીન જ્યાં દુનિયાના દૂર દૂરના ફાઝિલો તથા આલિમોની દર વર્ષે ભીડ એકત્ર થાય છે, જ્યાં પશ્ચિમથી પૂર્વ સુધીના દિલો દિમાગ અને આરિફીન તથા અવલિયાએ કામિલીનનાં કારવાંઓ પહોંચતાં હોય ત્યાં એક અજાણ હિંદી વ્યક્તિને કોણ પૂછે ? અને લોકોની નજરો કેમ ઉઠે ? હિજાઝના રોકાણ દરમ્યાન આપની કેટલીયે અજોડ વિખ્યાત કૃતિઓ જાહેરમાં આવી અને એક આલમ તેમનો આશિક

બની ગયો. તેમાંની એક કિતાબ વિશે વાંચો અને ઈમાન તાજુ કરો.

**"અદ્દવલતુલ્ મક્કિયહ્"માં ઈલ્મે ગયબની સાબિતી**

શયખ અલ્લામહ મુજદ્દિદ શયખુલ અસાતિઝા અલલ ઈત્લાક઼ મોલ્વી અશશયખ અહમદ રઝાખાં હિ. ૧૩૨૩માં જ્યારે હજ્જે બયતુલ્લાહ શરીફના માટે તશરીફ લાવ્યા તો કેટલાક ફાસિક઼ોની મદદથી કેટલાક બદ્નસીબોએ (વહાબી દેવબંદીઓએ) તે વખતના શરીફે મક્કાને ત્યાં નુકસાન પહોંચાડવાની કોશિશ કરી અને તેમની સાથે દગો કરવા ઈચ્છયું. જેથી ઈલ્મે નબી ﷺ વિશે તેમની (આલા હઝરતની) પાસે સવાલો મોકલ્યા અને ગુમાન કર્યું કે તેઓ જવાબ આપી શકશે નહીં, કેમ કે સફરની તૈયારીમાં છે અને અહીં તેમની પાસે કોઈ કિતાબ પણ નથી. મૌલાના અહમદ રઝાએ (અલ્લાહે તેમની મદદ કરી) તે સવાલોનો એવો જવાબ આપ્યો કે જેણે દરેક મુસલમાનની આંખ ઠંડી કરી દીધી અને કાફિર તથા ફાસિક઼ તથા ગુમરાહ તથા બેનૂરને ઝલીલોખાર (બેઈજ્જત) કર્યા. *(પેજ–૭, અદ્દવલતુલ મક્કિયહ, બરૈલી)*

આગળ જતાં લખે છે, "અમારા શયખ મઝકૂર હઝરત અહમદ રઝાખાં સાહબ જ્યારે જવાબ લખીને પરવાર્યા તો શરીફ શયખ સ્વાલેહ કમાલ (માજી મુફતીએ મક્કા)ને હુકમ આપ્યો કે રિસાલો તેમના દરબારમાં જાહેરમાં પઢવામાં આવે, જેથી રિસાલો પઢવામાં આવ્યો. સરકશ ગિરોહની વ્યક્તિઓ ત્યાં હાજર હતી. સાંભળી સાંભળીને આશ્ચર્ય ચક્તિ થઈ ગયા અને ઝલીલોખાર થયા અને તે વખતે શરીફે મક્કા પર જાહેર થઈ ગયું કે મૌલાના અહમદ રઝાખાં હક્ક઼ પર છે.

આપની મક઼બૂલિયતો નકશો ખેંચતાં આગળ લખે છે, (અનુવાદ) મક્કા મુકર્રમામાં તેમની મક઼બૂલિયતનો એ આલમ હતો કે ચો તરફથી ઉલમા તથા તાલિબોએ આપને ઘેરી લીધા. કોઈ સવાલ રજૂ કરીને લાભ ઉઠાવતા, કોઈ સહીહ તથા પસંદીદા મસઅલો પૂછતો જેમાં તેને શક હોય, કોઈ કેવળ ઈશારાનો આતુર રહેતો. *(પેજ–૧૪, અદ્દવલતુલ મક્કિયહ)*

તે દૌરમાં અને આજે પણ કેટલાક લોકો (વહાબી દેવબંદીઓ) આક્ષેપ લગાડતા ફરે છે કે મઆઝલ્લાહ ! એ લોકોએ (સુન્નીઓએ) ખુદાનો અને રસૂલે કરીમ ﷺનો ઈલ્મ એક કરી દીધો અને તેઓ રસૂલના માટે ઈલ્મે કુલ્લી માને છે. તેને રદ કરતાં **અદ્દવલતુલ્ મક્કિયહ**ની પ્રશંસામાં શયખ સૈયદ ઈસ્માઈલ ઈબ્ને ખલીલ મક્કી લખે છે, (અનુવાદ) : બેશક ! એક અન્યએ પોતાના લખાણમાં એવું જૂઠુ (બોહતાન) બાંધ્યું અને આક્ષેપ લગાડયો કે હઝરત અહમદ રઝાએ પોતાના રિસાલામાં લખ્યું છે કે **નબી ﷺનો ઈલ્મ, ઈલાહીના ઈલ્મ જેવો છે** અને રસૂલે કરીમનો ઈલ્મ ગૈરમુતનાહી બિલફેઅલ (એવો ઈલ્મ જેની કોઈ હદ નથી આપનામાં પણ મૌજૂદ છે)થી સંબંધિત છે અને એ બંનેમાં કોઈ તફાવત નથી. **હાશા વકલ્લા (હરગિઝ એવું નથી) ! અમારા શયખ મઝકૂરે તેમાંની કોઈ વાત નથી કહી** અને કેવી રીતે યક઼ીન કરવામાં આવે કે અમારા હાથમાં તે આખો રિસાલો જ મૌજૂદ છે !

"અદ્દવલતુલ્ મક્કિયહ્"ના દલાઈલ તથા બરાહિન (દલીલો) જે કિતાબ તથા સુન્નત (કુર્આન હદીષ)ની રોશનીમાં ખૂબ જ સચોટ અને મજબૂત હતા. તેને સાંભળીને શરીફ અલી પાશાએ મોટા અવાજે કહ્યું, **અલ્લાહુ યુઅ્તી હાઉલાઈ યમનઉન** અર્થાત : "ખુદા ! તું તારા હબીબ ﷺને ઈલ્મે ગયબ અતા ફર્માવે છે અને આ લોકો રોકે છે ! *(પેજ–૭, અદ્દવલતુલ મક્કિયહ)*

ઉલમાએ હિજાઝની એક મોટી સંખ્યાએ આ'લા

હઝરતની કિતાબ ''અદ્દવલતુલ મક્કિયહ''ને પોતાની તસ્દીકાત તથા તકરીઝાત (સમર્થનો તથા પ્રશંસાઓ)થી નવાજેલ છે. આપ એ સાંભળીને આશ્ચર્યમાં પડી જશો કે આટલી મઅરિકતુલ આરા (લાજવાબ) કિતાબ જે તેમની ઈલ્મી સમૃધ્ધતા તથા વિશાળતા પર શાહિદે આદિલ છે, તેનું લખાણ ફક્ત સાડા આઠ કલાકોમાં થયું અને ફક્ત બે જ બેઠકોમાં ૨૬,૨૭ ઝિલહજ્જ હિ. સ. ૧૩૨૩માં તૈયાર થઈ ગઈ ! આપની ઈજ્જત તથા બુઝુર્ગી અને ઉલમાએ હિજાઝ તથા અજમના જલીલુકદ્ર ઉલમાએ ''અદ્દવલતુલ મક્કિયહ'' પર મબ્સૂતો મુફસ્સલ (વિસ્તૃતપણે) પ્રસંશા તથા સમર્થન કરતાં લખાણો લખેલ છે. જેમાંથી વીણી વીણીને કેટલાંક નીચે વર્ણવામાં આવે છે. કેવળ અનુવાદ રજૂ કર્યો છે, જેને તેહકીકની જરૂરત હોય તે **અદ્દવલતુલ મક્કિયહ** (મતબૂઆ બરૈલી અથવા મતબૂઆ કરાચી)નો અભ્યાસ કરે.

## અદ્દવલતુલ મક્કિયહ પર પ્રશંસાના પુષ્પોની વર્ષા !

**(૧) ખતીબો તથા ઈમામોના સરદાર અને મસ્જિદુલ હરામના મુદર્રિસ શયખ અહમદ અબુલ ખયર ઈબ્ને અબ્દુલ્લાહ મિરદાદ મક્કા મુકર્રમા :-**

મેં ઊંડી નજર વડે અત્યંત ધ્યાનપૂર્વક આ રિસાલાનો અભ્યાસ કર્યો. તેની દલીલો તથા ચર્ચાઓ અત્યંત મજબૂત અને તેહકીકપૂર્ણ તથા દલીલોથી ભરપૂર છે. તેના બયાનથી દિલમાં વિશાળતા પેદા થાય છે. તેની યકીની દલીલો આસમાની બુલંદીને અડકી રહી છે. અને કેમ ન હોય કે આ તેની કિતાબ છે જે અલ્લામા તીવ્ર સમજવાળા, બુધ્ધિશાળા, ઉચ્ચ હિમ્મતવાળા પોતાના સમયના તમામ કિતાબ લખનારાઓના સરદાર છે, મેદાને તસ્નીફ (કિતાબ લખવાના મેદાન)માં જેની ઈમામતની ગવાહી ખૂદ મોટા મોટા સમકાલિનો આપી રહ્યા છે. જે આ રિસાલોનો સમજબુઝની સાથે અભ્યાસ કરશે તે કહેવાવાળાની તે વાતને જૂઠી જાણશે કે શયખે પોતાના રિસાલામાં નબી કરીમ ﷺના ઈલ્મે ગયબ બિઝ્ઝાત અને જમીન તથા આસમાનના ખાલિકની બરાબર માન્યો છે. *(અદ્દવલતુલ મક્કિયહ, પેજ-૩૧)*

**(૨) મુફતીએ હન્ફિયહ શયખ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન સિરાજ મક્કા મુકર્રમા :-**

બેશક ! (અહમદ રઝા) સુવિખ્યાત ઉલમાનો બાદશાહ છે. કોઈ અનુભવીએ ખૂબ જ સાચુ કહ્યું છે, આગલાઓ પાછળવાળાઓ માટે ઘણુ બધુ છોડી ગયા. મેં તેમાં પોતાની નજર દોડાવી તો જોયું કે તેમાં અસરારે મઆની (અર્થોના રહસ્યો)ની ઝલક જોવા મળે છે. તેનો લેખક સાચી (ખરી) વાત લાવ્યો અને તેણે રૂશ્દો હિદાયતનો માર્ગ ઉઘાડો કરી દીધો. દરેક જમા કરનારો સંપાદક નથી હોતો, અને આમ તેમથી ઘણી નકલો લાવવાવાળો લેખક નથી થતો, આ તો અતાઓ છે કે મૌલાએ કરીમ જેને ચાહે છે બખ્શે છે અને તેને બેહતર બનાવી દે છે. *(અદ્દવલતુલ મક્કિયહ, પેજ-૨૧)*

**૩. શયખ યુસૂફ ઈબ્ને ઈસ્માઈલ નબહાની (બૈરૂત) :-**

*(સાહિબે જવાહિરૂલ બિહાર, શવાહિદુલ હક્ક, હજ્જતુલ્લાહિ અલલ આલમીન, સઆદતુદ્દારૈન એટલે આ બધી કિતાબોના લેખક)*

મેં તેનો પ્રારંભથી અંત સુધી અભ્યાસ કર્યો અને ખૂબ જ ફાયદાકારક અને લાભદાયી જણાયી. તેની દલીલો ખૂબ જ મજબૂત છે જે એક અલ્લામાએ કબીર અને ઈમામે અકબરની તરફથી જાહેર થઈ શકે છે. અલ્લાહ આ રિસાલાના લેખકથી રાજી રહે અને તેને પોતાની ઈનાયતોથી રાજી કરે અને તેની તમામ નેક તથા પાકીઝા ઉમ્મીદોને બર લાવે. (આમીન) *-(અદ્દવલતુલ મક્કિયહ, પેજ-૪૭૭)*

**(૪) હંબલીઓના મુફ્તી શયખ અબ્દુલ્લાહ ઈબ્ને હમીદ** (મક્કા મુકર્રમા) :–

મેં આ રિસાલો જોયો જેને દરેક સરદારે કબૂલ કર્યો. તેની યકીન દેવડાવનારી દલીલોના આફતાબોએ દરેક અંધકારને દૂર કરી દીધો. અને તેની હિદાયતનાં નૂર આ ઉમ્મત પર ચમકયાં તો આ કૌલ સાચો ઠર્યો, **વલા અયબુન ફી હિમ ગયરઅન સુયૂફેહિમ–બિહિન્ન ફલવ્લુ મિકરાઈલ કિતાએબી.**

તેથી તેના હાસ્ય વેરતા દાંતોનો બોસો લેતાં મેં અલ્લાહ સબ્હાનહૂ વ તઆલાની બેશુમાર હમ્દ કરી અને જો અત્યારે મારે વઝૂ હોત તો શુક્રના સિજદામાં પડી જાત કે તેણે અમારી અંદર આવો આલિમ મુહક્કિક તથા મુદક્કિક મોકલીને એહસાન ફર્માવ્યું. જમાનાના અસ્તિત્વ સુધી તેના ઈલ્મનું ઝાડ ફેલાતું રહે. *(પેજ–૨૫, અદ્દવલતુલ મક્કિયહ)*

**(૫) શયખુલ ઉલમા મુફતીએ શાફઈય્યહ મુહમ્મદ સઈદ ઈબ્ને મુહમ્મદ બાબસીલ મક્કા મુકર્રમા :**

ફાઝિલે કામિલ સૈયદી અહમદ રઝાખાંના "અદ્દવતુલ મક્કિયહ્" નામના રિસાલાની ત્રણ કારણે મોટી હૈષિયત છે :–

**પ્રથમ** : એ કે તેઓ ઉલૂમે શરીઅતના ઉસૂલ તથા ફુરૂઅમાં ખૂબ જ મુહક્કિક તથા મુદક્કિક છે અને જે દિશામાં રૂખ કરે તે ક્ષેત્રના સરદાર છે.

**બીજુ** : આ કિતાબ હુઝૂર ﷺની હુસ્ને તા'ઝીમ તથા આદાબમાં બેમિષાલ છે.

**ત્રીજુ** : એ કે તેને હજના સમયે ખૂબ જ ટૂંકા ગાળામાં લખવામાં આવી.

આ રિસાલો ઉલમાએ હરમૈનની નજીક ખૂબ જ મકબૂલ થયો અને તમામ ઉલમાએ તેના ઉપર પ્રશંસાના પુષ્પો વેર્યાં. આપને ખૂબ જ દાદ આપી છતાં તે સર્વ પણ મુસન્નિફ (લેખક)ની કદર તથા રૂત્બાથી કમ છે. *(મુલખ્ખસ, પેજ–૧૭, અદ્દવલતુલ મક્કિયહ)*

**(૬) મુફતીએ માલિકિયહ શયખ અહમદુલ જઝાઈરી ઈબ્ને સૈયદ અહમદ મદની મદીના મુનવ્વરહ :**

અલ્લામાએ ઝમાં, યકતાએ રોઝગાર, સરચશ્મએ મઅરેફત, સૈયદ અદનાનની નજરોના મરકઝ, હઝરત મૌલાના શયખ અહમદ રઝા, અલ્લાહ તઆલા તેમની વયને લાંબી ફર્માવે. દરેક તૌફીકવાળા, સમજદાર તેનાથી લાભ પામશે અને દરેક ગુનેહગાર તથા બદકાર અને આક્ષેપ કરનાર કાંપી ઉઠશે. *(પેશ–૭૫)*

**(૭) સૈયદ હુસૈન ઈબ્ને અલ્લામહ સૈયદ અબ્દુલકાદિર તરાબુલ્સી મુદર્રિસ મસ્જિદે નબવી મદીના તૈયબાહ :**

હમ્દો નઅત પછી, જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના આ હકીર બંદા પર આ એહસાન ફર્માવ્યું કે હું તેમના આસ્તાનાથી શરફયાબ થયો. જે અલ્લામહએ કામિલ અને અતિશય સમજવાળા પ્રખ્યાત હામીએ મિલ્લતે મુહમ્મહિયહ તાહિરા, મજદ્દિદે મિઅતે હાઝરા, સૈયદી વ ઉસ્તાઝી હઝરત મૌલાના અહમદ રઝાખાં છે. *(પેજ–૮૩)*

**(૮) મુફતીએ માલિકિયહ શયખ સૈયદ અહમદ અલ્વી ઈબ્ને સૈયદ અહમદ બાફકીહ હુસૈની અલ્વી મદીના મુનવ્વરા :–**

તમામ ફાઝિલોથી અફઝલ, આકિલોથી વધુ દાનિશમંદ, ફખરુસ્સફ, કુદવતુલ ખલફ, હઝરત અહમદ રઝાખાં બરેલ્વી. અલ્લાહ તઆલા તેના પોશીદા લુત્ફ તથા મહેરબાનીથી તેમની સાથે મામલો કરે.

....અને આ કિતાબ બેશક ! એ લાયક છે કે **શાહીને બદલે સોનાથી** લખવામાં આવે. *(અદ્દવલતુલમક્કિયહ, પેજ–૯૩)*

### (૯) શયખ અબ્દુર્રહમાન હન્ફી મુદર્રિસ જામેઅ અઝહર–મિસર :

મને મારી ઉમરની કસમ ! લેખકે (અહમદ રઝાએ) રિસાલામાં પુષ્કળ દલીલો વર્ણન કરી દીધી છે અને હસદ કરવાવાળાના માટે તો લાંબી ઈબારતો પણ અપૂર્ણ હોય છે. *(પેજ–૫૪૧)*

### (૧૦) શયખ અબ્દુલ્લાહ હમ્બલી નાબેલ્સી, મસ્જિદે નબવી, મદીના તૈયબાહ :

તેઓ સમયની દુર્લભ વ્યક્તિ અને ઝમાનાનું નૂર, આલિમે બાઅમલ, ઉચ્ચ હોંસલાવાળા, ફાઝિલે મસાઈલ અને મુશ્કેલ હુકમોની તેહકીક કરવાવાળા અને દલીલો તથા બરાહિન વડે તેને વધુ ને વધુ મજબૂત કરવાવાળા, મોઅઝ્ઝઝ્ મશાઈખ અને ફુઝલાના સરદાર, ખરેખર તે ઝમાનાનું ગૌહર, નિહક્રા કાઝીઉલ કુઝા, શયખ અહમદ રઝાખાં ! ખુદા તેમની જિંદગીથી અમને ફાયદો પહોંચાડે અને અમારા પર અને તમામ મુસલમાનો પર તેમનો ફયઝ વહેતો રાખે, આમીન. *(પેજ : ૯૬, ૯૭)*

આ થોડીક તકરીઝાત (પ્રશંસા કરતાં લખાણો) આપની સમક્ષ નમૂના રૂપે રજૂ કરી દેવામાં આવી અને તેમાં પણ વીણીને લીધેલાં લખાણો છે. અન્ય અરબ તથા અજમના ઉલમાએ પણ પ્રશંસા તથા સમર્થનોથી નવાજ્યા છે જેમાંથી કેટલી હજી છપાયેલ પણ નથી. તે તમામને લખવામાં આ લખાણ લંબાઈ જાય છે તેથી આટલેથી જ અટકીએ છીએ, જેને જાણવું હોય તે મૂળ કિતાબ વાંચી લે. તે સમયના તમામ ઉલમાએ એકી ઝબાને આપને પોતાના સમયના ઈમામ તથા મુકતદા, ઉલૂમો ફુનૂનથી સજ્જ, ફૂયુઝો બરકાતના સરચશ્મા, ઈસ્લામના દાઈ (દાવત દેનાર) તથા પ્રચારક (મુબલ્લિગ) અને હાલની સદીના મુજદ્દિદે બરહક્ક સ્વીકાર્યા છે. તેમ છતાં પણ આપના ઈલ્મ તથા ફયૂઝ, આપના દીની તથા મિલ્લી કારનામાંઓ અને આપની મહાન શખ્સિયતનો ઈન્કાર એ ચઢતા સૂરજના અસ્તિત્વના ઈન્કારની જેમ છે. –*(બહવાલા ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશકી નઝરમેં, અઝ : અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી)*

પેજ નં. ૩૫ નું ચાલુ..

ફર્માવવામાં આવ્યું :–

اِلَّا مَنْ تَوَلّٰى وَ كَفَرَ ۝ فَيُعَذِّبُهُ اللّٰهُ الْعَذَابَ الْاَكْبَرَ ۝

"અલ્બત્ત ! જે શખ્સ મોં ફેરવશે અને ઈન્કાર કરશે તો અલ્લાહ તેને ભારે સજા આપશે." *(સૂ. ગાશિયહ, ૮૮/૨૨, ૨૩)*

### ★ ચહેરાના મામલામાં આટલો સાવચેત માનવી અંજામથી લાપરવા કેમ ? ★

માણસ પોતાના ચહેરાના મામલામાં ખૂબ જ સાવચેત હોય છે, જરા સરખો ડાઘ અને જરા સરખુ નિશાન પણ એને નાપસંદ પડે છે. તલ, ખીલ અને મસ જેવી નાની સરખી ચીજ પણ તેને નાપસંદ પડે છે. એ જ પ્રમાણે મોઢા પર તમાચા મારવામાં પણ તે ઘણુ જ અપમાન સમજે છે. ઈસ્લામમાં પણ ચહેરા પર મારવાની મનાઈ છે, ત્યાં સુધી કે જાનવરોના ચહેરા પર મારવાથી પણ હોસલાભંગ કરવામાં આવેલ છે, પરંતુ આશ્ચર્યનો મકામ છે કે ચહેરાના મામલામાં આટલો સચેત હોવા છતાં પોતાના ચહેરાને આગની લપેટ, જહન્નમની જ્યોત, દોઝખના ધૂમાડાઓ અને અઝાબની ગરમીથી બચાવવાના મામલામાં તે આટલો લાપરવા કેમ છે ? આખેરતનો આવો ભયાનક મંઝર કે જ્યારે ખુદ આપણો ચહેરો પણ આપણા કરતૂતોની ચુગલી ખાય રહ્યો હોય, એવામાં પણ આપણે આટલા નીડર તથા લાપરવા છીએ ! આખરે શા માટે ?!

### ★ રબને મોઢું બતાવવાનું છે ! ★

જી હા ! એ દિવસ પણ આવનારો છે કે જ્યારે આપણે આપણા રબને મોં દેખાડીશું, પરંતું શું આપણા અમલો પણ એવા છે કે આપણે મોઢું દેખાડવાને પાત્ર બનીએ ?! એનો જવાબ આપણે આપણી આંખ બંધ થવાના અને દિલની ધડકનો રોકાવાના પહેલાં વિચારી લેવો જોઈએ.

–*(માહનામા નૂરુલ હબીબ–પાક, ઓક્ટોબર–૧૫)*

# શાહઝાદાએ મહબૂબે મિલ્લત

# મૌલાના મન્સૂરઅલીખાં

## ચલ બસે !

**(કાર્યાલય)**

સુન્ની જગતની મહાન મર્તબાવાળી શખ્સિયત, ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, શાહઝાદાએ મહબૂબે મિલ્લત, ફાતેહે કર્નાટક, મુનાઝિરે ઈસ્લામ હઝરત અલ્લામા મન્સૂર અલીખાં સાહબ કિ઼બ્લા ૨૧–ઝીલ હજ્જ હિ. ૧૪૩૬ અંગ્રેજી તા. ૬/૧૦/૨૦૧૫ મંગળવારે ઈન્તેકા઼લ કરી ગયા. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ આપે ૫૪ વરસના લાંબા અરસા સુધી સુન્ની બડી મસ્જિદ–મદનપુરા, મુંબઈમાં ઈમામત ફર્માવી. જીવતપર્યંત સુન્ની જમીઅતુલ ઉલમાના સેક્રેટરી રહ્યા. પોતાની તક઼રીરો વડે લાંબા ગાળા સુધી એહલે સુન્નત વ જમાઅતની તબ્લીગ તથા પ્રચાર તેમજ સામાજિક, કૌમી, ધાર્મિક, તથા રાજનૈતિક ક્ષેત્રે મુસ્લિમ કૌ઼મની રહનુમાઈ તથા આગેવાની કરતા રહ્યા. ઈ.સ. ૧૯૬૫માં પોતાના વાલિદ માજિદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો વિસાલ થતાં કેવળ ૧૭ વરસની વયે ઘરેલુ તથા દીની બંનેવ જિમ્મેદારીઓ આપના ખભાઓ પર આવી હતી, ત્યારથી લઈને વિસાલ સુધી એ જિમ્મેદારીઓને આપે ખૂબીપૂર્વક નિભાવી. લેખન તથા તક઼રીરના ઉમદા શોખની સાથે લીડરશીપની કાબેલિયતોથી પણ આપ સજ્જ હતા. જેનો દરેક આમ તથા ખાસ સાક્ષી છે. આપે પોતે પણ કિતાબો લખી અને પોતાના પિતાની એક ડઝનથી વધુ કિતાબો પ્રકાશિત કરાવી. આપની કિતાબ "ખ્વાબોંકી બારાત"ને ખૂબ જ મક઼બૂલિયત મળી. આપની તક઼રીરોથી ઘણા બધા લોકો સન્માર્ગે આવ્યા. આપ સાદાતની ઘણી ઈજ્જત કરતા હતા. આંધ્રના મોટાભાગના વિસ્તારોની સુન્નિયતને પુરબહાર અને ઝિંદા કરવામાં આપે રોલ અદા કર્યો છે. બુઝુર્ગોના આશિક઼ તથા શયદા હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ તથા અન્ય મહાન હસ્તીઓ સાથે, મુફતીએ માલવા મુફતી રિદ્‌વાનુર્રહમાન ફારૂક઼ી તથા મુફતીએ આ'ઝમ મહારાષ્ટ્ર અલ્લામા મુફતી ગુલામ મુહમ્મદ ખાન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ પર વિશ્વાસ ધરાવતા હતા અને હમેશાં એ બુઝુર્ગો સાથે સંપર્કમાં રહ્યા કરતા હતા. આપના ઈન્તેક઼ાલની દુઃખદ ઘટના પર મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાંખાન આઝમી સાહબે પણ રંજો ગમનો ઈઝહાર કર્યો. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ પોતાના તઅઝીયતી પૈગામમાં કહ્યું કે હઝરત અલ્લામા મન્સૂર અલીખાં સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ મારા બચપનમાં અમારા વતન જુનાગઢ તથા જામનગર કાઠિયાવાડ તથા ગુજરાતના અન્ય વિસ્તારોમાં મુહર્રમ શરીફના બયાનો માટે મોટાભાગે તશરીફ લાવતા હતા. મૌલાના સાહબના ઉતારાની તથા જમવાની વ્યવસ્થા મારા વાલિદે મોહતરમ મર્હૂમ અબ્દુલ કરીમ મેમન નૂરી સાહબ કર્યા કરતા હતા. એ રીતે અમારા ઘર સાથે આપનો જૂનો નિકટનો સંબધ હતો. આપ સુન્ની દા'વતે ઈસ્લામીના આલમી સુન્ની ઈજતેમામાં ખિતાબ આપવા કેટલીયેવાર તશરીફ લાવી ચૂક્યા છે. આપ ઘણા જ મિલનસાર, નમ્ર સ્વભાવના અને ઉમ્મતની એકતા માટે ખૂબ જ કોશિશ કરનારા હતા. જેનો અંદાજો કાલે એમના જનાઝામાં આવેલી ઉલમા તથા અવામ તથા ખવાસની ભીડ પરથી પણ લગાડી શકાય છે. આપે જુલૂસે ગૌષિયા થકી ઈત્તેહાદે સુન્નિયતને પ્રદર્શિત કરી. સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતની આલમગીર તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામી તરફથી તેહરીકના તમામ ઈદારાઓમાં હઝરત મૌસૂફના માટે ઈસાલે સવાબ તથા દુઆનું આયોજન કરવામાં આવ્યું. અલ્લાહ તઆલા આપને જન્નતુલ ફિરદૌસમાં આ'લા દરજાઓથી નવાઝે અને તેમની દીની ખિદમતોને કબૂલિયતના શરફથી નવાઝે.

**શાદી મુબારક : જંબુસર** : ખાતેના મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના ઈબ્રાહીમ (*S/o.* હાફિઝ યૂસુફ પટેલ)ના નિકાહ તા. ૧૧/૧૨/૨૦૧૫ રવિવારના રોજ ઝહોર બાદ મેસરાડ મુક઼ામે ફરહીન (*D/o.* અ. સમદ યાકૂબ પીર) સાથે થયા. સલાતો સલામ સાથે જૂલુસ મંડપે પહોંચ્યું જ્યાં નઅત શરીફ બાદ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહીએ નિકાહ પઢાવ્યા. ઉલમા, હુફ્ફાઝ તથા મુબલ્લિગોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. દુલ્હા–દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ !
*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# "સુન્ની દા'વતે ઈસ્લામી"ની ❑ ગતિવિધિઓ.... ❑

## સાધલી, દયાદરા તથા ભરૂચમાં ઈજતેમાઓ

તા. ૫/૧૦/૨૦૧૫ સોમવારે ઈશા બાદ **સાધલી** મુકામે "જશ્ને સૈયદ નૂરાની" હઝરત સૈયદ તાહિર બાપુ પેટલાદવાળાની સદારતમાં અન્ય સાદાતે કિરામ, ઉલમા તથા મુબલ્લિગોની હાજરીમાં મનાવાયો જેમાં ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ઈસ્લાહે મુઆશિરા પર બયાન કર્યું. બહોળી સંખ્યામાં અવામે હાજરી આપી હતી. તા. ૬/૧૦/૨૦૧૫ મંગળવારે ઝહોરથી અસર સુધી **દયાદરા** મદ્રસા મઝહેરુલ ઉલૂમના હોલમાં **બહેનોના** ઈજતેમામાં રૂબીના આપા, રિઝવાના આપા વગેરે આલિમા બહેનોએ નઅત, મન્કબત, બયાન કર્યા બાદ પર્દા હેઠળથી મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબે ઔરતોની ઈસ્લાહ સંબંધી અસરકારક બયાન કર્યું છેવટમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી સાહબે નવયુવાન બહેનોની ઈસ્લાહ કરતુ ફેશન સંબંધે બયાન તથા કુટુંબમાં મહોબ્બત, સાસુ વહુમાં મહોબ્બત પ્રેરતુ, દિલને ઝંઝોળતુ બયાન કર્યું હતું. સ્થાનિક તથા આસપાસના ગામો જંબુસર, પારખેત, હલદરવા, ટંકારીઆ, ખોજબલ, આમોદ વગેરેથી મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી.

ત્યારબાદ **દયાદરા** ખાતે જ અસરથી ઈશા સુધી મુખ્તારૂલ મસાજિદમાં ભાઈઓ માટે ઈજતેમા થયો જેમાં પ્રથમ મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબે દીનની ખિદમત સંબંધે પ્રોત્સાહિત કરતુ બયાન કર્યું ત્યારબાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી સાહબે એ જ વિષયે નવયુવાનોને ઝંઝોળ્યા હતા. મગરિબ બાદ પેશ ઈમામ કારી મકસૂદ કાવીવાળા સાહબે નઅતે પાક પેશ કરી પછી હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી સાહબે દીનને ખાતર નબી ﷺ તથા સહાબાએ કિરામે કેવી તકલીફો વેઠી તેનો ચિતાર રજૂ કરતાં મજમામાં કેટલીયે આંખો અશ્રુમય થઈ ગઈ હતી.

એ જ પ્રમાણે ઈશા બાદ **ભરૂચ** સબ જેલ ગ્રાઉન્ડ પર સંતોષી વસાહત નજીક હઝરત સૈયદ અમીનઅલી સાહબે દીન પ્રતિ આકર્ષતું તથા દેશના વર્તમાન હાલાતને આવરી લેતું બયાન હજારોના મજમા સમક્ષ કર્યું હતું. સર્વ ઈજતેમાઓ ખૂબ જ કામયાબ રહ્યા.

**જંબુસર :** સુન્ની દા'વતે ઈસ્લામી શાખાના મુબલ્લિગો મૌલાના ઈબ્રાહીમ સાહબ તથા મૌલાના ઝહીર મિસ્બાહી થકી વિવિધ મસ્જિદોમાં દર્સ તથા હફતાવારી ઈજતેમા, રવિવારે કાફલા ઉપરાંત મૌલાના ઝહીર સાહબ થકી ૧૪/૧૦/૨૦૧૫ બહેનો માટે ઈજતેમા થયો. તા. ૧૫ ઝહોર બાદ **વાગરા** ખાતે બહેનો માટે ઈજતેમા અને ઈશા બાદ "જશ્ને શહીદે આ'ઝમ" વાગરા નૂરાની મસ્જિદમાં, તા. ૧૬, ૧૭ નાપા, તા. ૧૮/૧૦/૨૦૧૫ રવિવારે અસર બાદ દયાદરા હપ્તાવારી ઈજતેમા, અને ઈશા બાદ નાપાડ શહીદે આ'ઝમ પર બયાન, તા. ૧૯/૧૦/૨૦૧૫ જંબુસર હપ્તાવારી ઈજતેમા, ૨૦ તારીખે બોડેલી, ૨૧ તારીખે કોસંબા, ૨૨–૨૩ ઓકટો. ભાવનગર જશ્ને શોહદાએ કર્બલામાં બયાન, ૨૪–ઓકટો. ૧૦ મુહર્રમે ઈશા બાદ મોટા ચકલા દયાદરા યાદે શોહદાએ કર્બલા પર બયાન, સવારે દયાદરા મસ્જિદમાં પણ બયાન.

**પાલેજ :** સુન્ની દા'વતે ઈસ્લામી શાખાના મુબલ્લિગો ઈમરાનભાઈ, યૂસુફભાઈ પાલેજવાળા, અઝહરભાઈ પારખેતી તથા સાથીઓ યૂસુફભાઈ ખત્રી–ડભોઈ વગેરે થકી તા. ૪/૧૦/૨૦૧૫ના રોજ કનાયડા કાફલો ગયો હતો જ્યાં તર્બિયતી ઈજતેમા યોજાયો. એ જ પ્રમાણે દર રવિવારે હિગલ્લા અસરથી ઈશા સુધી કાફલો રહ્યો, તા. ૧૦/૧૦/૨૦૧૫ સાધલી, ૨૦/૧૦/૨૦૧૫ કાસદ, ૨૧/૯/૨૦૧૫ પારખેત, ૨૨/૯/૨૦૧૫ સાયર, ૧/૧૦/૨૦૧૫ કીયા, ૨/૧૦/૨૦૧૫ મકરપુરા, ૩/૧૦/૨૦૧૫ ડભોઈ કાઝી મસ્જિદ, ૪/૧૦/૨૦૧૫ ગામડી, ૫/૧૦/૨૦૧૫ સાધલી, ૬/૧૦/૨૦૧૫ રહાડપોર...વગેરેએ તર્બિયતી કાફલાની સેટિંગ થઈ હતી. **આમોદ :** દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદથી રાબેતા મુજબ આમોદ તેમજ આસપાસ તર્બિયતી કાફલા તલબા તથા ઉસ્તાદ સાથે દર જુમેરાતે નીકળ્યા હતા. **ભરૂચ :** હપ્તાવારી ઈજતેમા હુસૈની મસ્જિદ (નેશનલ પાર્ક), મદીના મસ્જિદ–ભોલાવ, બહારની ઊંડાઈ મસ્જિદ, બાવડી સીદીમિયાં મસ્જિદે થયા ઉપરાંત ફયઝાને રઝા ઈબાદતગાહ ખાતે અસર બાદ દર્સ તેમજ તા. ૩૦/૯/૨૦૧૫ના રોજ ભરૂચ, સૂરત, પાલેજ, જંબુસર, ડભોઈ, બોડેલી, કોસંબા, આમોદ, વડોદરા વગેરે સ્થળોના સુન્ની દા'વતે ઈસ્લામીના **મુબલ્લિગોની એક મિટિંગ** ભોલાવ મદીના મસ્જિદે સવારના દસ વાગ્યાથી સાંજના ચાર સુધી ચાલેલી જેમાં ઉપરોક્ત સ્થળોએથી મુબલ્લિગો તથા ઉલમા હઝરાતે ખાસ હાજરી આપી દીની તબ્લીગના કાર્યને સતેજ કરવા વિવિધ ચર્ચાઓ તથા સૂચનો કર્યા હતાં.

## બરકાતે ખ્વાજાની ટપાલ........ કાર્યાલય

### :: અલ્લાહ જઝાએ ખૈર આપે ::

**બોલ્ટન :** ખાતેથી **હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળા** થકી ગુજરાતના વિવિધ દારુલ ઉલૂમોમાં અવાર નવાર કિતાબો આપવામાં આવી છે. હાલમાં તફસીરે સૂરએ અલમ નશ્રહ, આદાબુસ્સાલિકીન, જાન હૈ ઈશ્કે મુસ્તફા ﷺ, કશ્ફુલ ફરાઈદ, શરહે તફસીરે જલાલૈન, નેઅમુલ બારી શરહે સહીહુલ બુખારી, ફતાવા મુફતીએ આ'ઝમ.... વગેરે કિતાબોનો સેટ દયાદરા, ભરૂચ, આમોદ, ચાંચવેલ, ટંકારીઆ, જંબુસર, નવસારી, અમદાવાદ, મુંબઈ વગેરે દારુલ ઉલૂમોમાં પહોંચાડેલ છે. રબ્બે કરીમ તેમને એનો બેહતરીન અજર અતા કરે, એમની ઔલાદને નેક તથા સાલેહ બનાવે, એમની ઉમ્રમાં, ઈલ્મમાં અનેક ગણી બરકતો અતા ફર્માવે, બંને જહાનમાં ખુશો ખુર્રમ રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*

## બિલાલે આ'ઝમ કોન્ફરન્સ

**તલાલા (ગીર)** : જિ. સોમનાથ અહીં માં સાહીબા માં યંગ કમિટી દ્વારા આશિકે રસૂલ હઝરત સૈયદના બિલાલે હબ્શી رضی اللہ عنہ ની યાદમાં બિલાલે આ'ઝમ કોન્ફરન્સ તા. ૧૨–૯–૨૦૧૫ શનિવારે રાત્રે ૧૦–૦૦ કલાકે રઝા નગર, હુસૈની ચોકમાં પીરે તરીકત, ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરી બાબા સાહેબ (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ–જૂનાગઢ)ની સદારતમાં થઈ જેમાં બરેલી શરીફથી નબીરએ આ'લા હઝરત, હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ તૌસીફ રઝાખાન સાહેબ તથા હઝરત અલ્લામા મુફતી હબીબુર્રહમાન સાહેબ, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહેબ નૂરી, હઝરત મૌલાના સૈયદ અમીનમિંયા સાહેબ વગેરે આલિમોએ ખાસ હાજર રહી શાનદાર તકરીરો ફર્માવી હતી. તેમજ અન્ય સ્થાનિક તથા વેરાવળ વગેરેના નઅતખ્વાં, ઉલમા હાજર રહ્યા હતા. *–(રજૂ : સુન્ની યંગ કમિટી, તલાલા)*

## :: ઈન્તેકાલે પુરમલાલ ! ::

**સૂતરેલ** : મુકામે તા. ૧૭/૯/૨૦૧૫, ૨–ઝીલ હજ્જ હિ. ૧૪૩૬ના રોજ ઈબ્રાહીમ માસ્તર સૂતરેલવાળાના ભાઈ જનાબ અબ્દુલ્લાહ વલી પટેલ (બાબુભાઈ)નો હાર્ટની તકલીફમાં અચાનક દુઃખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) ❒ **નબીપુર** : મુકામે તા. ૮/૧૦/૨૦૧૫ ૨૩ ઝીલહજ્જ હિ. ૧૪૩૬ જુમેરાતે ભીખાભાઈ ડેમાનો ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ બીજા દિવસે અસરની નમાઝ બાદ રાખવામાં આવી. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) ❒ **વડોદરા** : ખાતે સલીમભાઈ મન્સૂરી ટેકનોપ્રિન્ટવાળાના ભાઈ, ભાભી તથા બહેન અનુક્રમે મુહમ્મદ રફીક ગુલામમુહમ્મદ મન્સૂરી, હુસ્નાબાનુ મન્સૂરી તથા સલમાબીબી, ત્રણેવનો હજ–૨૦૧૫માં ૧૦ ઝીલ હજ્જના રોજ મિનામાં થયેલ ભાગ દોડની ઘટનામાં દુઃખદ ઈન્તેકાલ થયો છે. એઓની તેમજ દુનિયાભરના અન્ય હજારો મૃતકોમાંના સર્વ ઈમાનવાળાઓની રબ્બે કરીમ મગફિરત ફર્માવે, શહાદતનો દરજ્જો અતા કરે અને તેના મહબૂબ ﷺના સદકામાં જન્નતમાં ઉચ્ચ મકામ અતા કરે. તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ તથા અજરે અઝીમ અતા કરે. (આમીન)

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*